

# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષ: ૦૨ અંક : ૧૩ તા.૨૭.૦૭.૨૦૨૪, શનિવાર પાના: ૬ કિંમત: રૂા.૧ રજી.ઓફિસ: ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 13 Dt. 27-07-2024, Saturday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


**સુવિચાર**
હારવાના ભય કરતા
જીતવાની મહત્વકાંક્ષા
વધારે હશે તો સફળતા
તમારા હાથ માં હશે

# આતંકી આકાઓના ઇરાદાઓ ક્યારેય પૂરા નહીં થાય : મોદી

**કારગિલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી લદ્દાખના કારગિલ પહોંચ્યા હતા જ્યા તેમણે ૧૯૯૯ના યુદ્ધના શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પછી, પાકિસ્તાનને ચેતવણી આપતાં તેમણે કહ્યું હતુ કે હું જ્યાં ઊભો છું ત્યાંથી મારો અવાજ આતંકવાદના આકાઓ સુધી પહોંચી રહ્યો છે. પણ તેમના ઈરાદાઓ ક્યારેય પૂરા નહી થાય**

લદ્દાખ,તા.૨૬

કારગિલ વિજય દિવસ દર વર્ષે ૨૬ જુલાઈએ દેશમાં ઉજવવામાં આવે છે. આ દિવસ તે શહીદોને યાદ કરવા માટે ઉજવવામાં આવે છે, જેમણે ૧૯૯૯ ના કારગિલ યુદ્ધમાં પાકિસ્તાનને હરાવીને શહીદી પ્રાપ્ત કરી હતી. દેશ આ દિવસે તેમની શહાદતને સલામ કરે છે. આ ઉપરાંત આ દિવસ ૧૯૯૯ના કારગિલ યુદ્ધમાં પાકિસ્તાન પર દેશની જીતની ઉજવણી પણ કરે છે અને ઓપરેશન વિજયની સફળતાનું પ્રતીક છે. ઓપરેશન વિજયમાં, ભારતીય સશસ્ત્ર દળોએ જમ્મુ અને કાશ્મીરના કારગિલ જિલ્લાના તે વિસ્તારોને ફરીથી કબજે કર્યા જ્યાં પાકિસ્તાની સૈનિકો અને આતંકવાદીઓ ઘૂસણખોરી કરી ચૂક્યા હતા. આ વર્ષે કારગિલ વિજય દિવસ શુક્રવાર (૨૬ જુલાઈ) ઉજવવામાં આવી રહ્યો છે. કારગિલ યુદ્ધમાં ભારતની જીતની આ ૨૫મી વર્ષગાંઠ છે. કારગિલ વિજય દિવસના અવસર પર દેશમાં ઘણી જગ્યાએ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જ્યાં લોકો વીરોને યાદ કરે છે.

એક તરફ જમ્મુ-કાશ્મીરમાં ફરી આંતકવાદે માથું ઉંચક્યું છે. અને આ મુદ્દે વિપક્ષ સરકાર પર સવાલો ઉઠાવી રહી છે તે વચ્ચે આજે કારગીલ પહોંચેલા વડાપ્રધાનનરેન્દ્રમોદીએહુંકારકર્યોહતોઅને પાકિસ્તાનને ચેતવણી આપતા તેઓએ આંતકવાદને આડે હાથ લીધો હતો. કારગિલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ પાકિસ્તાનને ચેતવણી આપતાં કહ્યું હતુ કે હું જ્યાં ઊભો છું ત્યાંથી મારો અવાજ આતંકવાદના આકાઓ સુધી પહોંચી રહ્યો છે.પાકિસ્તાનને ચેતવણી આપતા તેમણે કહ્યું - હું જ્યાં ઊભો છું ત્યાંથી મારો અવાજ આતંકવાદના આકાઓ સુધી પહોંચી રહ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે દ્રાસમાં કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના કારગીલ પહોંચી ગયા હતા. અહીં તેમણે કારગીલ વિજય દિવસના પ્રસંગે વોર મેમોરિયલ પહોંચીને પાકિસ્તાનની વિરુદ્ધના જંગમાં શહીદ થનાર જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. પીએમ મોદીએ કારગીલથી પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું કે તે તેના નાપાક ઈરાદા ક્યારેય સફળ થશે નહીં. ૧૯૯૯ના યુદ્ધમાં પાકિસ્તાન પર ભારતની જીતની યાદમાં આજે સમગ્ર દેશમાં કારગિલ વિજય દિવસ મનાવવામાં આવી રહ્યો છે.

પીએમ મોદીએ લદ્દાખમાં શિંકુન લા સુરંગ પરિયોજનાની પણ પ્રથમ બ્લાસ્ટની સાથે શરૂઆત કરી હતી. વડાપ્રધાન કાર્યાલયના જણાવ્યા અનુસાર આ પરિયોજના લેહને તમામ મોસમમાં સપર્ક પ્રદાન કરશે અને આ યોજના પૂર્ણ થવા પર વિશ્વની સૌથી ઉંચી સુરંગ હશે. છેલ્લા થોડા વર્ષમાં સરકાર લદ્દાખમાં ખૂબ જ વધુ ફોકસ કરી રહી છે. અહીં ઘણા મુખ્ય રસ્તાઓનું રિપેરિંગ કરાવવામાં આવ્યું છે અને નવા રસ્તાઓ અને પુલો બનાવવામાં આવ્યા છે.



**વડાપ્રધાને કારગીલ વિજય દિવસ પર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી**

કારગિલમાં શહીદોને શ્રદ્ધાંજલિ આપ્યા પછી લોકોને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે કારગિલ વિજય દિવસ આપણને જણાવે છે કે રાષ્ટ્ર માટે આપવામાં આવેલા બલિદાન અમર થઈ જાય છે.

દિવસો, મહીનાઓ, દશકાઓ અને સદીઓ પસાર થઈ જાય છે પરંતુ રાષ્ટ્રની રક્ષા માટે પોતાના જીવની બાજી લગાવનારાઓનું નામ અમર થઈ જાય છે. કારગિલમાં આપણે માત્ર યુદ્ધ જ જીત્યું નહોતું આપણે સત્ય, સંયમ અને સામર્થ્યનો અદભૂત પરિચય આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે હું નસીબદાર છું કે કારગિલ યુદ્ધના સમયે એક સામાન્ય નાગરિકની જેમ હું આપણા સૈનિકોની વચ્ચે હતો.

આજે જ્યારે હું ફરી કારગિલની ધરતી પર છું તો સ્વાભાવિક છે કે તે સ્મૃતિઓ મારા મનમાં તાજી થઈ જાય છે. મને યાદ છે કે કઈ રીતે આપણી સેનાઓએ આટલી ઉંચાઈ પર આટલા કઠિન યુદ્ધ ઓપરેશનને પાર પાડ્યું હતું. હું તે શહીદોને નમન કરું છું, જેમણે કારગિલમાં માતૃભૂમિની રક્ષા માટે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપ્યું છે.

પાકિસ્તાન પર શાબ્દિક હુમલો કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે કારગિલમાં અમે માત્ર યુદ્ધ જ જીત્યું નહોતું. અમે સત્ય, સંયમ અને સામર્થ્યનો અદભુત પરિચય આપ્યો હતો. તમે જાણો છો કે ભારત તે સમયે શાંતિ માટે પ્રયત્ન કરી રહ્યું હતું. જોકે પાકિસ્તાને ફરી એક વખત પોતાનો અવિશ્વાસી ચેહેરો બતાવ્યો પરંતુ સત્યની સામે અસત્ય અને આતંકની હાર થઈ હતી.

## નિવેદનથી પાકિસ્તાનમાં હંગામો

આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપતા પીએમ મોદીના નિવેદનથી પાકિસ્તાનમાં હલચલ મચી ગઈ છે જેમ જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આતંકવાદીઓના આકાઓને જડબાતોડ જવાબ મળશે, પાકિસ્તાનમાં હલચલ વધી ગઈ છે. પાકિસ્તાને તેની ૧૦મી કોર્પ્સની ૨૩ ઈન્ફન્ટ્રી ડિવિઝનની બે બ્રિગેડની વધારા ની તૈનાતી કરી છે, એક ૩ પીઓકે બ્રિગેડમાં અને બીજી ૨ પીઓકે બ્રિગેડમાં. પાકિસ્તાન સીઝફાયરની આડમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યું હતું પરંતુ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બોલતાની સાથે જ પાકિસ્તાને પોતાના સંરક્ષણને મજબૂત બનાવવાનું શરૂ કર્યું અને પાછળના વિસ્તારોમાં પોતાની આર્ટિલરી પણ લગાવી દીધી. હાલમાં, ભારતીય સેના નિયંત્રણ રેખા પર સંપૂર્ણ નજર રાખી રહી છે અને તેની સાથે, ભારતીય સેના આંતરિક વિસ્તારોમાં આતંકવાદીઓને સક્રિયપણે શોધી રહી છે. જાણવા મળ્યું છે કે પાકિસ્તાની આર્મી ચીફ અને ચીફ ઓફ સ્ટાફે વીડિયો કોન્ફરન્સિંગ કરી છે અને તેઓ પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરના તમામ વરિષ્ઠ અધિકારીઓ સાથે સતત વાત કરી રહ્યા છે.

હાલમાં સુરક્ષા એજન્સી પાસે યોગ્ય ઈનપુટ છે કે પાકિસ્તાન તેના ગોઇ, થાંડી કાસી, મથરિયાની, બાલાવલી ઢોક, મંડોલ, કોલુ કી ખેરી, સાકરિયા, કોટલી, મોચી મોહરા, ગ્રીન બમ્પ, પોલાર અને મોહરા જેવા વિસ્તારોમાં આતંકવાદીઓ સાથે કામ કરી રહ્યું છે કમાન્ડોની બોર્ડર એક્શન ટીમ સાથે હાજર. તે જ સમયે, આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાની રેન્જર્સ સાથે આતંકવાદી મસૂરના મોટા ભાઈ, સુકમલ, ચપરરલ, લુની અને સકરોરી જેવા ઘણા વિસ્તારો છે, જ્યાં પાકિસ્તાની રેન્જર્સ ઘૂસણખોરોની સાથે જોવા મળ્યા હતા. હાલમાં જ્યાં ભારતીય સેના નિયંત્રણ રેખા પર સંપૂર્ણ તકેદારી સાથે પાકિસ્તાનની બોર્ડર એક્શન ટીમ તેમજ ઘૂસણખોરીના ષડયંત્રને નિષ્ફળ બનાવી રહી છે, તો બીજી તરફ તે જમ્મુમાં પોલીસની એસઓજી ટીમ સાથે મળીને કામ કરી રહી છે. આતંકવાદીઓને ખતમ કરવા માટે સૌથી મોટા ઓપરેશનમાં રોકાયેલ છે. આંતરરાષ્ટ્રીય સરહદ પર પણ, બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ) એ સુરંગ વિરોધી કામગીરી માટે આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે અને આંતરરાષ્ટ્રીય સરહદ પર તકેદારી વધારવામાં આવી છે.

## કોર્ટે નેમ પ્લેટ લગાવાના આદેશ પરનો અગાઉનો સ્ટે યથાવત રાખ્યો

ઉત્તર પ્રદેશમાં કાવડ યાત્રાના રૂટ પર આવતી ખાણી-પીણીની દુકાનો પર નેમ પ્લેટ લગાવવાના યોગી સરકારના નિર્ણય સામે કરેલી અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં કોર્ટે નેમ પ્લેટ લગાવવાના આદેશ પરનો અગાઉનો સ્ટે યથાવત રાખ્યો હતો. આ ઉપરાંત કોર્ટે ઉત્તરા ખંડ અને મધ્યપ્રદેશની સરકારોને આ મામલે જવાબ આપવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો છે. હવે આ કેસની આગામી સુનાવણી ત્રણ અઠવાડિયા બાદ સોમવારે થશે ત્યાં સુધી સુપ્રીમ કોર્ટનો સ્ટે યથાવત રહેશે. ઉત્તર પ્રદેશ સરકાર કાવડ યાત્રાના રૂટ પર નેમ પ્લેટના આદેશ સામે દાખલ કરવામાં આવેલી અરજીઓ વિરોધ કરીને અરજીઓને ફગાવી દેવા માટે કોર્ટને અપીલ કરી હતી. કાવડ યાત્રાના રૂટ પર નેમ પ્લેટ લગાવવાનો આદેશ સૌથી પહેલા મુઝફ્ફરનગરથી શરૂ કરવામાં આવ્યો હતો, બાદમાં યોગી સરકારે આ નિયમને સમગ્ર રાજ્યમાં લાગુ કરી દીધો હતો, ત્યારબાદ વિપક્ષે આ નિર્ણયનો જોરદાર વિરોધ કર્યો હતો. અને નિર્ણય પાછો લેવા પણ માગ કરી હતી. આ પછી સરકારના આ નિર્ણયની સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે ૨૨ જુલાઈએ વચગાળાનો સ્ટે લગાવતા આદેશમાં કહ્યું હતું કે દુકાનદારોએ તેમની ઓળખ જાહેર કરવાની જરૂર રહેશે નહીં. ૨૬ જુલાઈએ સુપ્રીમ કોર્ટમાં ઉત્તર પ્રદેશ સરકારે નેમ પ્લેટના નિર્ણય પર જવાબ આપતા કહ્યું હતું કે 'આ વિચાર પારદર્શિતા લાવવા અને સંભવિત ભ્રમથી બચવા અને શાંતિપૂર્ણ યાત્રાને સુનિશ્ચિત કરવાનો હતો.

## શેરબજારમાં મોટો ઉછાળો, રોકાણકારોએ એક જ દિવસમાં ૭ લાખ કરોડની કમાણી

આજે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શુક્રવારે શેરબજારમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ સેન્સેક્સ આજે ૧.૬૨ ટકા અથવા ૧૨૯૨ પોઈન્ટના વધારા સાથે ૮૧,૩૩૨ પર બંધ થયો હતો. બજાર બંધ સમયે સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૭ શેર લીલા નિશાન પર અને ૩ શેર લાલ નિશાન પર હતા. તે જ સમયે, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઇન્ડેક્સ નિફ્ટી આજે ૧.૭૬ ટકા અથવા ૪૨૮ પોઈન્ટના વધારા સાથે ૨૪,૮૩૪ પર બંધ થયા હતા. બજાર બંધ સમયે નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૪૭ શેર લીલા નિશાન પર અને ૩ શેર લાલ નિશાન પર હતા. બજારના આ ઉછાળાને કારણે આજે શેરબજારના રોકાણકારોને રૂ.૭ લાખ કરોડનો નફો થયો છે. નિફ્ટી પેક શેર્સમાં આજે શ્રીરામ ફાઈનાન્સ સૌથી વધુ ૯.૫૨ ટકાનો વધારો નોંધાયો હતો. આ સિવાય સિપ્લા ૫.૭૬ ટકા, ડિવિસ લેબ ૫.૩૮ ટકા, ભારતી એરટેલ ૪.૩૨ ટકા અને એપોલો હોસ્પિટલ ૪.૧૪ ટકા નોંધાયા હતા. તે જ સમયે, સૌથી મોટો ઘટાડો ઓએનજીસીમાં ૧.૦૪ ટકા, નેસ્લે ઈન્ડિયામાં ૦.૧૧ ટકા અને એચડીએફસી બેંકમાં ૦.૦૨ ટકા નોંધાયો હતો. આજે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શુક્રવારે તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાન પર બંધ થયા હતા. સૌથી વધુ વધારો નિફ્ટી મેટલમાં ૩.૩૦ ટકા, નિફ્ટી આઈટીમાં ૨.૩૫ ટકા અને નિફ્ટી હેલ્થકેર ઈન્ડેક્સમાં ૩.૦૭ ટકા નોંધાયો હતો. આ ઉપરાંત નિફ્ટી મિડસ્મોલ હેલ્થકેર ૧.૪૫ ટકા, નિફ્ટી ઓઈલ એન્ડ ગેસ ૦.૪૦ ટકા, નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૩૮ ટકા, નિફ્ટી રિયલ્ટી ૧ ટકા, નિફ્ટી પ્રાઈવેટ બેંક ૦.૯૨ ટકા, નિફ્ટી પીએસયુ બેંક ૧.૪૯ ટકા, નિફ્ટી ફાર્મા ૨.૭ ટકા વધ્યો હતો ૧.૭૭ ટકા, નિફ્ટી એફએમસીજી ૦.૮૭ ટકા, નિફ્ટી ફાઈનાન્શિયલ સર્વિસિસ ૧.૨૨ ટકા, નિફ્ટી ઓટો ૨.૪૩ ટકા અને નિફ્ટી બેંક ૦.૮૯ ટકા વધ્યા હતા.

## અગ્નિવીરોને ITBPમાં પણ મળશે અનામતનો લાભ

નિવૃત્ત અગ્નિવીરોના ભવિષ્ય માટે કેન્દ્ર સરકારે એક પછી એક જાહેરાતો કરવાની શરૂઆત કરી દીધી છે. હવે આઈટીબીપીમાં ભરતી દરમિયાન નિવૃત્ત અગ્નિવીરોને છૂટ અપાશે. આ એલાન આજે ગૃહ મંત્રાલયે તરફથી કરવામાં આવ્યું હતું. અગાઉ ગૃહ મંત્રાલયે જાણકારી આપી હતી કે પૂર્વ અગ્નિવીરો ને BSF, CISF, CRPF, SSB અને RPF ની નોકરીમાં ૧૦ ટકા અનામત આપવામાં આવશે. સાથે જ તેમની વયજૂથમાં પણ છૂટ અપાશે. ગૃહ મંત્રાલયના એક ટ્વિટમાં ITBP ના ડીજી રાહુલ રસગોત્રાએ કહ્યું કે ભૂતપૂર્વ અગ્નિવીરોને ITBP માં ભરતી કરવાની સંપૂર્ણ તૈયારી કરી લેવામાં આવી છે. અગ્નિવીરો તરીકે દળને વેલ ટ્રેઈન્ડ જવાનો મળશે. જે સૈન્ય માટે ઉપયોગી સાબિત થશે. આ જ કારણે આઈટીબીપીમાં ભરતી દરમિયાન અગ્નિવીરોને વય અને શારીરિક કસોટીની પરીક્ષામાં છૂટ અપાશે. ગૃહ મંત્રાલયે તેના ટ્વિટમાં લખ્યું છે કે પીએમ મોદી તથા ગૃહ મંત્રીના માર્ગદર્શન માટે લેવાયેલા ઐતિહાસિક નિર્ણય હેઠળ આઈટીબીપીના પૂર્વ અગ્નિવીરોને દળમાં સામેલ કરવા માટે તૈયાર છે. ડીજીએ કહ્યું કે પૂર્વ અગ્નિવીરોને વયજૂથમાં રાહત આપીશું.

## અમિત શાહ માનહાનિ કેસમાં રાહુલ ગાંધી કોર્ટમાં હાજર રહ્યા

સુલતાનપુર, તા.૨૬

ગૃહમંત્રી અમિત શાહના માનહાનિના કેસમાં શુક્રવારે રાહુલ ગાંધી સુલતાનપુરની એમપી-એમએલએ કોર્ટમાં હાજર રહ્યા હતા કોર્ટે તેમને હાજર રહેવા માટે ફરમાન કર્યા બાદ તેઓ શુક્રવારે હાજર રહ્યા હતા અને પોતાનું નિવેદન નોંધાવ્યુ હતું.તેમણે જજને કહ્યું- હું નિર્દોષ છું. મારી સામે રાજકીય કાવતરું ઘડવામાં આવ્યું છે. તેણે પોતાના પર લાગેલા આરોપ નકાર્યા હતા રાહુલ પર આરોપ છે કે ૨૦૧૮માં કર્ણાટક વિધાનસભા ચૂંટણી દરમિયાન તેમણે કહ્યું હતું કે- અમિત શાહ પર હત્યાનો આરોપ છે. સુલતાનપુરમાં બીજેપી નેતા વિજય મિશ્રાએ ૨૦૧૮ માં આ નિવેદન સામે માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી.રાહુલ ગાંધીના વકીલ કાશી શુક્લાએ કહ્યું- સંસદનું સત્ર ચાલુ હોવા છતાં રાહુલ ગાંધી સુલ્તાન પુર કોર્ટમાં આવ્યા હતા. અહીં રાહુલ ગાંધીએ પોતાનું નિવેદન નોંધ્યું હતું. આ કેસની આગામી સુનાવણી ૧૨ ઓગસ્ટે થશે. રાહુલ ગાંધીએ જજની સામે પોતાને નિર્દોષ જાહેર કર્યા હતા. વિશેષ ન્યાયાધીશે રાહુલને આ કેસમાં પોતાનું નિવેદન નોંધવા માટે ૨૬ જુલાઈએ કોર્ટમાં હાજર થવાનો નિર્દેશ આપ્યો હતો. ભારતીય જનતા પાર્ટી ના સ્થાનિક નેતા વિજય મિશ્રાએ ૪ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ બદનક્ષીનો કેસ દાખલ કર્યો હતો, જેમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર ૨૦૧૮માં બેંગલુરુમાં તત્કાલિન ભાજપ અધ્યક્ષ અને વર્તમાન ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવાનો આરોપ લગાવ્યો હતો. કોર્ટે ૨૦ ફેબ્રુઆરીએ રાહુલને આ કેસમાં જામીન આપ્યા હતા.

## જમ્મુમાં સેના હાઈએલર્ટ પર

જમ્મુ, તા.૨૬

જમ્મુ-કાશ્મીરમાં ફરી આંતકી પ્રવૃતિઓ વધી ગઈ છે. રાજ્યમાં એક બાદ એક આતંકવાદી હુમલાઓ થઈ રહ્યાં છે અને ભારતીય સેનાને ટાર્ગેટ કરવામાં આવી રહી છે. ફરી આજે જમ્મુ વિસ્તારમાં સેના હાઈ એલર્ટ પર છે. પંજાબના પઠાણકોટ જિલ્લામાં કેટલાક શંકાસ્પદ વ્યક્તિઓ જોવા મળતા સેના હાઈ એલર્ટ મોડ પર છે. સ્થાનીક દ્વારા સાત સંદિગ્ધ વ્યક્તિઓ અંગેની આપેલી જાણકારી વિશ્વાસનીય લાગતા સેનાએ તપાસ શરૂ કરી છે. સેના દ્વારા જમ્મુમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જાણકારી બાદ સ્કૂલોને શનિવાર સુધી બંધ કરી દેવામાં આવી હતી આર્મી અને ડિફેન્સ મથકો પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ સિવાય પંજાબ પોલીસે એક શંકાસ્પદ વ્યક્તિનો સ્કેચ પણ જાહેર કર્યો છે જેના વિશે લોકો પાસેથી માહિતી માંગવામાં આવી છે.સેના દ્વારા ઓપરેશન સાથે સર્ચમાં ડ્રોનનો પણ ઉપયોગ કરાઇ રહ્યો છે.સાથે સુરક્ષા દળો સુરંગથી ધુસણખોરી કરે તેવી આશંકાને પગલે ગીચ ઝાડીવાળા વિસ્તારોને સાફ કરી રહ્યા છે.

## બિહારમાં ગનપોઈન્ટ પર ૨૦ કરોડની લૂંટ

**સ્ટાફ-ગ્રાહકને બંધક બનાવી તનિષ્કનો શોરૂમ લૂંટ્યો : ત્રણ બદમાશોએ જ્વેલરી ખરીદવાના બહાને સ્ટાફને વ્યસ્ત રાખ્યો : આ પછી વધુ ૩ બદમાશો અંદર ઘૂસ્યા**

પટણા, તા.૨૬

બિહારના પૂર્ણિયાના તનિષ્ક શો-રૂમમાં શુક્રવાર (૨૬ જુલાઈ) એ ધોળાદિવસે લૂંટ થઈ છે. કહેવામાં આવી રહ્યું છે કે હથિયાર લઈને આવેલા લોકોએ આ લૂંટને અંજામ આપ્યો છે. સૌથી વધુ હીરાની લૂંટ થઈ છે. મળતી માહિતી પ્રમાણે કરોડો રૂપિયા ની લૂંટ થઈ છે. ભાગવાના પ્રયાસમાં એક વ્યક્તિનિ પિસ્તોલ રોડ પર પડી ગઈ હતી. પૂર્ણિયા એસપી ઉપેન્દ્ર વર્મા ઘટનાની જાણકારી મળતા શો-રૂમમાં તપાસ કરવા પહોંચ્યા હતા. બિહારના પૂર્ણિયામાં શુક્રવારે સવારે તનિષ્ક શોરૂમમાં લૂંટ થઈ હતી. બદમાશો કરોડ રૂપિયાથી વધુની કિંમતનાં ઘરેણાં લઈ ગયા છે. તેમાં મોટી કિંમતની ડાયમંડ જ્વેલરી છે. બાકીના સોનાના દાગીના હોવાનું કહેવાય છે. બાઈક પર આવેલા છ ગુનેગારોએ લૂંટને અંજામ આપ્યો હતો. દરેક પાસે હથિયાર હતાં.




પહેલા ત્રણ ગુનેગારો ગ્રાહક બનીને શોરૂમમાં પ્રવેશ્યા હતા. આ પછી વધુ ત્રણ અંદર ગયા. પછી બધાએ ગનપોઈન્ટ પર લૂંટ ચલાવી. લૂંટ દરમિયાન બદમાશોએ ઉપરના માળે શોરૂમના કર્મચારીઓ અને ગ્રાહ-કોને બંધક બનાવ્યા હતા. આ ઘટના પૂર્ણિયાના સહાયક ખજાનચી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડાક બંગલા ચોક સ્થિત તનિષ્ક શોરૂમમાં બની હતી. ૨૦ મિનિટમાં જ ગુનેગારો આખી ઘટનાને અંજામ આપી નીકળી ગયા. માહિતી મળતાં જ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. કેસની તપાસ ચાલી રહી છે. સીસીટીવીની પણ તપાસ કરવામાં આવી રહી છે. તનિષ્ક શોરૂમ પૂર્ણિયા કે લાઇન બજારમાં સ્થિત છે. તનિષ્કમાં છેલ્લા ૧૦ દિવસથી હીરા નું એક્ઝીબિશન ચાલી રહ્યું હતું. શોરૂમના સ્ટાફ પાસેથી જાણકારી મળી કે મોટી માત્રામાં ડાયમંડની લૂંટ થઈ છે. જેનું મૂલ્ય કરોડોમાં હશે. તો પોલીસ ઊંડાણપૂર્વક ઘટનાની તપાસમાં લાગી છે. આ ઘટના બપોરે ૧૨ કલાક આસપાસ બની હતી. આ ઘટનાની તપાસ માટે એફએસએલની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી.

## ઉત્તર પ્રદેશમાં મુખ્યમંત્રી યોગીને બદલવાની ચર્ચા ખોટી

**છેલ્લા ઘણા દિવસોથી ભાજપનું યુપી યુનિટ દેશભરમાં ચર્ચામાં છે. આવી સ્થિતિમાં પાર્ટી ની આંતરિક રાજનીતિમાં ખળભળાટ વચ્ચે યુપી ભાજપના ચીફ ભૂપેન્દ્ર ચૌધરીનું નિવેદન આવ્યું છે કે મુખ્યમંત્રી બદલવાની ચર્ચા ખોટી અમે ખામીઓ પર કામ કરી રહ્યા છીએ**

નવી દિલ્હી, તા.૨૫

ઉત્તર પ્રદેશમાં ભાજપમાં ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે એક મહત્વનુ નિવેદન સામે આવ્યુ છે. ભુપેન્દ્ર ચૌધરીએ કહ્યુ છે કે ભારતીય જનતા પાર્ટી એક લોક તાંત્રિક પાર્ટી છે, દરેકને લોકતાંત્રિક રીતે પોતાના વિચારો વ્યક્ત કરવાનો અધિકાર છે. અમે શિસ્ત સાથે આગળ વધી રહ્યા છીએ. પરિણામો અમારી અપેક્ષા મુજબ આવ્યા નથી. અમે ખામીઓ પર કામ કરી રહ્યા છીએ. આ સાથે ભૂપેન્દ્ર ચૌધરીએ મુખ્યમંત્રી પદ અંગે વાત કરતા કહ્યું કે, મુખ્યમંત્રી બદલવાની ચર્ચા ખોટી છે.લોકસભા ચૂંટણીના પરિણામો બાદ મુખ્યમંત્રી સતત સમીક્ષા બેઠકો કરી રહ્યા છે. વિભાગના તમામ ધારાસભ્યો, સાંસદો અને મંત્રીઓને બોલાવવામાં આવી રહ્યા છે. વારાણસી સિવાય તમામ વિભાગોની બેઠકો યોજવામાં આવી છે. લખનૌ મંડળની બેઠક આજે સવારે ૧૧.૩૦ વાગ્યે બોલાવવામાં આવી હતી.યુપીના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય પ્રયાગરાજમાં સમીક્ષા બેઠક માં હાજર રહ્યા ન હતા. ભાજપના પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરી મુરાદાબાદ વિભાગની બેઠકથી દૂર રહ્યા હતા. હવે ડેપ્યુટી સીએમ બ્રિજેશ પાઠક પણ લખનૌ ડિવિઝનની સમીક્ષા બેઠકમાં ભાગ લઈ રહ્યા નથી. બંને ડેપ્યુટી સીએમએ હજુ સુધી કોઈ સમીક્ષા બેઠકમાં હાજરી આપી નથી. આ સમીક્ષા બેઠકોમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તમામ ધારાસભ્યો, મંત્રીઓ, અને અન્ય જનપ્રતિનિધિઓના મનની વાત જાણવાનો પ્રયાસ કર્યો હતો. ભાજપના નેતાઓ સહિત જનપ્રતિનિધિઓનું કહેવું છે કે રાજ્યમાં નોકરશાહીનું વર્ચસ્વ છે. નીચલા સ્તરે કામદારોની વાત સાંભળવામાં આવતી નથી. બૂથથી માંડીને જિલ્લા સંગઠન સુધીના કાર્યકરોમાં રોષ અને નિરાશા જોવા મળી રહી છે. આ જ કારણ છે કે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દરેક વિભાગના જનપ્રતિનિધિઓ સાથે બેઠક બોલાવી અને તેમની સાથે વિકાસ અંગે ચર્ચા કરી. સહયોગી પક્ષોના મોટા નેતાઓ પણ નોકરશાહી સામે ફરિયાદ કરી રહ્યા છે.કે હવે ભાજપમાં ઘણા જૂથો બની ગયા છે. કેટલાક લોકો કેશવ મૌર્યને મળીને પોતાનું દર્દ અને વેદના વ્યક્ત કરી રહ્યા છે તો કેટલાક સીધા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મળીને પોતાના વિચારો વ્યક્ત કરી રહ્યા છે.યોગી આદિત્યનાથ દિલ્હીમાં પીએમ મોદી, બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સહિત પાર્ટીના કેટલાક વરિષ્ઠ નેતાઓને મળી શકે છે. આવી સ્થિતિમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરીની સાથે બંને ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રિજેશ પાઠક પણ દિલ્હી આવી રહ્યા છે.

### યોગી હાઈકમાન્ડ નેતાઓને મળશે

ઉત્તર પ્રદેશમાં ચાલી રહેલી ગડમથલ વચ્ચે યોગી હાઈકમાન્ડ સામે પોતાનો રિપોર્ટ રજૂ કરશે યોગી મોદી,નડ્ડા અને અમિત શાહ સહિત પાર્ટીના કેટલાક વરિષ્ઠ નેતાઓને મળે તેવી પણ શક્યતા છે. પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરીએ પાર્ટીને પોતાનો રિપોર્ટ સોંપી દીધો છે. હવે સીએમ યોગી આદિત્યનાથનો વારો છે, જેઓ પોતાનું હોમવર્ક તૈયાર કરીને દિલ્હી પહોંચ્યા છે અને ભાજપ હાઈકમાન્ડ સમક્ષ પોતાના મંતવ્યો રજૂ કરી શકે છે. યોગી આદિત્યનાથ શનિવારે યોજાનારી નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં ભાગ લેવા માટે બે દિવસીય દિલ્હીની મુલાકાતે આવી રહ્યા છે. સીએમ યોગી ભલે નીતિ આયોગની બેઠક માટે દિલ્હી આવી રહ્યા હોય, પરંતુ તેઓ ભાજપના ટોચના નેતાઓ સાથે પણ મુલાકાત કરશે. દિલ્હી આવતા પહેલા સીએમ યોગી આદિત્યનાથે લોકસભા ચૂંટણીના પરિણામોને લઈને મંડલ સ્તરે ધારાસભ્યો સાથે સમીક્ષા બેઠક યોજીને રાજકીય હોમવર્ક તૈયાર કર્યું છે.

## રાજ્યમાં જુના ધાર્મિક સ્થળોની કાયદેસરતા ચકાસવાના આદેશ

ગાંધીનગર, તા.૨૬

રાજ્યમાં ધાર્મિક દબાણ એક સંવેદનશીલ અને જટિલ મુદ્દો છે, જે માત્ર ભક્તિ અને આસ્થાનો જ નહીં, પરંતુ રાજકારણનો પણ કેન્દ્ર બિંદુ છે. કોર્ટના આદેશથી, આ અંગેના વિવાદને નવી જ તીવ્રતા મળી છે. રાજ્યના તમામ ધાર્મિક સ્થળોની કાયદેસરતા પુરવાર કરવા માટે સંચાલકોને પુરાવા રજૂ કરવા જરૂરી છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા જાહેર માર્ગોની આસપાસ અને સરકારી જગ્યાઓમાં વધતા ધાર્મિક દબાણને લઈને પગલાં લેવા રાજ્ય સરકારને આદેશ આપવામાં આવ્યો છે. આદેશના અનુસંધાને, સરકારી તંત્ર દ્વારા નોટિસ જારી કરીને મસ્જિદ, મંદિર, દરગાહ અને કબ્રસ્તાનના સંચાલકોને બોલાવવામાં આવ્યા છે.

અંદાજે ૨૦,૦૦૦થી વધુ ધાર્મિક દબાણના કેસ રાજ્યમાં છે. સુપ્રીમ કોર્ટના આદેશને અનુરૂપ, રાજ્યના તમામ ધાર્મિક દબાણના સંચાલકોને નોટિસ આપી પુરાવા રજૂ કરવા માટે તાકીદ કરવામાં આવી છે. આ નોટિસથી રાજ્યમાં માહોલ ગરમાયો છે અને સંચાલકો વર્ષોથી ચાલતી ધાર્મિક પ્રવૃત્તિના પુરાવા સાથે તંત્ર સમક્ષ હાજર થઈ રહ્યા છે.

ગુજરાતમાં અનધિકૃત ધાર્મિક દબાણોના વિવાદ વર્ષોથી ચાલી રહ્યા છે. અનધિકૃત દબાણ દૂર કરવા માટે સરકાર સતત વહીવટી તંત્રને આદેશ કરતી રહી છે, પરંતુ આ મુદ્દો તંત્ર, ધર્મપ્રેમીઓ અને રાજકારણીઓ વચ્ચે અટવાયો છે.

સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના આદેશને અનુરૂપ અને ૨૦૧૦ના ઠરાવ મુજબ, અનધિકૃત ધાર્મિક દબાણો દૂર કરવા આદેશ આપવામાં આવ્યા છે.

૨૨ જુલાઈ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવાની મુદત છે. ગૃહ વિભાગે એપ્રિલ ૨૦૨૪ની ગાઈડલાઈન મુજબ સાત સભ્યોની કમિટીની રચના કરી છે અને વારંવાર બેઠક બોલાવવામાં આવી રહી છે.

## દેશમાં સેટેલાઈટ આધારિત ટોલ વસૂલવાની જાહેરાત

નવી દિલ્હી, તા.૨૬

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ એક મોટો નિર્ણય લીધો છે અને હાલની ટોલ સિસ્ટમ નાબૂદ કરી છે. આ સાથે સેટેલાઈટ ટોલ કલેક્શન સિસ્ટમ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. તેમણે આજે શુક્રવારે (૨૬ જુલાઈ) કહ્યું હતું કે સરકાર ટોલ નાબૂદ કરી રહી છે અને ટૂંક સમયમાં સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ શરૂ કરવામાં આવશે.

નીતિન ગડકરીએ કહ્યું, "હવે અમે ટોલ નાબૂદ કરી રહ્યા છીએ અને સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ હશે. તમારા બેંક ખાતા માંથી પૈસા કાપવામાં આવશે અને તમે જેટલા અંતરની મુસાફરી કરો છો તેના આધારે ફી વસૂલવામાં આવશે. સમય બચશે અને પૈસાની પણ બચત થશે, પહેલા મુંબઈથી પૂણે જવા માટે ૯ કલાક લાગતા હતા, હવે તે ઘટીને ૨ કલાક થઈ ગયા છે.

અગાઉ ડિસેમ્બરમાં, નીતિન ગડકરીએ જાહેરાત કરી હતી કે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ માર્ચ ૨૦૨૪ સુધીમાં આ નવી સિસ્ટમ લાગુ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. વિશ્વ બેંકને પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને ટોલ પ્લાઝા પર રાહ જોવાનો સમય ઘટાડવાના પ્રયાસો વિશે જાણ કરવામાં આવી છે. FASTag ની રજૂઆત સાથે, ટોલ પ્લાઝા પર સરેરાશ રાહ જોવાનો સમય નોંધપાત્ર રીતે ઘટ્યો છે.

નવી સિસ્ટમનો ઉદ્દેશ ટોલ વસૂલાતની કાર્યક્ષમતા વધારવાનો અને ટોલ પોઈન્ટ પર ભીડને દૂર કરવાનો છે. યાદ રાખો કે નવી સિસ્ટમ દાખલ થયા પછી પણ ફાસ્ટેગ કામ કરવાનું ચાલુ રાખશે. FAST-ag સિસ્ટમમાં, વાહનોની વિન્ડશિલ્ડ પર એક સ્ટીકર મૂકવામાં આવે છે, જે RFID ટેક્નોલોજીથી સજ્જ છે. લોકોને ટોલ પોઈન્ટ પર થોડો સમય રાહ જોવી પડે છે. સ્ટીકર સ્કેન કર્યા પછી અવરોધ દૂર કરવામાં આવે છે અને જરૂરી રકમ કાપવામાં આવે છે.

# આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. મિત્રો તથા સંબંધીઓ સાથે મજા માણજો. તમારા રૉમેન્ટિક અભિપ્રાયોને જાહેર ન કરો. નોકરી બદલવાથી મદદ મળશે. તમે તમારી વતર્તમાન નોકરી છોડી તમને વધુ માફક આવે એવા માર્કેટિંગ જેવા નવા ક્ષેત્રમાં આગળ વધશો. આજે તમારે મહત્વના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તમારા જીવનસાથીની તબિયતમાં બગાડો તમારા કામમાં બાધા બની શકે છે, પણ તેમ કોઈક રીતે બધું જ સંભાળી લેવામાં સફળ રહેશો.

**વૃષભ :**
આજના દિવસે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે, પણ અંગત તથા ગોપનીય હોય એવી માહિતી છતી ન કરતા. આજે કાર્યક્ષેત્ર માં તમારા કોઈ જુના કામ ની પ્રશંસા થયી શકે છે. તમારા કામ ના લીધે તમારી પદોન્નતિ પણ સંભવ છે. વેપારી લોકો આજે અનુભવી લોકો જોડે વેપાર આગળ વધારવા માટે સલાહ લયી શકે છે. ઘર ની બહાર જઈ ને, આજે તમારે ખુલ્લી હવા માં ફરવું ગમશે. આજે તમારું મન શાંત રહેશે, જે તમને દિવસભર ફાયદો કરાવશે. પરણેલા હોવાને કારણે તમે આજે નસીબદાર હોવાનું અનુભવશો.

**મિથુન :**
આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. ઘરના મોરચે તમારૂ જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે. તમને જો એમ લાગતું હોય કે મહત્વના કામ તમે અન્યોની મદદ વિના પણ પાર પાડી શકો છો તમારી મોટી ગેરસમજ થાય છે. આ રાશિ ના બાળકો આજે રમત માં દિવસ વિતાવી શકે છે, માતા પિતાએ તેમના પર ધ્યાન આપવું જોઈએ કારણ કે ઈજા થવા ની સંભાવના છે. તમારો મિજાજ બગડેલો હોવાથી તમે તમારા જીવનસાથીથી ચીડાયેલા રહેશો.

**કર્ક :**
આજના દિવસે સ્વાસ્થયની સંભાળ લો અને પરિસ્થિતિને થાળે પાડો. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. આજે રૉમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે. આજે તમને સમજાશે કે પરિવારના ટેકાને કારણે જ તમે કામના સ્થળે સારૂ કરી રહ્યા છો. ઉદ્યોગપતિઓ આજે ધંધા કરતાં તેમના પરિવાર ના સભ્યો સાથે વધુ સમય વિતાવવા માંગશે. આ તમારા પરિવાર માં સુમેળ પેદા કરશે. તમારા લગ્નજીવનના આનંદ માટે આજે તમને એક અદભુત સરપ્રાઈઝ મળવાની શક્યતા છે.

**સિંહ :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. પ્રેમની મસ્તીનો અનુભવ કરવા માટે તમને કોઈ મળી શકે છે. આજે તમારા મગજમાં આવતા નાણાં બનાવવાની યોજનાનો લાભ લો. તમારા સમય ની કિંમત સમજો, એવા લોકો ની વચ્ચે રહેવું જેની વાતો તમે સમજી નથી શકતા તો તે ખોટું છે. આવું કરવા થી તમને ભવિષ્ય માં મુશ્કેલીઓ સિવાય કંઈ નહીં મળે. આજે તમે એ અનુભવશો કે અદભુત જીવનસાથી હોવાથી કેવું લાગે છે.

**કન્યા :**
આજના દિવસે તમારૂ સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. રૉમાન્સ માટે ઉત્સાહજનક દિવસ-સાંજ માટે કોઈક ખાસ યોજના બનાવો અને તેને શક્ય એટલી રૉમેન્ટિક બનાવો. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે. તમારા ઘર ના સભ્ય આજે તમારી સાથે સમય વિતાવવા માટે આગ્રહ કરી શકે છે, જે તમારો થોડો સમય બગાડે છે. આજનો દિવસ તમારા લગ્નજીવન માટે ખરેખર મહત્વનો છે. તમે તમારા જીવનસાથીને કેટલો પ્રેમ કરો છો તેની જાણ તેને થવા દો.

**તુલા :**
આજના દિવસે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. દિવસના ઉત્તરાર્ધમાં તમને આરામ કરવાનું અને પરિવારના સભ્યો સાથે સમય વિતાવવાનું ગમશે. તમારા સાથીદારની ગેરહાજરીમાં તેની હાજરી વર્તાવાની શક્યતા છે. તમેએવી કોઈક મોટા બાબતનો હિસ્સો બનશો જે તમને સરાહના તથા વળતર બંને મેળવી આપશે. આજે તમે સંબંધો નું મહત્વ અનુભવી શકો છો કારણ કે આજે તમે તમારા મોટાભાગ ના સમય તમારા પરિવાર ના સભ્યો સાથે વિતાવશો. આજની સાંજ તમારા જીવનસાથી સાથે તમારા જીવનની સૌથી યાદગાર સાંજ બની રહેશે.

**વૃશ્ચિક :**
આજના દિવસે તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે- સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દૃષ્ટિકોણને વ્યાપક બનાવશે- તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. પ્રવાસને કારણે રૉમેન્ટિક સંબંધોને વંગ મળશે. કામના સ્થળે આજે કોઈક વ્યક્તિ તમારી સાથે કંઈક સારૂ વર્તન કરશે. તમે તમારા મનપસંદ કાર્ય ને ફ્રી ટાઈમ માં કરવા નું પસંદ કરો છો, આજે પણ તમે કંઈક એવું જ કરવા નું વિચારશો, પરંતુ કોઈ વ્યક્તિ ના ઘરે આવવા ના કારણે આ યોજના બગડી શકે છે. તમારા જીવનસાથી આજે તમને ખુશ કરવા માટે ખાસ જહેમત લેશે.

**ધન :**
આજના દિવસે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. તમારા પ્રિયપાત્ર સાથે તમારી અંગત લાગણીઓ-રહસ્યો શૅર કરવા માટે આ યોગ્ય સમય નથી. સાવચેતીપૂર્વક વાચ્યા વિના કોઈ બિઝનેસ અથવા કાનૂની દસ્તાવેજ પર સહી કરતા નહીં. સમય નું ચક્ર ખૂબ જ ઝડપ થી ફરે છે, તેથી આજ થી જ તમારા કિંમતી સમય નો ઉપયોગ કરવા નું શીખો. તમારા લગ્નજીવનમાં આજે પરિસ્થિતિ તમારા અંકુશની બહાર જવાની શક્યતા છે.

**મકર :**
આજના દિવસે માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો. તમે અનુભવશો કે તમારી રચનાત્મકતા ખોવાઈ ગઈ છે તથા નિર્ણય લેવામાં તમને ખૂબ જ મુશ્કેલી પડશે. આજે વિદ્યાર્થીઓ ના મન માં પ્રેમ નો તાવ પ્રવર્તે છે અને તેના કારણે તેઓ ઘણો સમય બગાડે છે. આજનો દિવસ તમને તમારા સાથીની રોમેન્ટિક બાજુની અંતિમ હદ દેખાડશે.

**કુંભ :**
આજના દિવસે તમારા મિત્રો અથવા પરિવારના સભ્યો સાથેની મજા માટેની ટ્રીપ તમને નિરાંતવા બનાવશે. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા- તમારી વાત અન્યોને ગળે ઉતારવાની તમારી આવડત તમને આવાનારી સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો. કામના સ્થળે પરિસ્થિતિ સારી જણાય છે. આજે આખો દિવસ તમારો મિજાજ સારો રહેશે. પરિવાર ની જરૂરિયાતો ને પૂર્ણ કરતી વખતે, તમે ઘણીવાર તમારી જાત ને સમય આપવા નું ભૂલી જાઓ છો. પરંતુ આજે તમે સૌથી દૂર રહી પોતાના માટે સમય કાઢી શકશો? તમારા જીવનસાથી આજ પૂર્વે આટલા અદભુત ક્યારેય નહોતા.

**મીન :**
આજના દિવસે તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે. તમારા પ્રેમ પ્રકરણ વિશે જાહેરમાં ઢંઢેરો પીટતા નહીં. નવી બાબતો શીખવાની અભિરૂચિ નોંધપાત્ર રહેશે. આજે સામાજિક મિલન -મુલાકાતો તથા તમને સૌથી વધુ કરવી ગમે તેવી બાબતો કરવા માટે તમારી પાસે ફાજલ સમય હશે. સંબંધીઓને કારણે તમારી વચ્ચે તકરાર થવાની શક્યતા છે, પણ દિવસના અંતે બધું જ સુંદર રીતે આટોપવામાં તમે સફળ રહેશો.

# મગફળીમાં સફેદ ઘૈણ (મુંડા)નું સંકલિત વ્યવસ્થાપન અંગે ઉપાય સૂચવાયા

ભુજ તા.૨૬
ચોમાસામાં મગફળીમાં સફેદ ઘૈણ(મુંડા)નું સંકલિત વ્યવસ્થાપન અંગે જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા કેટલાક ઉપાયો સુચવાયા છે. વરસાદીની સિઝનમાં જો જીવાતોનો ઉપદ્રવ જોવા મળે તો ખેડૂતો કેટલાક ઉપચારક પગલા ભરવાથી રોગને નિયંત્રણ કરી શકે છે.ઘૈણના ઢાલિયા કીટકો પ્રકાશ તરફ આકર્ષાતા હોવાથી રાત્રિ દરમિયાન પ્રકાશ પિંજર ગોઠવી આકર્ષાયેલા ઢાલિયા ભેગા કરી નાશ કરવો. મગફળીના ઊભા પાકમાં મુંડાના અસરકારક નિયંત્રણ માટે ઉગવાના ૩૦ દિવસ બાદ બ્યુવેરીયા બાસીયાના અથવા મેટારીઝીયમ એનીસોપ્લી ડ્રેન્ચિંગ દ્વારા ૫.૦ કિ.ગ્રા./હેકટર પ્રમાણે જમીનમાં આપવું.

સફેદ ઘૈણ (મુંડા) નો ઉપદ્રવ ઓછો હોય ત્યારે ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી. ૪૦ થી ૫૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી પંપની નોઝલ કાઢી મગફળીના મૂળ પાસે પડે અને જમીનમાં ઉતરે તે રીતે રેડવાથી નિયંત્રણ મેળવી શકાય છે. ઉભા પાકમાં આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે તો ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી. અથવા ક્વીનાલફોસ ૨૫ ઈ.સી. હેકટરે ૪ લીટર પ્રમાણે પિયત પાણી સાથે આપવાથી સારૂ નિયંત્રણ મળે છે. ચોમાસામાં મગફળીમાં પિયત ન આપવાનુ હોય ત્યારે આ જીવાતોના નિયંત્રણ કરવા માટે ક્લોરપાયરીફોસ ૪ લીટર દવા ૫ લીટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો જીણી રેતીમાં ભેળવી ત્યારબાદ રેતી સુકવી, આ રેતી એક હેકટર વિસ્તારમાં છોડના થડ પાસે પુંખવી. ત્યારબાદ જો વરસાદ ન હોય તો હળવું પિયત આપવુ. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/ જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા જણાવવામાં આવે છે.

આ અંગે વધુ જાણકારી જે તે વિસ્તારના ગ્રામસેવક /વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી/નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)/નાયબ ખેતી નિયામક(તાલીમ) નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી કચ્છની અખબારી યાદીમાં જણાવાયું છે.

# વરસાદી સિઝનમાં નાગરિકોને જોખમી સાઈટ પર ન જવા અનુરોધ

ભુજ તા.૨૬
તાજેતરમાં થયેલા ભારે વરસાદના લીધે કચ્છ જિલ્લામાં આવેલા વિવિધ કોઝ-વે, પાપડી, નદી-નાળા, વોકળા, તળાવો કે ડેમ સાઈટ વેગેરે ભયજનક સપાટી નજીક છે અને ઓવરફ્લો થયેલા છે. આવા સંજોગોમાં નાગરિકો કુતૂહલવશ આવી સાઈટ્સ નજીક પાણીની આવક જોવા, પાણીમાં ન્હાવા પડવા, કોઝ-વે, પાપડી, નદી-નાળા, વોકળાના પ ાણીના પ્રવાહમાંથી પસાર થવાના જોખમી પ્રયાસ કરતા હોય છે. જેના કારણે ઘણીવાર પગ લપસી જવાથી કે કોઈ ગફલતના કારણે પાણીમાં ડૂબી જવાના કે તણાઈ જવાના બનાવો બનવા પામે છે અને જાનહાનિ થતી હોય છે. જેથી વરસાદ સિઝન દરમિયાન નાગરિકોએ આ પ્રકારની સાઈટ્સ નજીક ન જવા, પાણીમાં ન્હાવા ન પડવા તેમજ પાણીના પ્રવાહ માંથી વાહન સાથે કે ચાલીને પસાર થવાનું સાહસ ન ખેડવા કચ્છ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે. કોઈપણ પ્રકારની ગફલત કે બેદરકારી દૂર્ઘટનાનું કારણ બની શકે છે. બાળકોને પણ આવી સાઈટ્સથી દૂર રાખવા નિવાસી અધિક કલેક્ટર મિતેશ પંડ્યાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# આજે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ સ્થાપના દિવસ

સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ સ્થાપના દિવસ દર વર્ષે ૨૭ જુલાઈએ મનાવવામાં આવે છે. કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ જેને ટૂંકમાં CRPFના નામે પણ ઓળખવામાં આવે તે તેને ૨૭ જુલાઈ, ૧૯૩૯ના રોજ મધ્યપ્રદેશના નીમચ ખાતે પ્રથમ બટાલિયન સાથે ક્રાઉન રિપ્રેઝન્ટેટિવ પોલીસ તરીકે ઉભી કરવામાં આવી હતી કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (CRPF) એ ભારતના કેન્દ્રીય સશસ્ત્ર આરક્ષક દળોમાં સૌથી વિશાળ છે. આ દળ ભારત શાસનના ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે. આ દળનું મુખ્ય કાર્ય આરક્ષણ કાર્યવાહીઓમાં રાજ્યો અને સંઘ પ્રદેશોની સહાયતા કરવાનું તેમજ આંતકવાદી પ્રવૃતીઓ સંબંધિત છે. ભારતના સામાન્ય નિર્વાચનોમાં નીતિ-વ્યવસ્થા જાળવી રાખવામાં આ દળ અગત્યની ભુમિકા ભજવે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ માટેની કાર્યવાહીઓમાં પણ આ દળનો ઉપયોગ કરવામાં આવે છે.૩.૨૫ લાખ જવાનો સાથે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ભારતનું સૌથી મોટું કેન્દ્રીય શસ્ત્ર દળ છે.

સીઆરપીએફ ભારતનું જ નહીં પરંતુ વિશ્વનું સૌથી મોટું શસ્ત્ર પોલીસ દળ છે. નક્સલિઝમ (Naxalism)થી લઈને આતંકવાંદ (terrorism)સુધી અને મંત્રીઓથી લઈને વીવીઆઈપીની સુરક્ષા સુધી સીઆરપીએફના માથે મોટી કામગીરી છે ૨૩૯ બટાલિયનો અને અન્ય વિવિધ ઉપક્રમો સાથે કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળને ભારતનું સૌથી મોટું અર્ધલશ્કરી દળ ગણવામાં આવે છે. આ દળ ૩૧૩,૬૭૮ વ્યક્તિઓનો બનેલો સક્રિય કર્મચારીગણ ધરાવે છે.સીઆરપીએફની પોતાની એન્ટિ ટેરર વિંગ (QAT) પણ છએ. આ સાથે એન્ટિ નક્સલ વિંગ કોબ્રા (CoBRA) પણ છે. સંસદની સુરક્ષાથી લઈને એરપોર્ટની સુરક્ષાનું કામ સીઆરપીએફ કરે છે. તાજેતરમાંજ નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં સીઆરપીએફની મહિલા પાંખને જોડવામાં આવી છે. ખંભાતથી લઈને હિમંતનગર સુધી જે તોફાનો થયા, આવાં તોફાનો રોકવા અને તેની સામે પ્રતિકાર કરવા માટે રેપિડ એક્શન ફોર્સ (RAF)નામની એક ખાસ કૂમક પણ સીઆરપીએફ પાસે છે.વાત જ્યારે ગેલેન્ટરી મેડલની હોય ત્યારે સીઆરપીએફ સૌથી વધુ આગળ છે. સીઆરપીએફના જવાનો પાસે સૌથી વધુ મેડલ્સ છે. બ્રિટિશ યુગમાં ફક્ત બે બટાલિયન સાથે શરૂ થયેલા આ દળમાં અત્યારે ૨૪૬ બટાલિયન કાર્યરત છે. CRPF ની મૂળ રચના ૧૯૩૯ માં ક્રાઉન રિપ્રેઝન્ટેટિવ પોલીસ તરીકે કરવામાં આવી હતી. જે તેને સૌથી જૂના કેન્દ્રીય અર્ધલશ્કરી દળોમાંનું એક બનાવે છે (હવે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ તરીકે ઓળખાય છે). શરૂઆતના દિવસોમાં CRPFનું મુખ્ય કામ વિવિધ રાજ્યોમાં બ્રિટિશ નાગરિકોની સુરક્ષા કરવાનું હતું અને ૧૦ વર્ષ પછી તેમની ભૂમિકા બદલાઈ ગઈ. ભારતની આઝાદી પછી ૨૮ ડિસેમ્બર, ૧૯૪૯ના રોજ સંસદમાં પસાર કરાયેલા એક અધિનિયમ દ્વારા વર્ષ ૧૯૫૫માં ૨૫ માર્ચના રોજ આ દળને નવું નામ મળ્યું, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ. સીઆરપીએફના પ્રથમ ડીજી વીજી કાનેટકર હતા. ૨૧ ઓક્ટોબર ૧૯૫૯ના રોજ CRPFની ચીની સૈનિકો સાથે આ દળની અથડામણ પણ થઈ હતી.ચીની સૈનિકોએ તેમના પર હુમલો કર્યો હુમલો કર્યો હતો જેમાં તેના ૧૦ જવાનોએ દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. ૨૧ ઓક્ટોબરે તેમની શહાદતને દેશભરમાં દર વર્ષે પોલીસ સ્મૃતિ દિવસ તરીકે યાદ કરવામાં આવે છે.



જાણ્યું અજાણ્યું
ડો.મિહિર એમ.વોરા

આ ઘટનાના થોડા વર્ષો પછી વર્ષ ૧૯૬૨માં ચીની આક્રમણ દરમિયાન ફોર્સે અરુણાચલ પ્રદેશમાં ભારતીય સેનાને મદદ કરી હતી. આ કાર્યવાહીમાં સીઆરપીએફના આઠ જવાનો શહીદ થયા હતા. વર્ષ ૧૯૬૫ અને વર્ષ ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધોમાં CRPF એ પશ્ચિમ અને પૂર્વીય બંને સરહદો પર ભારતીય સેના સાથે ખભેથી ખભો મીલાવીને લડત આપી હતી. પાકિસ્તાન સાથે લડ્યા પછી ૭૦ના દાયકાના અંતમાં ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ઉગ્રવાદી જૂથો સામે કામ કરવા માટે CRPF મોકલવામાં આવી હતી. આ દળનું નેતૃત્વ ડાયરેક્ટર જનરલ કક્ષાના IPS અધિકારી કરે છે. ડીજી પછી સ્પેશિયલ ડાયરેક્ટર જનરલ અને એડિશનલ ડાયરેક્ટર જનરલ બીજા સ્તરે હોય છે. તેઓ J&K ઉત્તર-પૂર્વ, મધ્ય અને દક્ષિણમાં વેહેંચાયેલા ઝોનનું નેતૃત્વ કરે છે. અન્ય ચાર ADG અથવા SDG-સ્તરના અધિકારીઓ કામગીરી, તાલીમ, મુખ્યાલય અને એકેડેમીની દેખરેખ રાખે છે અને સીધા ઢ્યને રિપોર્ટ કરે છે. આ અધિકારીઓ લગભગ ૪૦ આઈજીનું નેતૃત્વ કરે છે જેઓ VVIP, CoBRA વગેરે જેવા ક્ષેત્રો અને વિશિષ્ટ એકમોના પણ વડા છે.દેશના VIP નાગરિકોને સુરક્ષા પૂરી પાડવા માટે દળ પાસે એક સમર્પિત VIP વિંગ છે અને સંસદ કેમ્પસને સુરક્ષિત કરવા માટે PDG અથવા સંસદ ફરજ જૂથ છે. તે વડા પ્રધાનના નિવાસસ્થાનને સુરક્ષિત કરવા માટે વિશેષ ફરજ જૂથ પણ ધરાવે છે. હાલમાં CRPFની ૨૪૬ બટાલિયન છે, જેમાં ૨૦૩ એક્ઝિક્યુટિવ, ૫ વીઆઈપી સિક્યોરિટી, ૬ મહિલા, ૧૫ આરએએફ, ૧૦ કોબ્રા, ૫ સિગ્નલ અને ૧ સ્પેશિયલ ડ્યુટી ગ્રુપ, ૧ પાર્લામેન્ટ ડ્યુટી ગ્રુપ છે. આ દળમાં ૪૩ જૂથ કેન્દ્રો, ૨૨ તાલીમ સંસ્થાઓ, ૧૦૦ બેડની ૪ સંયુક્ત હોસ્પિટલો, ૫૦ બેડની ૧૮ સંયુક્ત હોસ્પિટલો અને ૬ ફિલ્ડ હોસ્પિટલો પણ છે. જ્યારે સૈનિકોએ ૨૧ ઓક્ટોબર ૧૯૫૯ ના રોજ માઈનસ સાથે થીજી ગયેલી ઠંડીમાં હોટ સ્પ્રિંગ્સમાં ચાઈનીઝ સૈનિકોના હુમલાનો સામનો કર્યો ત્યારથી CRPFના શૌર્યની કહાણી શરૂ થાય છે. આ હુમલામાં CRPFએ તેના ૧૦ જવાનોને ગુમાવ્યા હતા. સીઆરપીએફ ઓલ-ટેરેન ફોર્સ છે.

હજારો કિલોમીટર દૂર અને આ ઘટનાના લગભગ છ વર્ષ પછી CRPFની ટુકડીઓએ ગુજરાતના કચ્છના રણમાં સરદાર પોસ્ટ પર અસાધારણ બહાદુરી બતાવી. સીઆરપીએફે ત્યારે પાકિસ્તાન સામે યુદ્ધમાં સેના સાથે લડત આપી હતી. ૧૯૬૫ની શરૂઆતમાં સીઆરપીએફની ચાર કંપનીઓને કચ્છના રણમાં સરહદી ચોકીઓ સ્થાપવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ૮ અને ૯ એપ્રિલની વચ્ચેની રાત્રે પાકિસ્તાન આર્મીના ૩,૫૦૦ જવાનોએ ભારત વિરુદ્ધ ઓપરેશન 'ડેઝર્ટ હોક' શરૂ કર્યું. જોકે, લગભગ ૧૫૦ CRPF જવાનોના નાના પરંતુ બહાદુર જૂથ સામે આ કોઈ મેચ નહોતું જેમણે પાકિસ્તાની સૈનિકોને રોક્યા અને તેમના ૩૪ જવાનોને ખતમ કર્યા. આ બે ઘટનાઓ પછી સીઆરપીએફ પાકિસ્તાન સામેના મોરચે સક્રિય રહી. તેમની બહાદુરી દર્શાવતા અન્ય એક ઉદાહરણમાં સીઆરપેએફના જવાનોએ ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ ના રોજ એક પડકારજનક દિવસનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે આતંકવાદીઓનું ટોળું સંસદમાં ઘૂસી ગયું અને અંધાધૂંધ ગોળીબાર કરવાનું શરૂ કર્યું ત્યારે સંસદની સુરક્ષા સીઆરપીએફના હાથમાં હોવાથી તેના જવાનોએ વળતો ગોળીબાર કર્યો અને લગભગ ૩૦ મિનિટ સુધી ચાલેલી અથડામણમાં તમામ પાંચ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા. આ હુમલામાં એક મહિલા કોન્સ્ટેબલે પણ પોતાનો જીવ આપી દીધો હતો. ૫ જુલાઈ વર્ષ ૨૦૦૫ ના રોજ સીઆરપીએફને ફરીથી કાર્યવાહીમાં બોલાવવામાં આવ હતી. એ વખતે પણ અયોધ્યામાં રામ જન્મભૂમિ વિસ્તારની રક્ષા કરતા સૈનિકોએ પરિસરમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા પાંચ સશસ્ત્ર આતંકવાદીઓને ખતમ કર્યા હતા. CRPFના કુલ ૨,૨૪૧ જવાનોએ દેશની રક્ષા કરતા સર્વોચ્ચ બલિદાન આપ્યું છે. આ દળને ૨,૩૦૯ જવાનોએ સર્વોચ્ચ ગેલેન્ટરી સન્માન પ્રાપ્ત કરવાની સાથે સૌથી વધુ સંખ્યામાં વીરતા મેડલ પણ એનાયત કરવામાં આવ્યા છે. આ જવાનોને ૧૦ કીર્તિ ચક્ર, ૩૫ શૌર્ય ચક્ર અને ૨૦૨ રાષ્ટ્રપતિ પોલીસ મેડલથી પણ નવાજવામાં આવ્યા છે. CRPFને વર્ષ ૨૦૨૨-૨૩ માટે વર્તમાન બજેટમાં સૌથી વધુ ૨૯,૩૨૪.૯૨ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. તમામ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં સીઆરપી એફનું દળ સૌથી મોટું હોવાથી, CRPFને તમામ યોજનાઓ માટે મહત્તમ બજેટની ફાળવણી કરવામાં આવે છે. આ દળ પાસે તમામ સ્તરો માટે સૌથી વધુ સંખ્યામાં તાલીમ શાળાઓ અને એકેડમીઓ છે. ADG-સ્તરના અધિકારી જે હરિયાણાના કાદરપુરમાં CRPF એકેડેમીના વડા છે તે સીઆરપીએફની ટ્રેનિંગનું ધ્યાન રાખે છે. સુરક્ષાની વધતી જતી જટિલતા સાથે CRPF પણ તાલીમ અભ્યાસક્રમની સતત સમીક્ષા કરે છે.

તાલીમાર્થીએ ૫૨ અઠવાડિયાની તાલીમ પૂર્ણ કરવાની હોય છે, જેમાં ફાયરિંગની તાલીમનો સમાવેશ થાય છે. જ્યારે અધિકારીઓ CRPFના IED રૂમમાં IEDs પર નોલેજ મેળવે છે. કમાન્ડો માટે તાલીમનું બીજું સ્તર છે જેમણે શારીરિક પરીક્ષણો ક્લિયર કર્યા પછી મહિનાઓ સુધી તાલીમ લેવાની હોય છે. આ કમાન્ડો પછી CRPFના વિશિષ્ટ એકમોમાં સામેલ થાય છે. CRPFની આ તાલિમમાં જંગલમાં ટકી રહેવાની ટેકનિકલ, કોમ્બેટ ફીટનેસ, આઈઈડી કાઉન્ટર મેઝર્સ, ઈન્ટલિજન્સનું એકત્રિકરણ શીખવાડવામાં આવે છે. સીઆરપીએફના જવાનો અને અધિકારીઓને અત્યાધુનિક હથિયારો ચલાવતા શિખવાડવામાં આવે છે જેવાં કે MMG, AK-૪૭ Assault Rifle, Light Machine Gun, ૭.૬૨ mm Light Machine Gun, ૭-૯૫ Assault Rifles વગેરેનો તેમાં સમાવેશ થાય છે.

# ભુજ લોહાણા મહાજન દ્વારા નિઃશુલ્ક દ્રષ્ટિ સેવા કેમ્પ યોજાયો

ભુજ તા.૨૬
ભુજ લોહાણા મહાજન દ્વારા એલ.એન.એમ લાયન્સ હોસ્પિટલના સહકારથી અગીયારમાં દ્રષ્ટિ સેવા કેમ્પનું આયોજન સાંજે ૫ થી ૬ દરમ્યાન ભુજ લોહાણા મહાજન વાડી મધ્યે કરાયું હતું. લોહાણા મહાજન અને એલ. એન.એમ લાયન્સ હોસ્પિટલ ભુજનાં સંયુકત ઉપક્રમે સર્વે જ્ઞાતિ માટે દર મહિનાના ચોથા ગુરૂવારે યોજવામાં આવતા નિઃશુલ્ક મોતીયા વેલ, ઝામર અને પડદા ચેકઅપ કેમ્પમાં ૨૬ લાભાર્થીએ લાભ લીધો હતો, નબળા પડદા ધરાવતા તથા અન્ય આંખના રોગની આધુનીક મશીન દ્વારા દર્દીઓની તપાસણી કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જેમાં મોતીયા વેલના ૬ દર્દીઓના ઓપરેશન વિનામુલ્યે ભુજની લાયન્સ હોસ્પિટલ મધ્યે કરવામાં આવશે, આંખના નંબર પણ હોસ્પિટલ મધ્યે કાઢી આપવામાં આવસે, સામાન્ય આંખના દર્દીઓને આઈ ડ્રોપ્સ અને ઓપરેશન કરાવનાર દર્દીઓને પંદર દિવસની દવા અને કાળા ચશ્મા ફ્રી આપવામાં આવશે આ કેમ્પમાં લાયન્સ હોસ્પિટલના એડમીન હરેશ એસ.પરમાર, સંજય ભાટી, મેરામણભાઈ એ સેવા આપી હતી. ભુજ લોહાણા મહાજનનાં પ્રમુખ ડો.મુકેશ ચંદે, ઉપપ્રમુખ ધનશ્યામ ઠક્કર, મંત્રી હિતેશ ઠક્કર, સહમંત્રી



એલ.એન.એમ લાયન્સ હોસ્પિટલના સહકારથી ૧૧માં કેમ્પમાં ૨૬ લાભાર્થીઓ એ લાભ લીધો

સંજય ઠક્કર, ભાવેશ ઠક્કર, હર્ષદ ઠક્કર, દિનેશ દૈયા, ગોવિંદ ઠક્કર, જગદીશ ઠક્કર, ગિરધર ઠક્કર, બાલકૃષ્ણ ઠક્કર, ધિરજ ઠક્કર, દિલીપ ઠક્કર, હેમંત પલણ, રશ્મિકાંત ઠક્કર, પ્રાણલાલ ઠક્કર તથા મહાજનના સ્ટાફગણ કેમ્પને સફળ બનાવવા માટે વ્યવસ્થામાં સાથે રહ્યા હતા, અલ્પાહારની વ્યવસ્થા જગદિશ ઠક્કર તરફથી કરવામાં આવી હતી.

# ગુજરાતમાં રેલવે માટે આ વર્ષે રૂ. ૮,૭૪૩ કરોડની ફાળવણી : અશ્વિની વૈષ્ણવ

ભુજ તા.૨૬
ગુજરાતમાં રેલવે પ્રોજેક્ટો માટે ફાળવણીમાં જંગી વધારો થતાં આ વર્ષે રૂ.૮૭૪૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ વર્ષના અંદાજપત્રમાં જોગવાઈઓ અંગે મીડિયાને માહિતી આપતા કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક તથા આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૯-૨૦૧૪ દરમિયાન રૂ. ૫૮૯ કરોડના વાર્ષિક સરેરાશ ખર્ચની સરખામણીમાં ગુજરાત માટેના ખર્ચમાં આશરે ૧૫ ગણો વધારો થયો છે. મંત્રીએ માહિતી આપી હતી કે ગુજરાતમાં ૩૦,૮૨૬ કરોડની કિંમતના ૨,૯૪૮ કિમીને આવરી લેતા (નવા ટ્રેક) સહિત ૪૨ પ્રોજેક્ટ ચાલુ છે.સાથે એમ પણ જણાવ્યું હતું કે ગુજરાતના ૮૭ સ્ટેશનોને





અમૃત સ્ટેશન તરીકે વિકસાવવામાં આવશે જેમાં અમદાવાદ, આણંદ, અંકલેશ્વર, અસારવા, બારડોલી, ભચાઉ, ભક્તિનગર, ભાણવડ, ભરૂચ, ભાટિયા, ભાવનગર, ભેસ્તાન, ભીલડી, બીલીમોરા જંકશન, બોટાદ જંકશન, ચાંદલોડિયા, ચોરવાડ રોડ, ડભોઈ જંકશન, દાહોદ, ડાકોર, ડેરોલ, ધ્રાગધ્રા, દ્વારકા, ગાંધીધામ, ગોધરા જંકશન, ગોંડલ, હાપા, હિંમતનગર, જામ જોધપુર, જામ વંથલી, જામનગર, જુનાગઢ જંકશન, કલોલ જંકશન, કાનાલુસ જંકશન, કરમસદ, કેશોદ, ખંભાળિયા, કીમ, કોસંબા જંકશન , લખતર, લીંબડી, લીમખેડા, મહેમદાવાદ ખેરા રોડ, માહેસ્ના જંકશન, મહુવા, મણિનગર, મીઠાપુર, મિયાગામ કરજણ જંકશન, મોરબી, નડિયાદ જેએન, નવસારી, ન્યુ ભુજ, ઓખા, પડધરી, પાલનપુર જંકશન, પાલિતાણા, પાટણ, પોરબંદર, પ્રતાપનગર, રાજકોટ જંકશન, રાજુલા જંકશન, સાબરમતી બીજી, સાબરમતી એમજી, સચિન, સામખિયાળી, સંજાણ, સાવર કુંડલા, સાયનસિદ્ધપુર, સિહોર જંકશન, સોમનાથ, સોનગઢ, સુરત, સુરેન્દ્રનગર, થાન, ઉધના, ઉદવાડા, ઉમરગાંવ રોડ, ઊંઝા, ઉતરણ, વડોદરા, વાપી, વટવા, વેરાવળ, વિરમગામ, વિશ્વામિત્રી. ટ્રેકના વિકાસની વાત કરીએ તો, ૨૦૦૯-૧૪ દરમિયાન ૧૩૨ કિમીની સરખામણીમાં ૨૦૧૪-૨૦૨૪ દરમિયાન ૨૨૪ કિમી જ્યારે ગુજરાતમાં ૨૦૦૯-૧૪ દરમિયાન માત્ર ૧૩ કિમીની સરખામણીમાં ૨૦૧૪-૨૪ દરમિયાન ૩૦૦ કિમીનું વિદ્યુતી કરણ કરવામાં આવ્યું છે. વધુમાં, ૨૦૧૪ થી ગુજરાતમાં ૯૮૯ રેલ ફ્લાયઓવર અને અન્ડર-બ્રિજ બનાવવામાં આવ્યા છે.

# ચાંદીપુરા વાયરસ સામે અંજાર નગરપાલિકા દ્વારા તકેદારીના પગલાં



અંજાર તા.૨૬
રાજ્યભરમાં હાલમાં ચિંતાનો માહોલ સર્જનાર ચાંદીપુરા વાયરસ અને ચોમાસાની ઋતુને ધ્યાને લઈને અંજાર નગર પાલિકાદ્વારાજાગૃતિકેળવીવિવિધ આરોગ્ય લક્ષી પગલાં લેવામાં આવી રહ્યા છે.

શહેરના તમામ વોર્ડમાં જુદા જુદા વિસ્તારોમાં ઝેરી મચ્છરોના નાશ માટે મશીત દ્વારા ફોગિંગ કરવામાંઆવીરહ્યુંછે. પાલિકાના પ્રમુખ વૈભવકોડરાણી, ચીફ ઓફિસર પારસકુમાર મકવાણા, ઉપપ્રમુખ શિલ્પાબેન બુધ્ધભટ્ટી, કારોબારી ચેરમેન પાર્થ સોરઠીયા, આરોગ્ય સમિતિના ચેરમેન વિનોદ ચોટારા, અન્ય પદાધિકારીઓની સુચના અનુસાર આ ફોગિંગની કામગીરી ઓફિસ સુપ્રીટેન્ડન્ટ ખીમજી સિંધવની દેખરેખ હેઠળ મ્યુ. ઈજનેર વિદિત ચૌહાણ, સેની. ઈન્સ્પેક્ટર તેજપાલ લોચાણી, ડ્રેનેજ ઈજનેર સાવન પંડ્યા, આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહી છે, તેવું એક યાદીમાં પાલિકાના પ્રમુખ વૈભવ કોડરાણીએ જણાવ્યું હતું.

# દેવપર(યક્ષ) ગામે ચાંદીપુરા કેસઃ આરોગ્ય તંત્ર કામે લાગ્યું

આણંદપર(યક્ષ)તા.૨૬
રાજ્યમાં ચાંદીપુરા રોગનો વાયરસ જોવા મળી રહ્યો છે, નખત્રાણા તાલુકાના દેવપર(યક્ષ) ગામમાં ચાંદીપૂરાનો કેસ નીકળતા આરોગ્ય વિભાગ કામે લાગ્યું હતું. તા.૨૫/૭ના જિલ્લા પંચાયતની એન્ટોમોલોજીકલ ટીમ સવારે દેવપર(યક્ષ) પહોંચી હતી અને ચાંદીપુરા વાયરસ સેન્ડ ફ્લાયને શોધવાની કામગીરી જિલ્લા પંચાયત ટીમના ધારશી ભાનુશાલી, રિયાજ શેખ, પ્રદીપ અસારી, દિવ્યરાજસિંહ જાડેજાએ હાથ ધરી હતી. નખત્રાણા તાલુકાના દેવપર(યક્ષ), મોટાયક્ષ, સાંયરા(યક્ષ), પલીવાડ(યક્ષ), સુખસાણ, મોરગર(યક્ષ) તેમજ આણંદપર(યક્ષ) પ્રાથમિક શાળાઓમાં આરોગ્ય ખાતાના નખત્રાણા તાલુકાના એમ.ટી.એસ. અંજનીકુમાર રાયે બાળકોને ચાંદીપુરા રોગ કેવી રીતે ફેલાય છે, તેની જાણકારી આપતા



જણાવ્યું હતુ કે માખી જે પાણીમાં તેમજ ભેજવાળી જગ્યાએ વધારે જોવા મળતી હોય છે તેના દ્વારા આ ચાંદીપુરા રોગ ફેલાય છે, સૌથી વધારે ૦ થી ૧૪ વર્ષના બાળકોમાં રોગ પ્રતિકારક શક્તિના અભાવે તેના પર સંક્રમણ કરતી હોય છે.આ રોગ ૧૯૬૫ માં મહારાષ્ટ્ર રાજયના ચાંદીપુરા ગામે ફેલાયો હતો. એટલે આ રોગનું નામ ચાંદીપુરા જોવા મળે છે. આ ચાંદીપુરા રોગથી બચવા બહારના રોટી, ભેલ, પાણી-પુરી જેવા ખોરાક ખાવાનું બંધ કરવા તેમજ ધુળ (રેતી)માં હાલ પુરતુ રમવાનું ટાળવા, તેમજ ઘર આંગણે કે શેરીઓમાં ખાડામાં પાણી ભરાતા હોય તો રેતી નાખીને ખાડા પુરી નાખવા માર્ગદર્શન આપ્યું હતું, ઈનચાર્જ સૂપરવાઈઝર સંજય પાટીલ, ભામિક રાજ, ધારાબેન રૂડાની અને આશા વર્કર બહેનો હાજર રહ્યા હતા, શાળામાં દવા છંટકાવ વખતે આચાર્ય સુનિલ નાગુ, શિક્ષકો મિલિંદભાઈ, પુજાબેન, ગામના વિનોદ છાભૈયા તેમજ રમેશ સોનીએ સહયોગ આપ્યો હતો.

# FILMY ગપશપ

## અનિલ કપૂરનું બિગબોસ સલમાનથી વધુ લોકપ્રિય



મુંબઈ, તા.૨૬

અનિલ કપૂરે ડિજીટલ દુનિયામાં એક સંચાલક તરીકે બિગ બોસ ઓટીટી ૩થી ડેબ્યુ કર્યુ છે. આ શોની આગળની બે સીઝનનું સંચાલન સલમાન ખાન દ્વારા કરવામાં આવ્યું હતું. હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે દર્શકોએ અનિલ કપુરને સંચાલક તરીકે સ્વીકારી લીધો છે કારણ કે બિગબોસ ઓટીટીની ત્રીજી સીઝનને સૌથી વધારે વ્યૂ મળ્યા છે. આ શો ૨૧ જૂનથી શરૂ થયો છે અને એક જ મહિનામાં ઓટીટી પર આ વર્ષના છ મહિનામાં ૧૭ મિલિયન વ્યૂઝ સાથે સૌથી વધુ જોવાયેલા શોની યાદીમાં ટોપ પર પહોંચી ગયો છે. સલમાન હાલ તેની મૂર્ગદોસ સાથેની ફિલ્મ ‘સિકંદર’ની તૈયારીમાં વ્યસ્ત છે. તેથી તેણે બિગબોસ ૩ સ્વીકાર્યું નહીં. અનિલ કપુરના આ શોને પહેલાં અઠવાડિયામાં જ ૫.૩ મિલિયન વ્યૂ મળ્યા હતા જ્યારે બિગબોસ ઓટીટી ૨ને ૨.૪ મિલિયન વ્યૂ જ મળ્યા છે, આમ આ શોને પહેલાંની સીઝન કરતાં ૪૨ ટકા વધારે વ્યૂ મળ્યા છે. તેની પહેલાં ‘ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો’ અને ‘શાર્કટેન્ક ઈન્ડિયા’ સીઝન ૩થી, ‘રામ જન્મભૂમિઃ રિટર્ન ઓફ એ સ્પ્લેન્ડિડ સન’, ‘ધ ઈન્દ્રાણી મુખર્જી સ્ટોરીઃ બરીડ ટ્રુથ’ અને ‘લવ સ્ટોરિયા’ ઓટીટી પર નોન ફિક્શનમાં ટોપના શો રહ્યા હતા. બિગબોસ આ વખતે જિઓ સિનેમા પ સ્ટ્રીમ થાય છે, જેમાં રણવીર શૌરી, લવકેશ કટારિયા, સના સુલતાન, સના મકબુલ, સાઈ કેતન રાવ, શિવાની કુમારી, વિશાલ પાંડે, નૈઝી, અરમાન મલિક અને કૃતિકા મલિક છે. આ ઉપરાંત અનિલ કપુર ‘સુબેદાર’ની તૈયારીમાં વ્યસ્ત છે,જેમાં તે ડિરેક્ટર સુરેશ ત્રિવેણી સાથે પહેલી વખત કામ કરશે. આ સિવાય તે યશરાજ સ્પાય યુનિવર્સની ફિલ્મ ‘વૉર ૨’, ‘આલ્ફા’ અને ‘પઠાણ ૨’માં પણ રૉના હેડની ભૂમિકામાં હોવાનું માનવામાં આવે છે.

## મુકેશ અંબાણી એ ૨ મહિના માટે ૭ સ્ટાર હોટલ બુક કરાવી



**હવે લંડનમાં મુકેશ અંબાણી અને નીતા અંબાણીના સૌથી નાના પુત્ર અનંત અંબાણીના લગ્નની ઉજવણી થશે**

મુંબઈ, તા.૨૬

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ ના લગ્નની ઉજવણી હજી સમાપ્ત થઇ નથી. ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને નીતા અંબાણીના સૌથી નાના પુત્ર અનંત અંબાણીના લગ્ન આ મહિને ૧૨ જુલાઈએ થયા હતા.

અનંત રાધિકાના લગ્નની ઉજવણી લાંબા સમય સુધી ચાલી હતી, જેમાં જામનગરમાં પ્રી-વેડિંગ પાર્ટીથી માંડીને ઈટાલીમાં ક્રુઝ પાર્ટી અને ત્યારબાદ હલ્દી, મહેંદી, સંગીત, લગ્નની ઉજવણી કરવામાં આવી છે. આ ગ્રાન્ડ વેડિંગ બાદ પણ રાધિકા અને અનંતે પોતાના સ્ટાફ અને વર્કર્સ માટે રિસેપ્શન પણ રાખ્યું હતું.

લોકોના મનમાં એક સવાલ હતો કે અનંત રાધિકા નું વેડિંગ સેલિબ્રેશન ક્યારે સમાપ્ત થશે, પરંતુ લાગે છે કે અંબાણી પરિવાર હજુ પણ આ સેલિબ્રેશન પુરું કરવાના ઈરાદામાં મૂડમાં. ધ સનના રિપોર્ટ અનુસાર, મુકેશ અંબાણીએ લંડનમાં ૭ સ્ટાર હોટલ બુક કરાવી છે. આ હોટલને અંબાણીએ ૨ મહિના માટે એટલે કે સપ્ટેમ્બર સુધી બુક કરાવી છે. જણાવવામાં આવી રહ્યું છે કે અનંત રાધિકાના લગ્ન પછીનું ફંકશન અહીં હશે અને આ સેલિબ્રેશનમાં ઘણા વિદેશી મહેમાનો જોડાઈ શકે છે.

અનંત રાધિકા પોસ્ટ વેડિંગ સેલિબ્રેશનમાં અનેક જાણીતી બ્રિટિશ હસ્તીઓ હાજરી આપશે. મીડિયા રિપોર્ટ અનુસાર અંબાણીએ લંડનની ૭ સ્ટાર હોટલ સ્ટોક પાર્ક બુક કરાવી છે. તેને અંબાણીએ વર્ષ ૨૦૨૧માં પણ લીઝ પર લીધી હતી. હવે આ હોટલમાં તેમના નાના પુત્ર અનંત અંબાણીના લગ્ન યોજાશે. ‘ધ સન’ના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે મુકેશ અંબાણીએ સપ્ટેમ્બર સુધી આ ગ્રાન્ડ ૭ સ્ટાર હોટલ બુક કરાવી છે.

અનંત રાધિકાના લગ્નની ચર્ચા પણ દુનિયાભરમાં થઈ હતી. આ લગ્ન અને તેના પ્રી વેડિંગ ફંકશનમાં ઘણા હોલિવૂડ સ્ટાર્સ, રાજકારણીઓ અને બિઝનેસમેન હાજર રહ્યા હતા. રિહાનાએ પ્રી-વેડિંગ ફંકશનમાં પરફોર્મ કર્યુ હતુ. આ ફંકશનમાં માર્ક ઝુકરબર્ગે પણ હાજરી આપી હતી. લગ્નના ફંકશનમાં જસ્ટિન વેબરે પર્ફોમન્સ આપ્યું હતું. આ સાથે જ આ લગ્નમાં ફિફા વર્લ્ડ કપના ચેરમેનથી લઈને યુકેના પૂર્વ વડાપ્રધાન પણ સામેલ થયા હતા.

## અભિષેકે દીકરી આરાધ્યા પર લગાવ્યા છે પ્રતિબંધ?



મુંબઈ, તા.૨૬

બોલિવૂડ એક્ટર અભિષેક બચ્ચન લાંબા સમયથી અલગ-અલગ પાત્રો ભજવી રહ્યા છે. જો કે, તેની ફ્લોપ ફિલ્મોને કારણે તે ઘણીવાર સોશિયલ મીડિયા પર ટ્રોલ થાય છે. પરંતુ એકવાર અભિનેતાએ સોશિયલ મીડિયા પર પુત્રી આરાધ્યાના સંબંધમાં સીમાઓ વિશે ખુલ્લેઆમ વાત કરી હતી. જ્યારે પણ અભિષેક બચ્ચનને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવામાં આવે છે ત્યારે તે તેનો જવાબ આપવામાં જરાય શરમાતો નથી. તેણે એકવાર ઈ-ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યુમાં આ અંગે ખુલીને વાત કરી હતી. અભિનેતાએ કહ્યું હતું કે તે પુત્રી આરાધ્યાને આ બધાથી દૂર રાખવા માંગે છે. અભિષેક બચ્ચને કહ્યું, હું સોશિયલ મીડિયા વિશે સ્પષ્ટ કહું છું કે એવી કેટલીક વસ્તુઓ છે જે મને આનંદ આપે છે. હું તેમાંથી આવતી રમૂજ અને માહિતીનો આનંદ માણું છું. પરંતુ કેટલીક એવી વસ્તુઓ છે જે મને આરામદાયક નથી લાગતી. આ બધાથી દૂર રહેવું જોઈએ.”અભિષેક બચ્ચને વધુમાં કહ્યું હતું કે, ‘હું લોકોને સોશિયલ મીડિયા પર દરેક વાતની આઝાદી ન આપી શકું. જો મને લાગે છે કે સીમા લાદવાની જરૂર છે, તો હું ચોક્કસપણે તેને લાદીશ. સોશિયલ મીડિયા પર મારા વિશે ચર્ચા કરવાનો કોઈને અધિકાર નથી. મારા માતા-પિતા, હું અને મારી પત્ની સાર્વજનિક વ્યક્તિઓ છીએ, તેથી મને લાગે છે કે તમે તેના વિશે વાત કરી શકો છો પરંતુ આની પણ એક મર્યાદા છે.’

### ડિરેક્ટર પ્રશાંત નીલ ઓગસ્ટમાં ‘સાલાર ૨’નું શૂટ શરૂ કરવા માગે છે

## પ્રભાસ પણ અક્ષયકુમારના માર્ગે? એક સાથે ત્રણ ફિલ્મોમાં કામ કરશે



**એક વખતે સફળતાના કારણે અક્ષય કુમાર પાસે પણ અનેક ઓફર આવવા લાગી અને તેણે સ્વીકારી પણ લીધી**

મુંબઈ, તા.૨૬

પ્રભાસની ‘કલ્કિ’ને બોક્સ ઓફિસ પર સફળતા મળી તેથી હાલ તે ખૂબ ઉત્સાહમાં છે. તેણે એ સાબિત કરી દીધું છે કે તે એક માત્ર તેલુગુ સ્ટાર છે જે તેલુગુ ભાષી રાજ્યો સાથે હિન્દી દર્શકો અને વિદેશોમાં પણ ફિલ્મને મોટી સફળતા અપાવી શકે છે.

હાલ હવે તે આ વર્ષના અંત ભાગમાં બે નવી ફિલ્મો પર કામ શરૂ કરશે, સાથે જ હાલ તે જે ફિલ્મમાં કામ કરી રહ્યો છે તે પણ ચાલુ રાખશે. ડિરેક્ટર પ્રશાંત નીલ ઓગસ્ટમાં ‘સાલાર ૨’નું શૂટ શરૂ કરવા માગે છે, તેમાં પ્રભાસે પણ જોડાવું પડશે. આ ‘કલકી’ પછી તેની પહેલી ફિલ્મ હશે. આ સિવાય પ્રભાસ ફિલ્મ મેકર હનુ રાઘવપુડીની પિરીયડ ડ્રામા પણ આ વર્ષના અંત સુધીમાં શરૂ કરી દેશે. આમ ટૂંક સમયમાં પ્રભાસ એક સાથે બે ફિલ્મો શરૂ કરશે.

આ ઉપરાંત તે મરાઠી ફિલ્મ ‘ધ રાજા સાબ’ પણ પૂરી કરશે. ઘણા વર્ષોથી આ ફિલ્મનું શૂટિંગ ચાલે છે. તો બીજી તરફ ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ પણ ૨૦૨૫ની શરૂઆતમાં શરૂ થશે. એક વખતે સફળતાના કારણે અક્ષય કુમાર પાસે પણ અનેક ઓફર આવવા લાગી અને તેણે સ્વીકારી પણ લીધી.

એક પછી એક અક્ષયની એટલી બધી ફિલ્મો આવવા લાગી કે સ્થિતિ એવી થઈ કે જાણે ઓડિયન્સને તેની ફિલ્મો જોવામાં રસ જ ન રહ્યો અને પછી તેની ફિલ્મો એક પછી એક બોક્સ ઓફિસ પર નિષ્ફળ થવા માંડી. આમ કલ્કિ અને બાહુબલિની કે સાલારની સફળતાને કારણે પ્રભાસ પણ એક પછી એક ફિલ્મો સ્વીકારવા માંડ્યો છે અને આ ફિલ્મો એક પછી એક રિલીઝ થયા કરશે કે એક સાથે ક્લેશ થશે તો તેમની સ્થિતિ પણ અક્ષય કુમારની ફિલ્મો જેવી થવાનો ડર પ્રભાસના ફૅન્સને સતાવવા લાગ્યો છે. હવે આવનારા દિવસોમાં જોવાનું રહ્યું કે, પ્રભાસની કઈ ફિલ્મ ક્યારે આવે છે અને કેટલી ચાલે છે.

## કૌન બનેગા કરોડપતિની નવી સિઝન વધુ થ્રિલિંગ હશે




મુંબઈ, તા.૨૬

કૌન બનેગા કરોડપતિની ૧૫મી સિઝનના અંતિમ એપિસોડમાં અમિતાભ બચ્ચને એવી રીતે વિદાય લીધી હતી, જાણે દર્શકોને લાગ્યું હતું કે હવે અમિતાભ બચ્ચન અને કેબીસીને એકસાથે જોઈ શકાશે નહીં. પરંતુ લોકચાહના અને લોકલાગણીને માન આપીને ફરી તેની ૧૬મી સિઝનની જાહેરાત કરવામાં આવી ત્યારે પણ લોકોને લાગેલું કે આટલું ઝડપી નવી સીઝન નહીં આવે. સરપ્રાઈઝની આ પરંપરાને કેબીસીના નવા પ્રોમોએ આગળ વધારી છે. પ્રોમોમાં ‘કૌન બનેગા કરોડપતિ’ની ૧૬મી સિઝનની તારીખ જાહેર થઈ છે.

૧૨ ઓગસ્ટથી નવી સિઝનને અમિતાભ બચ્ચન જ હોસ્ટ કરશે. આ વખતની સીઝન વધુ થ્રિલિંગ અને પ્રતિસ્પધીઓ માટે વધુ જીવન બદલવાની વધુ તક આપનારી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. તેની ટૅગ લાઇન આપવામાં આવી છે કે,“ઝિંદગી હે, હર મોડ પર સવાલ પૂછેગી, જવાબ તો દેના હોગા!” જે સૂચવે છે કે આ વખતે વધારે સંખ્યામાં અને વધારે પ્રકારના પ્રશ્નો હશે, જેના જવાબો આપવામાં મુશ્કેલીનો સામનો કરવો પડશે.

કેબીસી રમત અને પૈસા જીતવાની સાથે ડ્રામા અને ઉત્સુકતા તેમજ ભાવનાઓની રોલકોસ્ટર રાઈડ ગણાય છે. જેમાં લોકોની ભાવનાત્મક અને પ્રેરણાત્મક કહાણીઓ ઉપરાંત તમે જ્ઞાનનો ભંડાર પણ ઘેર બેઠાં મેળવી શકો છો, આમ તે દરેક પ્રકારના દર્શકવર્ગને આકર્ષે તેવો શો છે.

### લગ્નનું વિચારતા કપલ સામે પેરેન્ટ્સની લવ લાઈફ આવે તો...

## ઘુડચડીઃ બે જોડી, કોણ ફાવી જશે? ફિલ્મનું પહેલું પોસ્ટર રિલીઝ



**સંજય દત્ત, રવિના ટંડન, પાર્થ સમથાન અને ખુશાલી કુમાર ‘ઘુડચડી’માં સાથે કામ કરતાં જોવા મળશે**

મુંબઈ, તા.૨૬

સંજય દત્ત, રવિના ટંડન, પાર્થ સમથાન અને ખુશાલી કુમાર ‘ઘુડચડી’માં સાથે કામ કરતાં જોવા મળશે. તાજેતરમાં આ ફિલ્મનું પહેલું પોસ્ટ રિલીઝ કરવામાં આવ્યું હતું. હવે તેનું ટ્રેલર લોંચ કરવામાં આવ્યું છે. ૨ મિનિટ અને ૫૩ સેકન્ડના આ ટ્રેલરની શરુઆત ચાર્મિંગ યુવાનનું પાત્ર ભજવતા પાર્થ સમથાનની એક બિઝનેસ ડીલ દરમિયાન ખુશાલી કુમાર સાથે મુલાકાત થાય ત્યાંથી થાય છે. તેઓ પ્રેમમાં પડે છે અને લગ્ન કરવાનો નિર્ણય લે છે, જેમાં સંજય દત્ત પાર્થના પિતાનો રોલ કરે છે, જે તેના જૂના પ્રેમ, રવિના સાથે ટંડન સાથે સંપર્કમાં આવે છે અને તેઓ લગ્ન કરવાનો નિર્ણય લે છે.

આ બધું જ ચિત્ર બદલાઈ જાય છે, જ્યારે પાર્થ અને ખુશાલીને ખબર પડે છે કે તેમના પૅરેન્ટ્સ ક્યારેક પ્રેમીઓ હતા અને તેઓ ફરી સંપર્કમાં આવ્યાં છે અને પ્રેમમાં પડ્યાં છે. હવે જો તેમના પૅરેન્ટ્સ લગ્ન કરે તો તેમના સંબંધોમાં પણ તેની અસર પડે. જોકે, આ પ્રકારના વિષયો પર તાજેતરમાં જ ઓટીટી પર ફિલ્મ આવી ચૂકી છે. તો હવે એ જોવાનું રહ્યું કે દર્શકોને આ ફિલ્મમાં કેટલો રસ પડશે અને કોણ કોની સાથે જોડી જમાવશે. પાર્થ સમથાને એક ઈન્ટર્વ્યુ કહ્યું હતું કે, ફિલ્મ સતત પાછી ઠેલાવાથી તેની ચિંતા બહુ વધી ગઈ છે. ક્યારેક તો તેને પોતાના કેરિઅર વિશે પણ ચિંતા થઈ આવતી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે આ ઈન્ડસ્ટ્રીમાં સફળતા મળે તો જ આગળ વધારે તકો મળે છે. જો લોકો તમારા કામને જાણે, તો તમને વધારે કામ મળે છે, પણ જો તમે દેખાશો જ નહીં તો તમે જલ્દીથી ભુલાઈ જશો. ‘ઘુડચડી’ ફિલ્મ બિનોય ગાંધી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ એક મનોરંજન, રોમાન્સ, ડ્રામાનું મિશ્રણ છે, જે દરેક ઉમરના દર્શકને જોવી ગમે. આ ફિલ્મ જિઓ સિનેમા પર ૯ ઓગસ્ટથી સ્ટ્રીમ થશે.

# SPORTS કોર્નર

## ટીમ ઈંડિયાએ બાંગ્લાદેશને હરાવીને ફાઈનલમાં કરી ધમાકેદાર એન્ટ્રી




નવી દિલ્હી, તા.૨૬

ભારતે બાંગ્લાદેશના ૧૦ વિકેટ હરાવીને મહિલા એશિયા કપની ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. ટીમ ઈંડિયાની ફાઈનલમાં પાકિસ્તાન સામે ટક્કર થઈ શકે છે.

પાકિસ્તાની ટીમ સેમીફાઈનલમાં મેજબાન શ્રીલંકા સાથે ટક્કર થશે. બાંગ્લાદેશ તરફથી આપવામાં આવેલા ૮૧ રનના ટાર્ગેટનો પીછો કરતા ભારતે એક પણ વિકેટના નુકસાન વિના ૧૧મી ઓવરમાં ૮૩ રન બનાવીને આ મેચ જીતી લીધી હતી. ઓપનર સ્મૃતિ મંધાનાએ નોટઆઉટ ૫૫ રનની ઈનિંગ્સ રમી હતી, જ્યારે શેફાલી વર્માએ ૨૬ રન બનાવીને નોટઆઉટ રહી હતી.

દાંબુલા ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં બાંગ્લાદેશે પહેલા બેટીંગ કરતા ૮ વિકેટ પર ૮૦ રન બનાવ્યા. ભારત તરફથી રેણુકા સિંહ અને રાધા યાદવે ૩-૩ વિકેટ લીધી હતી. જવાબમાં ભારતે ૬૬ બોલ પર ૮૩ રન બનાવીને મેચને પોતાના નામે કરી હતી. ટીમ ઈંડિયાએ અજેય રહેતા ફાઈનલમાં એન્ટ્રી કરી હતી. મંધાના અને શેફાલીએ ભારતને શાનદાર શરુઆત અપાવી હતી. મંધાનાએ અડધી સદીની ઈનિંગ્સમાં ૩૯ બોલ પર ૯ ચોગ્ગા અને એક છગ્ગો લગાવ્યો હતો. શેફાલીએ ૨૮ બોલ પર ૨ ચોગ્ગા લગાવ્યા હતા.

ભારતીય ટીમ ૯મી વાર મહિલા એશિયા કપની ફાઈનલમાં પહોંચી છે. ટીમ ઈંડિયા ૨૦૦૪, ૨૦૦૫, ૨૦૦૬, ૨૦૦૮, ૨૦૧૨, ૨૦૧૬ અને ૨૦૨૨માં ચેમ્પિયન બની હતી. આ ઉપરાંત ભારત ૨૦૧૮માં ફાઈનલમાં પહોંચી હતી. ટીમ ઈંડિયા ફરી એક વાર ફાઈનલમાં પ્રવેશ કરી ચુકી છે. ફાઈનલમાં ભારતીય ટીમ સાથે પાકિસ્તાન અથવા શ્રીલંકાની ટક્કર નિશ્ચિત છે.

ઓપનર સ્મૃતિ મંધાનાએ આ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધીમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. મંધાનાએ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં છેલ્લી ૯ ઈનિંગ્સમાં ૧૧૭, ૧૩૬, ૯૮, ૧૪૯, ૪૫, ૧૩ અને ૫૫ રન કર્યા છે. ફાઈનલ રવિવારે રમાશે. ટીમ ઈંડિયાએ સેમીફાઈનલમાં પહેલા ગ્રુપ સ્ટેજમાં પાકિસ્તાન, નેપાળ અને યૂએઈને હરાવ્યા હતા.

## રાહુલ દ્રવિડના દીકરા સમિતને કારકિર્દીનો પહેલો કોન્ટ્રાક્ટ મળ્યો



નવી દિલ્હી, તા.૨૬

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કોચ રાહુલ દ્રવિડનો દીકરો પણ ક્રિકેટ રમે છે. મિડિયમ પેસ બોલિંગની સાથે સાથે સમિત દ્રવિડ મિડલ ઓર્ડરમાં પણ બેટિંગ કરે છે. રાહુલ દ્રવિડના દીકરા સમિત દ્રવિડને તેની કારકિર્દીનો પહેલો કોન્ટ્રાક્ટ મળ્યો છે. તેને મહારાજા ટ્રોફી ҝજીઝછ્ ૨૦ લીગમાં આ કોન્ટ્રાક્ટ મળ્યો છે. ગત સિઝનની રનર અપ મૈસુર વોરિયર્સે સમિત દ્રવિડને ૫૦ હજાર રૂપિયામાં ખરીદ્યો છે. દ્રવિડ બેંગલુરુનો રહેવાસી છે અને સ્થાનિક લેવલે ક્રિકેટ રમે છે. બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં મહારાજા ટ્રોફી KSCA T20 લીગ માટે ખેલાડીઓની હરાજી યોજાઈ હતી. જેમાં ૨૪૦ ખેલાડીઓ પર બોલી લગાવવામાં આવી હતી. આ ખેલાડીઓમાં શ્રેયસ ગોપાલ, કૃષ્ણપ્પા ગૌતમ અને જે સુચિથ જેવા ખેલાડીઓનો સમાવેશ થાય છે. ૧૮ વર્ષીય સમિત દ્રવિડ કર્ણાટકની અંડર-૧૯ ટીમનો ભાગ હતો જેણે તાજેતરમાં કૂચ બિહાર ટ્રોફી જીતી હતી. સમિત અલુરમાં લેક્રેશાયર સામેની ત્રણ દિવસીય મેચમાં KSCA XIનો પણ ભાગ હતો.

મૈસુર વોરિયર્સની ટીમમાં સમિત દ્રવિડ ઉપરાંત કરુણ નાયર, પ્રસિધ ક્રિષ્ના, કૃષ્ણપ્પા ગૌતમ અને જે સુચિથ પણ રમશે. આવા કેટલાક સિનિયર અને IPL રમી ચૂકેલા ખેલાડીઓ સાથે રમવાની તેને તક પણ મળશે. મૈસૂર વોરિયર્સે આ વખતે પણ કરુણ નાયરને જાળવી રાખ્યો છે.

આ સિવાય વોરિયર્સે કૃષ્ણપ્પા ગૌતમને ૭.૪ લાખ રૂપિયામાં અને જે સુચિથને ૪.૮ લાખ રૂપિયામાં ખરીદ્યો છે. ટીમ ઈન્ડિયામાં રમી ચૂકેલા અને સર્જરી બાદ મેદાનમાં પરત ફરી રહેલા પ્રસિધ ક્રિષ્નાને ટીમે એક લાખ રૂપિયામાં ખરીદ્યા છે.

આ હરાજીમાં એલઆર ચેતન સૌથી મોંઘો ખેલાડી સાબિત થયો હતો. ચેતનને બેંગલુરુ બ્લાસ્ટર્સે ૮.૨ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો.

## પેરિસ ઓલિમ્પિક ઓપનિંગ સેરેમની અગાઉ રેલ નેટવર્ક ઠપ



પેરિસ, તા.૨૫

પેરિસમાં રમતોના મહાકુંભ ઓલિમ્પિકનો પ્રારંભ થઈ રહ્યો છે. ફ્રાન્સની રાજધાનીમાં અનેક દેશોના ખેલાડીઓ આ મહાકુંભમાં ભાગ લેવા એકત્ર થયા છે અને સીન નદી પર ઐતિહાસિક ઓલિમ્પિક સમારોહની ઓપનિંગ સેરેમનીની તૈયારીઓ પણ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ દરમિયાન ફ્રાન્સની હાઈસ્પીડ રેલ્વે લાઈનો પર હુમલો કરવામાં આવ્યો છે. આ કારણે ઓલિમ્પિકની શરૂઆત પહેલા જ પેરિસમાં રેલ વ્યવહાર ખોરવાઈ ગયો છે. ફ્રાન્સની નેશનલ રેલ કંપની એસએનસીએફએ શુક્રવારે જણાવ્યું કે, હાઈ-સ્પીડ લાઈનો પર ઘણી શંકાસ્પદ ગતિવિધિઓ થઈ હતી. ક્યાંક આગ લગાડવામાં આવી છે તો ક્યાંક પાટા ઉખડેલા નજરે પડી રહ્યાં છે. આ કારણે ઓલિમ્પિક ગેમ્સના ઉદઘાટન સમારોહના દિવસે રેલવે ટ્રાફિકમાં વિક્ષેપ પડ્યો છે. ફ્રાન્સમાં આ રમત પૂર્વે હુમાલો વધતા ઓલિમ્પિક ૨૦૨૪ની મેજબાની ફ્રાન્સ માટે વધુ જોખમી બની રહી છે.

SNCFએ જાહેરાત કરી છે કે ફ્રાન્સના પશ્ચિમ, ઉત્તર અને પૂર્વમાં રેલ લાઇનને ભારે અસર થઈ છે. પેરિસઓલિમ્પિકનાઉદઘાટનસમારોહના થોડા કલાકો પહેલા જ બનેલી ઘટનાઓની ફ્રેન્ચ અધિકારીઓએ નિંદા કરી હતી. જોકે આ ઘટનાઓ ઓલિમ્પિક ગેમ્સ સાથે જોડાયેલી હોવાના કોઈ તાત્કાલિક સંકેત મળ્યા નથી.

જીઇ્રઝ્ર ગ્રુપના પ્રમુખે કહ્યું કે ૮ લાખ ટ્રેન મુસાફરોને સીધી અસર થઈ છે. ઓલિમ્પિક ગેમ્સ માટે નેટવર્ક તૈયાર હતું પરંતુ હવે તેઓ રેલવે નેટવર્કને શક્ય તેટલી વહેલી તકે રિપેર કરવા માટે હજારો કર્મચારીઓને કામે લગાડી રહ્યાં છીએ. સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ, યુરોસ્ટાર (રેલવે કંપની)એ જણાવ્યું કે, તોડફોડની ઘટનાઓને કારણે લંડન અને પેરિસ વચ્ચેની સેવાઓ પણ ખોરવાઈ ગઈ છે. પરિણામે ઘણી ટ્રેનો રદ થઈ છે. પેરિસ આવતી અને જતી તમામ હાઇ સ્પીડ ટ્રેનોને જુલાઈ ૨૬ ક્લાસિક લાઈન દ્વારા ડાયવર્ટ કરવામાં આવી રહી છે, જેના કારણે મુસાફરીના સમયમાં લગભગ દોઢ કલાકનો વધારો થયો છે. પેરિસ ઓલિમ્પિક, ૨૦૨૪ના ઉદઘાટન સમારોહને ૭,૫૦૦ એથલીટ અને VIIP સહિત લગભગ ૬ લાખ દર્શકો નિહાળશે તેવી અપેક્ષા છે. ઓપનિંગ સેરેમની માટે ૨,૨૨,૦૦૦ ફ્રી ટિકિટ રાખવામાં આવી છે, જ્યારે ૧,૦૪,૦૦૦ પેઈડ ટિકિટ ઈશ્યુ કરવામાં આવી છે.

# ભાજપના દિગ્ગજ નેતા પ્રભાત ઝાનું નિધન



નવી દિલ્હી, તા.૨૬

ભારતીય જનતા પાટીના વરિષ્ઠ નેતા પ્રભાત ઝાનું નિધન થયું છે. તેમના નિધનના સમાચારથી પાટી અને તેના સમર્થકોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. પ્રભાત ઝાએ તેમની રાજકીય કારકિદીમાં દેશની રાજનીતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું અને ભાજપમાં મહત્વપૂર્ણ હોદ્દા પર રહ્યા હતા. તેમના નિધનથી રાજકીય જગતમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. તેઓ લાંબા સમયથી બીમાર હતા. ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. તેઓ મધ્યપ્રદેશમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ પણ હતા. ભાજપના વરિષ્ઠ નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ અધ્યક્ષ પ્રભાત ઝા એક ગતિશીલ નેતા હતા અને પાટીમાં તેમનો સારો પ્રભાવ હતો. તેમનો જન્મ ૪ જૂન ૧૯૫૭ના રોજ બિહારના દરભંગામાં થયો હતો. પરંતુ તેઓ બાળપણમાં જ પરિવાર સાથે ગ્વાલિયર આવ્યા હતા. જેમનું પ્રાથમિક શિક્ષણ પણ ગ્વાલિયરમાં જ થયું હતું. તેમણે ગ્વાલિયરની પીજીવી કોલેજ માંથી બીએસસી, માધવ કોલેજ માંથી પોલિટિકલ સાયન્સમાં એમએ અને એમએલબી કોલેજ માંથી એલએલબીની ડિગ્રી મેળવી. તેમના નજીકના લોકોનું કહેવું છે કે તેમનો શરૂઆતથી જ સંઘની વિચારધારા સાથે ખાસ સંબંધ હતો. તેમણે પોતાની કારકિદીની શરૂઆત પત્રકારત્વથી કરી હતી. ત્યારબાદ તેઓ રાજકારણમાં આવ્યા ભાજપ નું સભ્યપદ લીધું. એક સારા વક્તા ઉપરાંત તેઓ એક સારા લેખક પણ હતા. જેમણે અનેક પુસ્તકો પણ લખ્યા છે. પ્રભાત ઝાના લગ્ન રંજના ઝા સાથે થયા હતા. તેમના બે પુત્રો તુષ્મુલ અને આયતન. ઝા ઘણા સમયથી બીમાર હતા. જેમને લગભગ ૨૬ દિવસ પહેલા ભોપાલની એક ખાનગી હોસ્પિટલમાંથી ગુરુગ્રામ લઈ જવામાં આવ્યા હતા.

# કાશી વિશ્વનાથ મંદિરના પ્રતિબંધ વિસ્તારમાં ફોટો પડાવતા વિવાદ

વારાણસી, તા.૨૬

યુટ્યૂબર અને બિગ બોસ ઓટીટી ૨ ના વિનર એલ્વિશ યાદવની મુશ્કેલી ઓછી થવાનું નામ લઈ રહી નથી. તે પહેલેથી કોબ્રા કાંડમાં ફસાયેલો છે. આ કેસ અંતર્ગત પૂછપરછ પણ ચાલી રહી છે. આ મામલો ખતમ પણ થયો નથી કે એલ્વિશ વધુ એક નવી મુશ્કેલીમાં ફસાઈ ગયો છે. તેના વિરુદ્ધ વારાણસીમાં ફરિયાદ નોંધાઈ છે.

૨૬ જુલાઈના રોજ એલ્વિસ યાદવે વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરના પ્રતિબંધ વિસ્તારમાં ફોટો પડાવ્યો જ્યારે તે સ્થળે ફોટોગ્રાફીની પરવાનગી નથી.

જ્યારે સોશિયલ મીડિયા પર એલ્વિશ યાદવની તસવીર સામે આવી તરત જ તેની ફરિયાદ કરવા માટે જિલ્લા મુખ્યાલય પર પોલીસ અધિકારીની ઓફિસમાં ફરિયાદકર્તા પહોંચી ગયા. વકીલ ફરિયાદકર્તાઓએ આ અંગે પોલીસ અધિકારીને લેખિતમાં ફરિયાદ કરી છે. તે બાદ પોલીસે તપાસનું આશ્વાસન પણ આપ્યુ છે. કેસની તપાસ ડીસીપીને સોંપી દેવાઈ છે.

વારાણસી ફરવા નીકળેલા એલ્વિશે બાબા કાશી વિશ્વનાથના દર્શન કર્યા પરંતુ આ દરમિયાન સુવર્ણ શિખરની પાસે તેણે ફોટો





## યુટ્યુબર એલ્વિશ યાદવના માથે ફરી મુશ્કેલી : એલ્વિશ યાદવ વિરુદ્ધ વારાણસીમાં ફરિયાદ નોંધાઈ

પડાવીને એક નવી મુશ્કેલી ઊભી કરી દીધી. જ્યારે તેની તસવીર બાબા કાશી વિશ્વનાથના સુવર્ણ શિખરની સાથે વાયરલ થઈ અને અમુક લોકોએ હોબાળો મચાવી દીધો કેમ કે આ વિસ્તાર પ્રતિબંધિત રેડ ઝોન છે અને ત્યાં ફોટોગ્રાફી પર પ્રતિબંધ છે. એલ્વિશની આ હરકત સામે વારાણસી જિલ્લા મુખ્યાલય પર સ્થિત સંયુક્ત પોલીસ કમિશનર હેડક્વાર્ટર અને ક્રાઈમ ઓફિસ પહોંચીને વકીલોએ આ અંગે ફરિયાદ કરી.

ફરિયાદકર્તા વકીલ પ્રતીક સિંહે જણાવ્યું કે એલ્વિશ યાદવ એક ગુનાહિત પ્રવૃત્તિઓની વ્યક્તિ છે. તેણે કેવી રીતે બાબા કાશી વિશ્વનાથના પ્રતિબંધિત વિસ્તારમાં પહોંચીને ફોટો પડાવ્યો. આ મામલાની તપાસ થવી જોઈએ અને જેમણે ફોટો પાડ્યો છે તેમની પર પણ કાર્યવાહી થવી જોઈએ. કેમ કે જે સ્થળ પર ફોટો પાડવામાં આવ્યો છે તે સંપૂર્ણપણે પ્રતિબંધિત છે જ્યાં એક પેન પણ લઈ જઈ શકાતી નથી ત્યાં આખરે ફોટોગ્રાફી કેવી રીતે થઈ શકે છે.

આ મામલે વારાણસીના પોલીસ હેડ ક્વાર્ટર અને ક્રાઈમના જોઈન્ટ કમિશનર ડો કે. એજીલર્સને જણાવ્યું કે અમુક લોકોની તરફ થી સમગ્ર મામલાની ફરિયાદ મળી છે. જે બાદ જ્ઞાનવાપી સુરક્ષા DCPને આની તપાસ સોંપવામાં આવી છે. યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. કાશી વિશ્વનાથ મંદિરમાં પહોંચનાર વીઆઈપી લોકોની થઈ રહેલી ફોટોગ્રાફી પર સંયુક્ત પોલીસ કમિશનર વારાણસીએ કહ્યું કે એવા આરોપ ના લગાવો ચારે તરફ કડક સુરક્ષાની વ્યવસ્થા છે.

# પાંચ વર્ષ કુદરતી કારણોસર અને શિકારના કારણે ૬૨૮ વાઘોના મોત

નવી દિલ્હી, તા.૨૬

દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલા વાઘના મોત થયા અને વાઘના હુમલામાં કેટલા વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો, તે અંગે સરકારે સંસદમાં આંકડા રજૂ કર્યા છે. આંકડા મુજબ છેલ્લા પાંચ વર્ષ કુદરતી કારણોસર અને શિકારના કારણે ૬૨૮ વાઘોના મોત થયા છે. નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA)ના રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૯માં દેશમાં ૯૬ વાઘના, ૨૦૨૦માં ૧૦૬, ૨૦૨૧માં ૧૨૭, ૨૦૨૨માં ૧૨૧ અને ૨૦૨૩માં ૧૭૮ વાઘના મોત થયા છે.

કેન્દ્રીય પર્યાવરણ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે રાજ્યસભામાં એક સવાલના જવાબમાં કહ્યું કે, છેલ્લા પાંચ વર્ષમાં વાઘના હુમલામાં ૩૪૯ વ્યક્તિઓના મોત થયા છે. સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૨૦૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. ડેટા મુજબ વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦માં વાઘના હુમલામાં ૪૯-૪૯ વ્યક્તિઓના મોત થયા હતા, જ્યારે ૨૦૨૧માં ૫૦, ૨૦૨૨માં ૧૧૦ અને ૨૦૨૩માં ૮૨ લોકોએ જીવ ગુમાવ્યો હતો. વાઘના હુમલામાં ઉત્તર પ્રદેશમાં ૫૯



અને મધ્ય પ્રદેશમાં ૨૭ લોકોના મોત થયા હતા.

સરકારી આંકડા મુજબ વર્ષ ૨૦૧૨ બાદ વર્ષ ૨૦૨૩માં સૌથી વધુ વાઘોના મોત થયા છે. વર્ષ ૨૦૨૨ના આંકડા મુજબ દેશમાં હાલ વાઘોની કુલ સંખ્યા ૩૬૮૨ છે, જે વિશ્વભરના કુલ વાઘોની સંખ્યાના ૭૫ ટકા છે. ભારત સરકારે વાઘોના રક્ષણ માટે વર્ષ ૧૯૭૩માં પ્રોજેક્ટ ટાઈગરની શરૂઆત કરી હતી.

શરૂઆતમાં પ્રોજેક્ટ ટાઈગરની શરૂઆત ૧૮,૨૭૮ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા નવ વાઘ સાથે કરવામાં આવી હતી. આજે દેશમાં કુલ ૫૫ વાઘ સંરક્ષણ કેન્દ્રો છે, જે કુલ ૭૮,૭૩૫ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લે છે અને આ વિસ્તાર દેશના કુલ ભૌગોલિક વિસ્તારના ૨.૪ ટકા છે.

### શ્રી નિરંજનીના મહામંડલેશ્વર સ્વામી પ્રેમાનંદ મહારાજે કહ્યું

# ફિગર જાળવવાને બદલે હિન્દુ મહિલાઓએ ચાર-ચાર બાળકોને જન્મ આપવો જોઈએ

ભોપાલ, તા.૨૬

હું ભાગવત કથામાં એ વાતો કહેવા નથી આવ્યો જે તમારા કાનને પ્રિય છે, પણ હું એ વાતો કહું છું જે સનાતન ધર્મને આગળ લઈ જશે. અત્યારે તો બધા સનાતનનો ધ્વજ લહેરાવીને આ ધર્મને આગળ લઈ જવાની વાત કરે છે, પણ હું બધાને ચેતવણી આપું છું કે અત્યારે પણ સાવધાન રહેવું જોઈએ, ઉત્તર પ્રદેશના ૧૭ જિલ્લા આપણા હાથમાંથી છીનવાઈ ગયા છે. પશ્ચિમ બંગાળમાં પણ આવી જ સ્થિતિ છે, ત્યાંના લોકો પણ આ જ સમસ્યાથી ઝઝૂમી રહ્યા છે. આસામમાં ૫ લાખ લોકો પાસે પાસપોર્ટ અને વિઝા નથી. મારો સીધો મતલબ એ છે કે ૨૫ વર્ષ પહેલા એ લોકો ૨ કરોડ હતા, પછી ૯ કરોડ થયા અને હવે ૩૮ કરોડ થઈ ગયા છે. હજુ પણ સમય છે, સાવચેત રહો નહીંતર ભારત પણ ઈન્ડોનેશિયા બની જશે અને ટૂંક સમયમાં તમારી ગણતરી પણ લઘુમતીઓમાં થશે. આ વાતો પંચાયતી અખાડા શ્રી નિરંજનીના મહામંડલેશ્વર સ્વામી પ્રેમાનંદ મહારાજે ઉજ્જૈનના બદનગર રોડ પર





## મહારાજે ઉજ્જૈનના બદનગર રોડ પર મોહનપુરામાં શ્રી બાબાધામ મંદિરમાં શ્રીમદ ભાગવત કથા દરમિયાન કહ્યું

મોહનપુરામાં શ્રી બાબાધામ મંદિરમાં શ્રીમદ ભાગવત કથા દરમિયાન કહી હતી.

પ્રેમાનંદ મહારાજે કથા દરમિયાન જણાવ્યું હતું કે આજે સનાતન સંસ્કૃતિના રક્ષણ માટે મહિલાઓએ ચાર-ચાર બાળકોને જન્મ આપવાની જરૂર છે. હિંદુ સમાજની મહિલાઓ ૧ થી ૨ બાળકો પેદા કરવામાં અચકાય છે, જ્યારે અન્ય સમુદાયના લોકો ૮-૮ બાળકો પેદા કરે છે. હિંદુ મહિલાઓએ પોતાનું ફિગર જાળવી રાખવાને બદલે સનાતન ધર્મ અને દેશ માટે કંઈક કરવું જોઈએ.પ્રેમાનંદ મહારાજે કથા દરમિયાન કહ્યું હતું કે જો તમારું લક્ષ્ય ૨ બાળકોનું છે અને તમે ૩નું લક્ષ્ય રાખતા હોવ તો ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે અમે તમારા ત્રીજા બાળકની સંભાળ લઈશું. તેમણે કહ્યું કે ઈન્ડોનેશિયામાં રામલીલા ટિકિટ સાથે જોવામાં આવે છે. એવી ઘણી જગ્યાઓ છે જ્યાં ભગવાનનું નામ લેવામાં આવે તો તેને કાપીને ફેંકી દેવામાં આવે છે. આપણે હવેથી જાગીને આ સમસ્યાઓ વિશે વિચારવું પડશે.

# મોદીને મોસ્કોમાં યુદ્ધ ગુનેગાર પુતિનને ભેટતાં જોઈ દુઃખ થયું

## યુએસના નાયબ વિદેશ મંત્રીનું નિવેદન

વોશિંગ્ટન, તા.૨૬

અમેરિકાના વિદેશ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ અમેરિકી સાંસદોને જણાવ્યું છે કે અમેરિકાના પ્રેસિડન્ટ જો બાઈડન વોશિંગ્ટનમાં નાટો સમીટની યજમાની કરી રહ્યાં હતાં ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રશિયાની મુલાકાતના પ્રતીકવાદ અને સમયથી યુએસ નિરાશ થયું હતું. વડાપ્રધાન મોદીએ ૨૨મી ભારત-રશિયા વાર્ષિક સમિટ માટે રશિયાના પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિનના આમંત્રણ પર ૮-૯ જુલાઈના રોજ રશિયાની સત્તાવાર મુલાકાત લીધી હતી. યુક્રેન સંઘર્ષ શરૂ થયા બાદ મોદીનો આ પ્રથમ રશિયા પ્રવાસ હતો. ૨૦૨૨માં યુક્રેન પર રશિયાના આક્રમણની ભારતે હજુ સુધી નિંદા કરી નથી તથા વાતચીત અને મુત્સદ્દીગીરી દ્વારા સંઘર્ષના નિરાકરણની હાકલ કરી છે. મંગળવારે વોશિંગ્ટનમાં સાંસદોને દક્ષિણ અને મધ્ય એશિયા માટેના અમેરિકાના નાયબ વિદેશ પ્રધાન ડોનાલ્ડ લૂએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીના મોસ્કો પ્રવાસના પ્રતીકવાદ અને સમય વિશેની આપણી નિરાશા સાથે હું સંપૂર્ણ સહમત છું. અમે અમારા ભારતીય મિત્રો સાથે તે અંગે આકરી વાતચીત કરી રહ્યા છીએ. આ સંદર્ભમાં હું કહેવા માંગુ છું કે વડાપ્રધાન મોદીએ મોસ-



કો ગયા તેના બે અઠવાડિયા પહેલા ઈટાલીમાં ૭૭ સમિટ દરમિયાન યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમિર ઝેલેન્સકીને પણ મળ્યાં હતાં. મોદી મોસ્કોમાં હતાં ત્યારે તેમણે શું કર્યુ તે અમેરિકા ખૂબ જ ધ્યાનથી જોયું હતું. કોઇ મોટી સંરક્ષણ ડીલ થઈ ન હતી. કોઇ ટેકનોલોજી સહકારની ચર્ચા થઈ ન હતી. આ ઉપરાંત, લાઈવ ટેલિવિઝન પર પુતિનની સામે મોદીએ કહ્યું હતું કે યુક્રેનમાં યુદ્ધ યુદ્ધના મેદાનમાં જીતી શકાશે નહીં અને યુદ્ધમાં બાળકોના મૃત્યુને જોઈને પીડા થાય છે. લુ આ મુદ્દા પર ઈન્ડિયા કોકસના ભૂતપૂર્વ સહ-અધ્યક્ષ જો વિલ્સનના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતાં. વિલ્સને જણાવ્યું હતું કે "વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું હું ખૂબ આદર કરું છું અને પ્રશંસા કરું છું, પરંતુ તે દિવસે મોસ્કોમાં યુદ્ધ ગુનેગાર પુતિનને ગળે લગાડતા જોઈને હું ચોંકી ગયો હતો અને દુઃખી થયો હતો.

### ડોનાલ્ડ ટ્રમ્પ માટે ટેન્શનમાં વધારો

# અમેરિકામાં કમલા હેરિસનો જોરદાર ચૂંટણી પ્રચાર શરૂ

વોશિંગ્ટન, તા.૨૬

અમેરિકાની પ્રેસિડન્ટની ચૂંટણી હવે એક રસપ્રદ તબક્કામાં પહોંચી ગઈ છે. ડેમોક્રેટિક પાર્ટીએ જો બાઈડનને હટાવીને ભારતીય મૂળના કમલા હેરિસને પ્રેસિડન્ટ પદના ઉમેદવાર બનાવ્યા છે અને ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની આદત મુજબ હેરિસ પર જોરદાર આક્રમણ શરુ કરી દીધું છે. ટ્રમ્પે કમલા હેરિસને ડાબેરી કટ્ટરવાદી લ્યુનેટિક એટલે કે પાગલ પણ ગણાવ્યા છે. આ દરમિયાન હવે એવો સવાલ થાય છે કે ઈન્ડિયન અમેરિકનો કમલા હેરિસને ટેકો આપશે કે નહીં અને તેમનો સપોર્ટ કેટલી મદદ કરી શકશે. અમેરિકાના કોઈ પણ પ્રેસિડન્ટ પદના ઉમેદવાર ઈન્ડિયન અમેરિકનોની ઉપેક્ષા કરી શકે તેમ નથી કારણ કે તેઓ અમેરિકામાં બીજા નંબરનું સૌથી મોટું ઈમિગ્રન્ટ ગ્રૂપ છે. તેમણે અમેરિકન ઈકોનોમી, સાયન્સ, ટેક્નોલોજી, કલ્ચર સહિત દરેક ફિલ્ડમાં જોરદાર યોગદાન આપ્યું છે. વસતીમાં જે ટકાવારી છે તેના કરતા પોલિટિક્સમાં તેઓ વધુ સારું પ્રતિનિધિત્વ ધરાવે છે. યુએસ કોંગ્રેસમાં ૧૫૦થી વધારે ઈન્ડિયન અમેરિકનો સિનિયર પબ્લિક સર્વિસ



પોઝિશન ધરાવે છે.

કમલાને ઈન્ડિયન અમેરિકનોનો ટેકો મળવાનું શરૂ થઈ ગયું છે. યુએસમાં ઈન્ડિયન અમેરિકન ઈમ્પેક્ટ ફંડ નામે એક નેશનલ રાજકીય સંગઠન છે જે ભારતીય અને સાઉથ એશિયન અમેરિકનોનો અવાજ ગણવામાં આવે છે. આ ફંડે હેરિસને પોતાનો ટેકો જાહેર કર્યો છે અને કમલા કા સાથ, ઈલેક્ટિંગ ધ દેશી પ્રેસિડન્ટ નામે એક કેમ્પેઈન પણ શરૂ કરી દીધું છે. જો બાઈડને અમેરિકાના પ્રેસિડન્ટની ચૂંટણીમાંથી બહુ ઈમોશનલ રીતે એક્ઝિટ લેવી પડી છે અને હવે આખી જવાબદારી કમલા હેરિસ પર છે જેને હજુ સુધી બરાક ઓબામા જેવા સિનિયર લીડરનો સપોર્ટ નથી મળ્યો. ટ્રમ્પ જેવા આખાબોલા અને માથાભારે લીડર સામે હેરિસ કેવી લડત આપી શકશે તે સવાલ છે કારણ કે અમેરિકાએ અત્યાર સુધીના ઈતિહાસમાં ક્યારેય કોઈ મહિલાને પ્રેસિડન્ટ તરીકે સિલેક્ટ નથી કરી. આ દરમિયાન કમલા હેરિસને ડેમોક્રેટિક ડેલિગેટ્સનો પૂરતા પ્રમાણમાં ટેકો મળ્યો છે જેથી તેમને પાર્ટીનું નોમિનેશન મળી ગયું છે. બાઈડને એક્ઝિટ કરી ત્યાર પછી હેરિસની ફેવરમાં ભારે સપોર્ટ જોવા મળ્યો છે કારણ કે અમેરિકાને બચાવવું હોય તો ટ્રમ્પને ગમે તેમ કરીને સત્તાથી દૂર રાખવા જોઈએ એવું ઘણા લીડર્સ માને છે. હવે તેમણે પૂરી તાકાતથી કામ કરવાનું છે કારણ કે વોટિંગ આડે માત્ર ત્રણ મહિના બાકી છે. ઈન્ડિયન ડાયસ્પોરાના વોટ માટે કમલા હેરિસ પૂરી તાકાત લગાવશે કારણ કે અમેરિકાની વસતીમાં ભારતીય મૂળના લોકો ભલે માત્ર દોઢ ટકા હોય, પરંતુ તેઓ બહુ પ્રભાવશાળી વર્ગ છે અને એજ્યુકેશન, બિઝનેસ, પ્રોફેશન દરેકમાં બહુ આગળ છે. અમેરિકામાં કુલ વસતીમાં ભારતીય ડોક્ટરો અને એન્જિનિયરોની સંખ્યા પણ બહુ મોટી છે.

# નીટનું ફાઈનલ મેરિટ લિસ્ટ અંતે જાહેર કરવામાં આવ્યું

## ૬૧ની જગ્યાએ હવે ફક્ત ૧૭ ટોપર

નવી દિલ્હી, તા.૨૬

નીટ-યૂજી-૨૦૨૪નું ફાઈનલ મેરિટ લિસ્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. નવા લિસ્ટમાં હવે ૧૭ ટોપર રહી ગયા છે. આ અગાઉ ૬૧ ટોપર હતા. આ ૧૭ પરીક્ષાર્થીઓમાંથી સો ટકા ૭૨૦માંથી ૭૨૦ માર્ક્સ આવ્યા છે. તેની સાથે જ બેથી અઢી હજાર સુધી રેન્કમાં ફેરફાર થયા છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ગુરુવારે નીટ-યૂજી પરીક્ષાનું રિવાઈઝ્ડ રિઝલ્ટ જાહેર કર્યું હતું. આ પરીક્ષામાં ૨૪ લાખથી વધારે વિદ્યાર્થીઓ સામેલ થયા હતા.

દિલ્હીના રહેવાસી મૃદુલ માન્યા આનંદે ૯૯.૯૯૯૨૭૧૪ પર્સેંટાઈલ સાથે પહેલા રેંક પર કબ્જો કર્યો છે. ફાઈનલ મેરિટલ લિસ્ટમાં રાજસ્થાનના છાત્રોનો દબદબો જોવા મળ્યો છે. અહીંના ચાર છાત્રોએ ટોપ ૧૭માં જગ્યા બનાવી છે. આપને જણાવી દઈએ કે, ચાર જૂને જાહેર કરવામા આવેલા રિઝલ્ટ માં ૬૭ વિદ્યાર્થીઓએ ટોપ રેંક પ્રાપ્ત કર્યો હતો. જો કે IIT દિલ્હીની એક વિશેષત્ર સમિતિના આધાર પર સુપ્રીમ કોર્ટના ચુકાદાએ વિવાદિત પ્રશ્ન માટે ફક્ત એક યોગ્ય વિકલ્પ સ્વીકાર કરવાનો આદેશ આપ્યો. આ સમાયોજન લગભગ ૪.૨ લાખ વિદ્યાર્થીઓના અંકોને પ્રભાવિત કરશે, જેમણે પહેલાથી સ્વીકૃત ઉત્તર પસંદ કર્યા હતા, જેનાથી ટોપ સ્કોર કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટીને ૬૧થી અનુમાનિત ૧૭ થઈ ગઈ છે.

# પોલીસની ભરતી બાબતે શા માટે બેવડી નીતિ રાખો છો ? : હાઈકોર્ટ

અમદાવાદ, તા.૨૬

ગુજરાત સરકારનો આજે ગુજરાત હાઈકોર્ટે પોલીસની ભરતી મામલે ઉધડો લીધો હતો. હાઈકોર્ટે સરકારને સવાલ કર્યો હતો કે, પોલીસ ભરતી મુદ્દે સરકાર બેવડી નીતિ કેમ રાખે છે ? ૨૫૨ પોલીસ અધિકારીની બઢતી અને અન્ય ભરતી બાકી કેમ છે અને સરકાર પોલીસ કર્મીઓની ભરતી ઝડપી નહીં કરે પરંતુ બઢતી તરત કેમ કરે છે તેવો સવાલ પણ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા સમયથી ગુજરાત સરકારે પોલીસ કર્મચારીઓની ભરતી કરી નથી. તેના પગલે સ્ટાફની પણ હાલ ભારે અછત છે.

બઢતી અને ભરતી નિયમ કોને બનાવ્યો તેનો ખુલાસો આપવા કોર્ટે સરકારને આદેશ કર્યો હતો. કોર્ટે જણાવ્યું હતું

પોલીસ ભરતી પ્રક્રિયાનો મુદ્દો કોર્ટમાં પેન્ડિંગ છે. જ્યારે અનેક લોકો આશા રાખી બેઠા છે. તો બીજી તરફ બઢતીના આદેશ ઝડપી



થાય તેવી બેવડી નીતિ હોવાનું કોર્ટે અવલોકન કર્યું હતું

અરજદારના વકીલ હાર્દિક બ્રહ્મભટ્ટ કહ્યું કે, સરકારે કોર્ટમાં કહ્યું હતું કે, અમે પોલીસ અધિકારીઓને બઢતી આપવા માંગીએ છીએ પરંતુ અમે એજીઝની મંજૂરી માંગી છે અને જે પ્રક્રિયા ચાલી રહી છે.

જ્યારે કોર્ટે કહ્યું કે, તમારી પાસે પોતાનો ભરતી બોર્ડ છે તો પછી તમે એજીઝ પર કેમ આધાર રાખો છો, બઢતી અને ભરતી માટે એક જ બોર્ડ હોવું જોઈએ તેવું પણ કોર્ટ ટાંક્યું હતું તેવી વિગતો હાર્દિક બ્રહ્મભટ્ટે આપી હતી.

# એઈડ્સથી બચાવવાની દવા આવી ગઈ, કિંમત પણ ઓછી

નવી દિલ્હી, તા.૨૬

તાજેતરના અભ્યાસમાં જણાવાયું છે કે મહિલાઓને ઘાતક એઈડ્સ એટલે કે એચઆઈવી સંક્રમણથી બચાવવા માટે વર્ષમાં બે વાર આપવામાં આવેલું ઈન્જેક્શન તેના ટ્રાયલમાં ૧૦૦ ટકા સફળ રહ્યું છે. મતલબ કે હવે ઈન્જેક્શન દ્વારા એચઆઈવી સંક્રમણને રોકી શકાશે. વૈજ્ઞાનિકોએ કહ્યું કે વર્ષમાં બે વાર આપવામાં આવતા આ ઈન્જેક્શનની મદદથી મહિલાઓને HIV સંક્રમણથી બચાવવામાં મદદ મળશે. તમને જણાવી દઈએ કે વૈજ્ઞાનિકોએ દક્ષિણ આફ્રિકા અને યુગાન્ડામાં મહિલાઓ અને કિશોરીઓ પર આ ઈન્જેક્શનનું પરીક્ષણ કર્યું હતું, જે ૧૦૦ ટકા સફળ રહ્યું હતું.

આ ઈન્જેક્શનનું દક્ષિણ આફ્રિકા અને યુગાન્ડામાં ૫ હજારથી વધુ મહિલાઓ પર પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જે ખૂબ જ સફળ રહ્યું હતું, ન્યૂ ઈંગ્લેન્ડ જર્નલમાં પ્રકાશિત એક અહેવાલમાં આ દવા બનાવતી અમેરિકન કંપની ગિલિડે જણાવ્યું છે કે આ દવાનું નામ છે લેનાકાપાવીર અને તે તેના ત્રીજા ટ્રાયલમાં સંપૂર્ણ રીતે સફળ સાબિત થયું છે.

કંપનીએ કહ્યું છે કે તે આ HIVની દવાનો ઉપયોગ કરવાની પરવાનગી લેતા પહેલા પુરૂષો પર કરવામાં આવેલા ટ્રાયલના પરિણામોની રાહ જોઈ રહી છે. તમને જણાવી દઈએ કે દવાની સફળતાને માપવા માટે કરવામાં આવેલા અભ્યાસમાં લગભગ પાંચ હજાર HIV નેગેટિવ મહિલાઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ દવા લીધા પછી આમાંથી એક પણ મહિલા HIV નો શિકાર બની નથી. ૨૬ અઠવાડિયા સુધી ચાલેલા આ સંશોધનમાં, લેંકાપાવીરનો ડોઝ લેનાર એક પણ મહિલાને ચેપ લાગ્યો ન હતો, જ્યારે અન્ય જૂથમાં, જેમાં મહિલાઓને આ દવા આપવામાં આવી ન હતી, ચેપના કેસ નોંધાયા હતા. અગાઉ, અન્ય એક અભ્યાસમાં, મહિલાઓના જૂથને એચઆઈવી નિવારણની ગોળીઓ આપવામાં આવી હતી, પરંતુ આ ગોળીઓ લેવા છતાં, ૨% સ્ત્રીઓ એચઆઈવીનો શિકાર બની હતી. જો કે આ દવાને હજુ સુધી યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા મંજુરી આપવામાં આવી નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે તેને ટૂંક સમયમાં મંજૂરી આપવામાં આવશે અને તેના દ્વારા HIV સંક્રમણને અટકાવી શકાશે.

લેંકાપાવીર દવાની કિંમત પણ ઘણી ઓછી રાખવામાં આવી રહી છે. કંપનીનું કહેવું છે કે ટૂંક સમયમાં જ નવી દવાની કિંમત માત્ર ચાલીસ ડોલર (રૂ. ૩૩૫૦) પર લાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.

# ગુજરાતમાં ૨ વરસાદી સિસ્ટમ સક્રિય, સુરત, નવસારી, વલસાડમાં રેડ એલર્ટ

અમદાવાદ, તા.૨૬

છેલ્લા એક સપ્તાહથી ગુજરાતને ધમરોળી રહેલ વરસાદ, હજુ પણ આગામી દિવસોમાં વિરામ લે તેવી કોઈ સંભાવના નથી. ગુજરાત ઉપર બે વરસાદી સિસ્ટમ સક્રીય હોવાથી હજુ પણ રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહેશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી પાંચ દિવસ ગુજરાતમાં હજુ પણ વરસાદી વાતાવરણ રહેવાની સાથે કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની સંભાવના છે.

ખાસ કરીને દક્ષિણ ગુજરાતના ત્રણ જિલ્લામાં હવામાન વિભાગે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે. દક્ષિણ ગુજરાતની સાથોસાથ સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લામાં પણ વરસાદી વાતાવરણ જોવા મળશે. ખાસ કરીને પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, ડાંગ, તાપી, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં ભારે વરસાદ વરસવાની આગાહી કરી છે.

# દેશમાં ૭૦૦ ટકાથી વધુ વરસાદમાં ગુજરાતના ત્રણ જિલ્લા

અમદાવાદ,તા.૨૬

ગુજરાત પરંપરાગત રીતે વરસાદની ખાધ ધરાવતું હોય છે, પરંતુ દરિયા કાંઠાના સૌરાષ્ટ્રમાં રેકોર્ડ બ્રેક વરસાદે રાજ્યના જિલ્લાઓને રાષ્ટ્રીય સ્તર પર મૂક્યા છે. હકીકતમાં, ૭૦૦% થી વધુ વરસાદ સાથે ભારતના ૭૮૮ ટકાથી વધુ વરસાદમાં ટોચના ત્રણ જિલ્લા ગુજરાતના છે. તેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લો સામેલ છે જેમાં ૧૭ અને ૨૪ જુલાઈ વચ્ચે ૧૪૨૨% વધુ વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ પોરબંદર (૧૧૦૧%) અને જૂનાગઢ (૭૧૨%) નો સમાવેશ થાય છે. સમગ્ર ભારતમાં, છ જિલ્લાઓમાં સાપ્તાહિક સામાન્ય વરસાદ કરતાં ૫૦૦% થી વધુ વિદાય નોંધાઈ હતી, જેમાંથી ચાર ગુજરાતના અને બે આંધ્રપ્રદેશના હતા.

આઈએમડી ગુજરાતના વડા અશોક કુમાર દાસે જણાવ્યું હતું કે આ વર્ષે દેવભૂમિ દ્વારકા માટે અત્યાર સુધીનો સૌથી વધુ વરસાદ સાથે સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં અસામાન્ય રીતે ભારે વરસાદ જોવા મળ્યો છે. "ભારે પૂર એટલા માટે છે કારણ કે ત્રણ સિસ્ટમો એકસાથે આ ક્ષેત્રમાં સક્રિય છે જેમાં શીયર ઝોન, એક ચક્રવાત પરિભ્રમણ અને ઓફ-શોર ટ્રફનો સમાવેશ થાય છે," તેમણે જણાવ્યું હતું. "કેટલાક અભ્યાસોએ છેલ્લા કેટલાક દાયકાઓમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં વધતા વરસાદની પેટર્નનો સંકેત આપ્યો છે." ગુજરાતના પ્રદેશોમાં ચોમાસાની અસમાનતા ચાલુ છે કારણ કે ૧૨ જિલ્લાઓમાં એકંદરે ૨૦% થી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં ૧૦૦% થી વધુ અધિકતા ધરાવતા ચાર જિલ્લાઓનો સમાવેશ થાય છે. તે દરમિયાન, પંદર જિલ્લાઓમાં ગુરુવાર સુધીમાં ૨૦% થી વધુની ખાધ હતી.ભારતીય હવામાન વિભાગના ડેટા દર્શાવે છે કે ગુરુવાર સુધી, ગુજરાતમાં લાંબા ગાળાની સરેરાશની સરખામણીમાં ૨૩% વધુ વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છ માટે ૬૭% વધુ છે, જ્યારે બાકીના ગુજરાત માટે ૧૦% ખાધ છે. જોકે, આ ખાધ પખવાડિયા પહેલાના ૨૫%થી ઘટી છે.દેવભૂમિ દ્વારકામાં ૨૬૦% સાથે સૌથી વધુ વરસાદ થયો છે, ત્યારબાદ પોરબંદર (૧૬૫%) અને જૂનાગઢ (૧૨૮) છે. ૪૯% પર, મહીસાગરમાં સામાન્યની સરખામણીમાં સૌથી વધુ ખાધ છે, ત્યારબાદ દાહોદ (૪૮%) અને અરવલ્લી (૪૬%) છે.

# નવસારી શહેર પાણીમાં ગરકાવ થયું

નવસારી, તા.૨૬

ઉપરવાસમાં વરસી રહેલા ધોધમાર વરસાદના કારણે પૂર્ણા નદી ગાંડીતૂર બની છે. પૂર્ણા નદીની ભયજનક સપાટી ૨૩ ફૂટ છે જે હાલ ૨૮ ફૂટ આસપાસ વહી રહી છે. જેના કારણે નવસારી શહેરના ૧૦ વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળતા લોકો પોતાના ઘર છોડવા મજબૂર બન્યા છે. શહેરના ૧૦ વિસ્તારોમાં ઘર હોય કે દુકાન હોય તમામ જગ્યાએ ૫ થી ૭ ફૂટ પાણી જોવા મળી રહ્યા છે. પૂર્ણા નદીના આવેલા ઘોડાપૂરના કારણે નવસારી-સુરત હાઈવે સહિત અન્ય કેટલાક રસ્તાઓ બંધ કરવાની નોબત આવી છે. સુરત, વડોદરા બાદ હવે નવસારીમાં જળબંબાકાર થયો છે.

નવસારી જિલ્લામાં હાલ ધોધમાર વરસાદ તો નથી, પરંતુ ડાંગ સહિતના ઉપરવાસમાં ભારે વરસાદના પગલે નવસારી જિલ્લામાં આફત આવી પહોંચી છે. શહેરમાં આવેલા ભેંસદ ખાડા વિસ્તારમાં પૂણા નદીના પાણી ફળી વળ્યા છે.શહેરના ગધેવાન, મોરલો, જૂની મચ્છી માર્કેટ, કમેલા દરવાજા, રંગુન નગર, મિથિલા નગરી, શાંતાદેવી રોડ સહિતના વિસ્તારોમાં કેડથી લઈને ગળાસમા પાણી ભરાયા છે. જેથી હજારો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. નવસારીની અનેક સોસાયટીઓમાં પાણી ભરાયા છે. શહેરના કાલિયાવાડી વિસ્તારમાં આવેલી શાંતિવન એક સોસાયટીમાં કેડ સમાં પાણી ભરાતા અનેક લોકો ઘરના પહેલા માળે રહેવા મજબૂર બન્યા છે.

પૂર્ણા નદીની જળ સપાટી વધવાની શક્યતાને જોતા તંત્ર દ્વારા લોકોને સહયોગ કરવા માટે અપીલ કરવામાં આવી છે.નવસારી-સુરતને જોડતા સ્ટેટ હાઇવે પર પણ પૂર્ણા નદીના પાણી ફરી વળ્યાં છે. જેથી આ સ્ટેટ હાઈવેને બંધ કરીને પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. હાલ નવસારી શહેરની સુરત સાથેની કનેક્ટિવિટી બંધ થઈ છે.

નવસારીમાં પૂરની સ્થિતિને લઈને જિલ્લા કલેક્ટરે ક્ષિપ્રા આગ્રેએ જણાવ્યું કે, પૂર્ણા નદીની ભયજનક સપાટી વટાવી ચુકી છે.

## સંક્ષિપ્ત સમાચાર

# યુવા કાર્યકરની માસિક પુણ્યતિથી નિમિતે સેવાકાર્યો દ્વારા ભાવાંજલિ



ભુજ તા.૨૬

જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે સંસ્થાના યુવા કાર્યકર સ્વ. દીપ દિનેશ શાહ (માંડવી) ની માસિક પુણ્યતિથી નિમિતે વિવિધ સેવા કાર્યોથી ભાવાંજલિ અર્પવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ વી.જી. મહેતાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં પ્રારંભે બે મિનીટ મૌન પાડી સ્વ. દીપભાઈને ભાવાંજલિ અર્પી તેમના આત્માને શાશ્વત શાંતિ મળે તે માટે મંત્રાધીરાજ નવકાર મહામંત્રના જાપ કરાયા હતા. ત્યારબાદ માધાપરમાં ૫૦૦ ગૌવંશને લીલાચારાનું નિરણ, શ્વાનોને દૂધ રોટલી લાડુ, પક્ષીઓને ચણ વગેરે જીવદયાના કાર્યો ઉપરાંત માનવસેવા અંતર્ગત શ્રમજીવી પરિવારોમાં પૌષ્ટિક આહાર વિતરણ, વિવિધ સંસ્થાઓના મનોરોગી દિવ્યાંગો, નિરાધારો વગેરેને ભાવતા ભોજન કરાવાયા હતા, તેમજ જી.કે. જનરલ હોસ્પિટલના ૨૫૦ જેટલા દર્દીઓને ખાખરાના પેકેટ, પૌષ્ટિક અલ્પાહાર, બાળ દર્દીઓને સ્કેચ પેન, પીપરમેન્ટ, નવા વસ્ત્રો વગેરે ની સોગદ આપવામાં આવી હતી આ સેવા કાર્યમાં સંસ્થા પ્રમુખ વી.જી. મહેતાના નેતૃત્વમાં પ્રોજેક્ટ ચેરમેન વિરેન દોશી, પ્રદિપ દોશી, ડૉ. રૂપાલીબેન મોરબીયા, શાંતિલાલ મોતા, ઓજશ શેઠ, કે.બી. પરમાર, કૌશિક મહેતા, વિજય મહેતા, દિનેશ મહેતા વિગેરે જોડાયા હતા.

# આજે અંજારમાં વિવિધ આરોગ્યલક્ષી સેવા કેમ્પનું આયોજન

અંજાર તા.૨૬

અંજાર મધ્યે વોર્ડ નંબર ૯ના રહેવાસીઓની સુખાકારી માટે નિશુલ્ક સર્વ રોગ મેગા મેડિકલ કેમ્પનું આવતી કાલ શનિવારે આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી યદુવંશી સોરઠીયા આહીર ક્રિષ્નાવાડીમાં આરોગ્ય વિભાગ, પરિવાર કલ્યાણ વિભાગ નિયામક આયુષ ગાંધીનગર, જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા ભુજ, પ્રેરિત નિઃશુલ્ક મલ્ટી-સ્પેસિયાલીટી મેગા મેડિકલ કેમ્પ તા.૨૭/૦૭, શનિવારના સવારે ૯.૩૦ વાગ્યા થી ૪.૦૦ વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે. આ કેમ્પમાં ડો.રાજીવ અંજારિયા, ડો.દીપતાશું મકવાણા, ડો.મિત્તલ ઠક્કર, ડો. આરતીબા જાડેજા દ્વારા સેવા આપવામાં આવશે.

આ કેમ્પમાં આરોગ્ય વિભાગ દ્વારા આયુર્વેદિક દવાઓ વિના મુલ્યે આપવામાં આવશે, તેમજ એક્સરે કોઈ ચાર્જ લિધા વિના કાઢી આપવામાં આવશે, ઉપરાંત નવા આયુષ્માન કાર્ડ, આભા હેલ્થ કાર્ડ, પોસ્ટ વિભાગમાં નવું ખાતું તેમજ વીમા પોલિસી કાઢી આપવાની વિવિધ સેવાઓ પુરી પાડવામાં આવશે, આ કેમ્પને સફળ બનાવવા પાલિકાના આરોગ્ય ચેરમેન વિનોદચોટારા,સુધરાઈનાવિવિધ સમિતિના ચેરમેનો કંચનબેન બાંભણીયા, ઝંખનાબેન સોનેટા, આશાવર્કર ઉષાબેન કાતરીયા જહેમત ઉઠાવી રહ્યા છે, સંયોજક જિતેન્દ્ર ચોટારાએ આ સેવાનો લાભ લેવા અપીલ કરી છે.

# ધોળકા ડે કેર સેન્ટરના મનોદિવ્યાંગ લાભાર્થીઓને હેલ્થ પોલિસીનું વિતરણ



ભુજ તા.૨૬

ધોળકા ન્યુ વે એજ્યુ. એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રીડમ ડે કેર સેન્ટરના મનોદિવ્યાંગ લાભાર્થીઓ ને નિરામય હેલ્થ પોલિસીનું વિતરણ મહેમાન કપનીનાં પ્રદીપ પિલ્લાઈ, કૃતિ પટેલ, નેહા દેસાઈ, ધર્મેન્દ્ર કુમાર, નીખીલ દવે ના હસ્તે કરવામાં આવ્યું હતું.

બાળકો દ્વારા તૈયાર કરાયેલા દીવા આપી ઉપસ્થીત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.ઉપસ્થિત મહેમાનો દ્વારા બાળકોને ગિફ્ટ આપવામાં આવી તથા બાળકોના નાસ્તા પેટે આર્થિક સહયોગ આપવામાં આવ્યો. આ નિરામય હેલ્થ પોલિસીથી દિવ્યાંગ બાળકોને મેડીકલ ટ્રીટમેન્ટ પેટે ૧ લાખ રૂપિયાનો વીમો મળે છે જેના ઉપયોગ થી વિવિધ થેરાપીઓમાં મનોદિવ્યાંગ લાભાર્થીઓ નાં સર્વાંગી વિકાસ માં મદદ મળી રહે છે.

કાર્યક્રમના અંતે ન્યુ વે એજ્યુ. એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રીડમ ડે કેર સેન્ટરના પ્રમુખ ભાવિન પરમાર દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરી ઉપસ્થિત મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# ચકલીઘરોમાં બચ્ચાઓ ઉછરી રહ્યા છે

ભુજ તા.૨૬



માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા ચાલુ વર્ષે કચ્છમાં ૩૦ હજાર માટીનાં ચકલીઘરો કચ્છનાં શહેરો, ગામોમાં લટકાડવામાં આવ્યા. જે ચકલીઘરોમાં ચકલીઓએ માળો બાંધી ઈંડા, બચ્ચા મૂકયાની અનેક તસ્વીરો જીવદયાપ્રેમીઓએ માનવજ્યોત સંસ્થા ભુજને વોટસઅપથી પહોંચાડી હતી.

માટીનું ચકલીઘર ચકલીઓ માટે સુરક્ષિત ઘર બની ચૂકયું હોઈ ચકલીઓ આવા ઘરને પોતાનું ઘર બનાવી લીધું છે. ઠેર-ઠેર લટકતા ચકલીઘરો જ્યાં લટકાવો ત્યાં શોભા વધારે. અને બાળકોમાં પણ પ્રિય બની ચૂકયા છે. ચકલીઓ માટે રહેવાની વ્યવસ્થા થતાં જ સારા પ્રમાણમાં ચકલીઓ કચ્છમાં દેખાઈ રહી છે. માનવજ્યોત સંસ્થા ભુજને જીવદયાનાં આ કાર્યમાં મોટી સફળતા મળી છે. ઠેર-ઠેર લટકતા ચકલી ઘરોને ચકલીઓએ પોતાનું રહેણાંક બનાવી દીધું છે.

**ભુજ તાલુકાના નારાણપરના ૧૦ વરસથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત તેલીબિંયા, શાકભાજી તથા કઠોળ સહિતના પાકોનું ઉત્પાદન કરી, ખાતર તથા પ્રાકૃતિક દવા જાતે બનાવી ખેડૂતોને આપી રહ્યા છે માર્ગદર્શન**

# રાસાયણિક ખાતરના ઉપયોગથી જમીન બંજર બની રહી છે



ભુજ તા.૨૬

કચ્છમાં પ્રાકૃતિક ખેતીને અનેક ખેડૂતોએ અપનાવી છે, ત્યારે છેલ્લા ૧૦ વર્ષથી તાલુકાના નારાણપર ગામે વાડીમાં સંપૂણપર્ણે પ્રાકૃતિક ખેતી કરતા અરવિંદભાઇએ સફળ રીતે વિવિધ પાકનું વાવેતર કરીને કચ્છભરના ખેડૂતો માટે નવી દિશા કંડારી છે.

હાલ તેઓ તેલીબિંયા, શાકભાજી, કઠોળ સહિતના તમામ પ્રકારના પાકનું પ્રાકૃતિક ખેતી થકી સફળ ઉત્પાદન મેળવી રહ્યા છે. જે ગુણવત્તાયુકત પાકનું ઉંચાભાવે હાથોહાથ વેંચાણ થઇ જતું હોવાથી તેમની આવક સાથે તેમની પ્રતિષ્ઠામાં પણ વધારો થયો છે.

ખેડૂત અરવિંદ કરસન સેંઘાણી જણાવે છે કે, ૧૦ એકરમાં પ્રાકૃતિક ખેતીમાં હાલ પાંચ એકરમાં મગફળીનું વાવેતર કર્યું છે. જયારે વર્ષ ભરમાં મગફળી, તલ, દિવેલા, ધાનમાં ઘઉં, બાજરો તેમજ કઠોળમાં મગ,ચોળા વગેરેનું વાવેતર સાથે મરીમસાલા તથા ૨૦ જાતના શાકભાજીનું ઉત્પાદન પણ તેઓ કરે છે. વધુમાં તેઓ જણાવે છે કે, અગાઉ રાસાયણિક ખેતી કરતા હતા ત્યારે બેફામ પણે દવા તેમજ રાસાયણિક ખાતરનો ઉપયોગ કરતા હતા ઝેરી દવા છાંટયા બાદ તેની અસર છાંટનાર પર પણ વર્તાતી હોય છે ત્યારે એમ થતું કે, માત્ર છાંટવાથી નુકશાન થઇ રહ્યું છે તો આ પાક ખાનાર લોકોના આરોગ્યને કેટલું નુકશાન થતું હશે બસ આ જ વિચારથી રાસાયણિક ખેતી એક જ ઝાટકે ૧૦ વર્ષ પહેલા બંધ કરીને પ્રાકૃતિક તરફ વળ્યા હાલ નાની ગૌ શાળા વાડીમાં બનાવી છે જેમાં ૧૫ થી ૨૦ ગૌધન છે. જેના છાણ-મૂત્રમાંથી ખાતર સાથે જીવામૃત, ધનામૃત, બીજામૃત તથા અન્ય જરૂરી દવા બનાવીને પ્રાકૃતિક ખેતી કરી રહ્યો છું હાલ જે પણ ઉત્પાદન મળી રહ્યું છે તે રાસાયણિક ખેતીના પાકની સામે વધુ ગુણવત્તાયુકત તેમજ જથ્થામાં પણ વધારે છે. ઉપરાંત માંગ એટલી વધારે છે કે, એડવાન્સ બુકીંગ લોકો કરાવી લે છે, પાક ઉગે તે પહેલા જ ઓર્ડર મળી જાય છે અને બજારમાં માલ લઈ જવાની મથામણમાંથી મુક્તિ સાથે હાથો હાથ માલ ઉંચાભાવે વેંચાઇ જતાં સારી આવક થઇ રહી છે.

સૌથી મહત્વની વાત કરતા તેઓ ઉમેરે છે કે, અગાઉ રાસાયણિક ખેતી સમયે દવા અને ખાતરની ખરીદીમાં ખર્ચ વધી જતો હતો, ૫ થી ૬ લાખના દેવા કરીને દવા, ખાતર ખરીદવા પડતા હતા હવે આ તમામ બોજમાંથી મુક્તિ મળી ગઇ છે એક પૈસાની દવા કે ખાતર ખરીદવું પડતું નથી. ગાયના ગૌબર, ગૌમુત્ર, ખાટી છાશ વગેરેમાંથી જાતે જ બધું બનાવીને વાપરીએ છીએ, કદાચ કયારેક કુદરતી પ્રકોપ થી પાક નિષ્ફળ જાય તો પણ ખેડૂતને દેવાની ચિંતા રહેતી નથી આમ, પ્રાકૃતિક ખેતી ખેડૂતના હિત સાથે સામાન્યજન અને પ્રકૃતિ માટે પણ જીવતદાન સમાન છે.

જો આપણે આવનારી પેઢીને ફળદ્રુપ જમીનનો વારસો આપવા માંગતા હોઈએ, તો પ્રાકૃતિક ખેતી એક માત્ર ઉપાય છે કારણ કે, રાસાયણિક ખેતીથી જમીન બંજર બની રહી છે, આવનારા દાયકામાં આ સમસ્યા વધુ વકરશે તેથી અત્યારથી વિવેકબુધ્ધિનો ઉપયોગ કરીને કુદરત તરફ વળીએ તે સૌના હિતમાં છે.

# ગાંધીધામની સુચિત મ.ન.પા.માં અંજાર તાલુકાના ગામો શમાવવાની ગતિવિધી સામે કોંગ્રેસનો વિરોધ

ભુજ તા.૨૬

અંજાર તાલુકાની મેઘપર ગ્રામ પંચાયત દ્વારા ગામને સૂચિત ગાંધીધામ મહાનગરપાલિકામાં સમાવવાના કરેલા ઠરાવનો કોંગ્રેસ દ્વારા વિરોધ કરાયો છે. ગાંધીધામ મહાનગરપાલિકા બનવા જઈ રહી છે, તેમાં અંજાર તાલુકાની મેઘપર ગ્રામ પંચાયતે મેઘપર (બોરીચી) અને મેઘપર (કુંભારડી) બંને ગામો આખે આખા સૂચિત ગાંધીધામ મહાનગરપાલિકામાં સમાવવા માટે ઠરાવ કરી દીધેલ છે.

આ ઠરાવના વિરોધ કરવાના કારણો આપતાં જિલ્લા કોંગ્રેસ સમિતિ મંત્રી દિનેશ એસ. માતા એ રાજ્યના મુખ્યમંત્રી સહિત સબંધિત વિભાગો, અંજાર ધારાસભ્ય અને કલેક્ટર વગેરેને પાઠવેલા પત્રમાં જણાવ્યું હતું કે, ગાંધીધામ અને અંજાર બંને અલગ તાલુકા છે, અલગ મતક્ષેત્ર છે, ત્યારે ગાંધીધામ નગરપાલિકાએ કઈ સત્તા રૂએ મેઘપર ગ્રામ પંચાયત પાસે મનપામાં સમાવેશ થવા સંમતિ માંગી શકે ? ગાંધીધામ મનપા અંજાર શહેરની હદ સુધી આવી જશે અને અંજારના વિકાસને કાયમી ધોરણે તાળા લાગી જશે, અંજારના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, વહીવટી બધા ક્ષેત્રોમાં નકારાત્મક અસર ઉભી થશે અને અંજારે ગાંધીધામને કારણે ઘણું ગુમાવ્યું છે તેમાં એક વધારો થશે, અંજારના વેપારને આનાથી ઘણો ફટકો પડશે,અને આ રીતે જો એક તાલુકો બીજા તાલુકાના ગામો માંગશે તો આનાથી વહીવટી અસમતુલા અને અવ્યવસ્થા સર્જાશે અને આ એક પ્રણાલી બની જશે એથી આ વિરોધ કરતા હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે, ગાંધીધામે પોતાના તાલુકાના ગામો સમાવવા જોઈએ, ગાંધીધામ તાલુકાનાં ગામો સંમત ન થતાં હોય એનો મતલબ એ નથી કે, અંજારના ગામો ગાંધીધામ મનપા માં લેવા, અંજાર તાલુકાની મેઘપર ગ્રામ પંચાયત ગાંધીધામ મનપામાં લેવી જરૂરી નથી, આ ગામો સિવાય પણ ગાંધીધામની વસ્તી મનપા માટે પુરતી છે.

# ખાણખનીજ ટીમ દ્વારા રાપરમાં કરાયેલી કામગીરી એ રહસ્યો સર્જયા

રાપર તા.૨૬

છેલ્લા કેટલાક દિવસોથી રોયલ્ટી સમગ્ર કચ્છ જિલ્લામાં બંધ છે, ત્યારે જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં ખાણ ખનીજ વિભાગની ટીમો ચાંપતી નજર રાખી રહી છે, તાજેતરમાં રાપર વિસ્તારમાં આંઢવાડા તળાવમાં માટીકામ કરતા બે હિટાચી મશીનો અને પાંચ ડમ્પર જપ્ત કરી, મળતી વિગતો મુજબ કોઈ આધાર પુરાવા ન હોવાથી વાહનો પોલીસ મથકે લવાયા હતા, ખાણ ખનીજ વિભાગ અને બોર્ડર રેન્જ આઈ. જીની સાયબર સેલ દ્વારા બે દિવસ અગાઉ રાપર શહેરના આંઢવાડા તળાવમાંથી રાત્રે માટીકામ કરી રહેલા, બે હિટાચી મશીન અને પાંચ ડમ્પરોની મદદથી કામ ચાલુ હતું ત્યારે કોન્ટ્રાક્ટર પાસેથી આધાર પુરાવા માંગતા તે કાંઈ ન હોવાથી હિટાચી અને ડમ્પરોને પકડી પોલીસ સ્ટેશને મોકલાવી દેવાયા હતા. પાલિકા દ્વારા આ કામગીરી માટે કોન્ટેક્ટ એક પાલિકાના પૂર્વ સદસ્યને આપવામાં આવ્યો છે, આ બાબતે પાલિકા દ્વારા રોજ કામ કરી ખનીજ ચોરીને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે ? જોકે, ખાણ ખનીજ વિભાગ કે રેન્જ સાયબર સેલ દ્વારા આ સંદર્ભે કોઈ ફરિયાદ નોંધાવાઈ નથી, તે બાબતે રહસ્ય સર્જાયું છે.



**આંઢવાડા તળાવમાં ખોદકામ કરી રહેલા હીટાચી ડમ્પર જપ્ત કરી પોલીસ મથકે તો લઈ જવાયા પણ ફરિયાદ નોંધાવાનું ક્યા કારણે ટાળ્યું ?**

અત્રે ઉલ્લેખનીય છે કે, લાંબા સમયથી આંઢવાડા તળાવના બ્યુટીફીકેશન કામગીરીમાં ગેરરીતિની ફરિયાદો ઉઠી હતી, લાખો રૂપિયાની ખનીજ ચોરી કરવામાં આવી રહી હતી ત્યારે જ રેન્જ આઈજીની સાયબર સેલ અને ખાણ ખનીજ વિભાગના દરોડા પાડીને લાખોના વાહનો સીઝ કરાયા હતા, પરંતુ આ વાહનો સીઝ કરાયા પછી કોઈ ફરિયાદ દાખલ ના થઈ તે રહસ્ય નગરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

ખાણ ખનીજ વિભાગ દ્વારા રોયલ્ટી આપવામાં આવતી નથી તો, નગરપાલિકાએ કયા કારણોસર રોજકામ કરી આ બાબતે પડદો પાડી દીધો હતો ? દરોડા પાડનારા અધિકારીઓ સાથે કોન્ટ્રાકટરની બંધ બારણે બેઠક યોજાઈ હોવાની ચર્ચાએ નગરમાં ઉતેજના જગાવી છે.

# ઘડુલી પંચાયતની ગ્રામ સભામાં ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવવા નિર્ધાર

દયાપર તા.૨૬

લખપત તાલુકાના ઘડુલી ખાતે સ્થાનિક ગ્રામ પંચાયતની યોજાયેલી બેઠકમાં ગામને પ્લાસ્ટિક મુક્ત કરવા સહકાર આપવાની સાથે વિવિધ વિકાસલક્ષી કાર્યો અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. ઘડુલી ગ્રામ પંચાયતના મહિલા સરપંચ નિલમબેન નીતિન પટેલના અધ્યક્ષસ્થાને મળેલી ગ્રામ સભામાં શરૂઆતમાં તલાટી સહમંત્રી એચ બી ડાભી દ્વારા ગ્રામસભાનો ઉદ્દેશ્ય સમજાવી પ્લાસ્ટિક મુક્ત ભારત અંતર્ગત ઘડુલી ગામ પ્લાસ્ટિક મુક્ત બને જેમાં ગ્રામજનો સહકાર આપે તેવી અપીલ કરી હતી. ગામના પૂર્વ સરપંચ નીતિન પટેલે નિયમિત પંચાયત વેરા ભરી અને ગામના વિકાસ કાર્યોમાં સહકાર આપવા લોકોને અપીલ કરી હતી, ગ્રામસભામાં રખડતા ઢોર, દબાણ, ગ્રામ હાટ બનાવવા,પાણીની નવી વિતરણ વ્યવસ્થાનું આયોજન કરવું, ગામના આંતરિક રસ્તાઓ પર માલ વાહક વાહનોની અવર જવરના કારણે પડતી તકલીફ સહિતનાં પ્રશ્નો ચર્ચાયા હતા જેના પ્રત્યુતરમાં પંચાયત દ્વારા ગ્રામજનોના સહકારથી ઉપસ્થિત થયેલ પ્રશ્નોનોનું યોગ્ય નિરાકરણ લાવવાની ખાતરી અપાઈ હતી. આરોગ્ય વિભાગના સી.એચ. ઓ.જયેશ પરમારે ચાંદીપુર વાયરસ અંગે માહિતી આપી લોકોને જાગૃત બની આ રોગ સામે સાવધાની અને સલામતી અંગે સમજ આપી હતી, આ તકે બાલિકા પંચાયતના નવનિયુક્ત હોદેદારોનું ગ્રામ પંચાયતના સરપંચ અને સદસ્યો તેમજ આગેવાનો દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું આ સભામાં લખપત તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન હુસેન રાયમા, ઉપસરપંચ હનીફ રાયમા,પંચાયતના સદસ્યો વનિતાબેન પટેલ, ચંદ્રિકાબેન ચરપોટ, વનિતાબેન ગોસ્વામી, મુકેશ ત્રિવેદી, ઉંમર કોલી ગામના આગેવાનો એસ.એમ.સી. અધ્યક્ષ ગફૂર રાયમા, પૂર્વ ઉપસરપંચ હુસેન કુંભાર, જમનાદાસ સોની, લખપત તાલુકા યુવા કોંગ્રેસ પ્રમુખ ઈરફાન રાયમા, નઝીર મંધરા, જુમા કોલી, પ્રતાપજી જાડેજા, દેવજી શાહ, ચંદ્રેશ સોની, મોહન નાઈ, પ્રાથિમક શાળાના આચાર્ય દિનેશ સોલંકી આરોગ્ય વિભાગના જીતુ પટેલ અને સ્ટાફ,સેતુ અભિયાનના ગોપાલ ભરવાડ, હિનાબેન વગેરે ઉપસ્થીત રહ્યા હતા.



**રખડતા ઢોર, દબાણ, ગ્રામહાટ, અને પાણી વિતરણ વ્યવસ્થા અંગે પ્રશ્નો ઉઠ્યા**

# ઉંઝામાં ગુજરાત રાજ્ય એવોર્ડી ટીચર્સ ફેડરેશનનું વાર્ષિક અધિવેશન મળ્યું

માંડવી તા.૨૬



ગુજરાતના શિક્ષણ જગતમાં પોતાના અનન્ય કાર્યનિષ્ઠા અને પ્રતિબધ્ધતા થકી સનિષ્ઠ કામ ગીરી કરીને સિદ્ધિ હાંસલ કરનાર રાજ્ય અને રાષ્ટ્રિય એવોર્ડ મેળવનાર શિક્ષકોના સંકલન અને સંવાદિતા માટે સમર્પિત ગુજરાત રાજ્ય એવોર્ડી ટીચર્સ ફેડરેશનનું વાર્ષિક અધિવેશન આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ઊંઝા ખાતે મળ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી પટેલે જણાવ્યું હતું કે, કાચા હીરામાંથી ચમકતો હીરો બનાવવાનું કામ શિક્ષકો કરે છે.

ગુજરાત રાજ્યમાં મહિલાઓનું યોગદાન પણ શિક્ષણ ક્ષેત્રે મહત્વનું રહ્યું છે નવી પેઢીને ઘડવામાં અને રાષ્ટ્રના નિર્માણમાં શિક્ષકોની ભૂમિકા મહત્વની રહેલી છે, મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલી નવી શિક્ષણ નીતિમાં સંસ્કૃત સહિતના વિષયને આવરી લેવામાં આવ્યા છે, આ શિક્ષણ નીતિ બાળકોના ભવિષ્ય નિર્માણમાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે, આજના આધુનિક યુગમાં શિક્ષકોએ ટેકનોલોજીનો ઉપયોગ કરીને બાળકોને નવીન ટેકનોલોજી વિષે માહિતગાર કરવા જોઈએ, આ બાળકોને સ્માર્ટ બનાવવાની જવાબદારી પણ શિક્ષકોની છે તેવું આરોગ્ય મંત્રીએ ઉમેર્યું હોવાનું ગુજરાત રાજ્ય અને રાષ્ટ્રીય એવોર્ડ ટીચર ફેડરેશનના સંગઠન મંત્રી માંડવીના દિનેશ શાહે જણાવ્યું હતું. આ શૈક્ષણિક અધિવેશનમાં વર્ષ ૨૦૨૩ ની સાલમાં રાજ્ય અને રાષ્ટ્રીય એવોર્ડી શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું તે પૈકી કચ્છ જિલ્લાના બાગ મસ્કાના રાષ્ટ્રપતિ એવાર્ડ વિજેતા પ્રા.શિક્ષક દિપક મોતાનું સન્માન આરોગ્ય મંત્રી પટેલના હસ્તે સન્માન કરાયું હતું. આ પ્રસંગે એવોર્ડી શિક્ષકોને ગુજરાત રાજ્યની એસટી બસોમાં મફત અમર્યાદિત કિલોમીટરની મુસાફરી માટેના સ્માર્ટ કાર્ડનું આરોગ્ય મંત્રીના હસ્તે વિતરણ કરાયુ હતું.

આ અધિવેશનમાં મહેસાણાના સાંસદ હરિભાઈ પટેલ, વિજાપુરના ધારાસભ્ય સીજે ચાવડા, ઊંઝાના ધારાસભ્ય કિરીટ પટેલ, જિલ્લા શિક્ષણ અધિકારી બીપીન પટેલ સહિતના અનેક પદાધિકારીઓ અને રાજ્યભરના એવાર્ડ પ્રાપ્ત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા એવોર્ડ ફેડરેશન પ્રમુખ શૈલેષ પટેલ, મહામંત્રી સંજય પટેલ, માનસિંગ ચૌધરી અને સલાહકાર અધ્યક્ષ રામસિંહ સોલંકી એ જણાવ્યું હતું

# ઈન્નર વ્હીલ કલબ ઓફ માંડવીને વાર્ષિક એસેમ્બલીમાં ૧૩ એવોર્ડ મળ્યા



**માંડવી :** શહેરની સેવાભાવી સંસ્થા ઈન્નરવ્હીલ કલબ ઓફ માંડવીએ રાજસ્થાનના કોટા શહેરમાં તા.૩ અને ૪ જુલાઈના યોજાયેલી ડિસ્ટ્રીકટ એસેમ્બલી "મંથન"માં ૧૩ સભ્યો સાથે જોડાઈ હતી, જેમાં ૪૪ અલગ અલગ શહેરની કલબના ૪૨૦ પદાધિકારીઓ તથા સભ્યો જોડાયા હતા. આ એસેમ્બલીમાં વર્ષ ૨૦૨૩/૨૪ દરમિયાન કરવામાં આવેલા વિવિધ સેવા કાર્યો માટે ડીસ્ટ્રીક ૩૦૫ તરફથી ૧૩ જેટલા એવોર્ડ માંડવીની સંસ્થાને મળતા સંસ્થાના સભ્યોએ ગૌરવ અને ખુશીની લાગણી અનુભવી હતી. આ અંગે માહિતી આપતાં, વર્ષ ૨૦૨૩/૨૪ના પ્રમુખ લીના વાસાણીએ જણાવ્યું હતું કે,આઉટ સ્ટેન્ડીંગ કલબ, ટેક એમ્પાવર ગોલમાં આઉટ સ્ટેન્ડીંગ વર્ક, મહિલા સશક્તિકરણ માટે કરવામાં આવેલ અનુકરણીય કાર્ય, વરિષ્ઠ નાગરિકોને ઉતકૃષ્ટ સેવા, શિક્ષણ ક્ષેત્રે અસાધારણ યોગદાન, લિંગ સમાનતાના ક્ષેત્રમાં નોંધપાત્ર પહેલ, ઈન્નર વ્હીલ બ્રાન્ડિંગ માં ઉતકૃષ્ટ યોગદાન, યુવાનોને ઈન્નરવ્હીલમાં જોડવા માટે ઉત્તમ યોગદાન, પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાંક નોંધપાત્ર કામગીરી, કન્યાઓના ઉત્થાન માટે ઉતકૃષ્ટ સેવા, અધિકારો અને જવાબદારીઓના ધ્યેયમાં ઉતકૃષ્ટ કાર્ય, આરોગ્ય અને સ્વચ્છતાના ક્ષેત્રમાં નોંધપાત્ર પહેલ અને તબીબી સેવા ક્ષેત્રે અનુકરણીય પ્રોજેકટસ હાથ ધરવા વિગેરે પુરસ્કાર ડિસ્ટ્રીકટ ચેરમેન નીશા ખાંડપુર તથા ડીસ્ટ્રીકટ સેક્રેટરી બિંદુ ગુપ્તાના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. પ્રમુખ લીના વાસાણીએ વધુમાં જણાવ્યું હતું કે આ તમામ એવોર્ડ માટે સર્વે સભ્યો તથા મંત્રી નીલમબેન ચાવડાના સહકારથી જ આ શકય બન્યું છે. આ એસેમ્બલીમાં પ્રમુખ લીના વાસાણી, મંત્રી નીલમ ચાવડા આગામી વર્ષ ૨૦૨૪/૨૫ના પ્રમુખ હેમાંગી અબોટી, મંત્રી જૈમિની કોટક, આઈ.એસ.ઓ. ડો. કિંજલબેન શાહ, સુજાતાબેન ભાયાણી, પ્રજ્ઞાબેન પોપટ, જયોતિબેન ગાલા, મીનુબેન ભીડે જીજ્ઞાબેન હોદારવાલા, હંસાબેન સોની, નીલમબેન મહેતા અને અનિષાબેન બુધ્ધભટ્ટી કોટા રાજસ્થાન ખાતે આયોજીત કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# વેલસ્પન ફાઉન્ડેશન શૈક્ષણિક સંસ્થાઓને મદદ માટે હમેંશા તૈયાર

અંજાર, તા.૨૬

વેલસ્પન ફાઉન્ડેશન વિકાસને ધ્યાનમાં રાખીને દરેક સમાજને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ પ્રોજેક્ટ્સ અને પહેલો કરે છે. તેમની વેલ-શિક્ષા પ્રોગ્રામ માંથી વલસાડ અને અંજારમાં પર્યાવરણીય સાચવણી અને સરકારી શાળાઓમાં પ્રેરણાદાયી પ્રગતિ થાય છે. શિક્ષાના વાતાવરણ અને બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ૨ શાળાઓમાં ૯૦ બેંચની વ્યવસ્થા કરી છે.

આ સેવા દ્વારા વિકાસપ્રેમી બાળકોને ઉચ્ચ કક્ષાનું કમ્ફર્ટ પ્રાપ્ત થાય છે. ફાઉન્ડેશન દ્વારા યોજાયેલી ૧૦ શાળાઓમાં બાળ-ચિત્રો જેવી કાર્યશાળાઓ બાળકોની કલાત્મકતા અને સર્જનાત્મકતાને ઉભા કરી શકે છે. ૧૦૦ શાળાઓમાં ૫૦૦ જેટલી કચરાપેટીનું સહાય કર્યું છે, જેથી બાળકોમાં નાની ઉમરથી કચરાને વ્યવસ્થાપન કરવાનું સમજ ઉભી થઈ છે અને શાળામાં સાફાઈ જળવાઈ રહે છે. વેલસ્પન ફાઉન્ડેશનના પ્રયાસો સ્થાનિક સમુદાયોમાં સર્વગ્રાહી વૃદ્ધિ અને સશક્તિકરણને પ્રોત્સાહન આપવાના તેના સમર્પણને દર્શાવે છે. વ્યૂહાત્મક ભાગીદારી અને સામુદાયિક જોડાણ દ્વારા, વેલસ્પન ફાઉન્ડેશન શૈક્ષણિક અને પર્યાવરણીય ક્ષેત્રમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું સતત ચાલુ રાખે છે.



**વોલ પેઈન્ટીંગ, આરઓ વોટર સિસ્ટમ્સ, ડસ્ટબીન ડોનેશન અને કિચન ગાર્ડન સાથે શૈક્ષણિક સંસ્થાઓને વલસાડ અને અંજારમાં મદદરૂપ બની રહી છે**

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# પશ્ચિમ કચ્છમાં દોઢ મહિનાથી એસપી જગ્યા ખાલી !

ભુજ તા.૨૬

સરહદી કચ્છ જીલ્લાની ચિંતાની વાત હમેંશા રાજ્ય સરકાર કરતી હોય છે. પરંતુ મહત્વની કહી શકાય તેવી પશ્ચિમ કચ્છ પોલીસવડાની દોઢ મહિના કરતા વધુ સમયથી જગ્યા ખાલી છે ત્યા નિમણુંક થઇ શકી નથી કચ્છની નબળી નેતાગીરી રજુઆતની વાત તો કરે છે પરંતુ તેમની રજુઆત અસરકારક રહી નથી તેવુ ચિત્ર ઉપસી રહ્યુ છે.

કચ્છમાં સરકાર દ્વારા અપાતી કરોડો રૂપીયાના ગ્રાન્ટ અને વિકાસની વાતો વચ્ચે હમેંશા કચ્છના રાજકીય નેતાઓ યસ ખાટવામાં આગળ પડતા હોય છે અને તેમની રજુઆત અસરકારક સાબિત થઇ તેવી તેમની યાદી પરથી લાગતુ હોય છે પરંતુ વાસ્તવીકતા એ પણ છે કે મહત્વના પ્રશ્નો બાબતે ક્યાક કચ્છના નેતાઓની રજુઆતનો યોગ્ય પ્રત્યુતર સરકારમાંથી મળતો નથી અથવા રજુઆત પછી પણ તેમાં વિલંબ થાય છે. અને એટલેજ વિપક્ષ કોગ્રેસ આક્ષેપ કરતુ હોય છે. અને સામાન્ય નાગરીકોના મુખે ચર્ચા હોય છે. કે કચ્છની નેતાગીરી ધણા કિસ્સામા ગાંધીનગરમાં રજુઆત કરવામાં નબળી પડે છે. તાજેતરમાંજ એક કિસ્સા પરથી એવુજ ચિત્ર ઉપસી રહ્યુ છે કે કચ્છના નેતાઓની વાત ઉપર કક્ષાએ ગંભીરતાથી સંભળાતી નથી. વાત એમ છે કે રાજકોટ અગ્નીકાંડ બાદ પશ્ચિમ કચ્છના પોલીસવડા તરીકે કાર્યરત મહેન્દ્ર બગડીયાની રાજકોટ ખાતે બદલી થઇ અને તે બદલીના હુકમને આજે બે મહિના થવા આવ્યા પરંતુ પશ્ચિમ કચ્છમાં નવા એસ.પીની નિમણુંકનો હુકમ થયો નથી અને મહત્વની કહી શકાય તેવી જગ્યા લાંબા સમયથી ઇન્ચાર્જ એસ.પીના ભરોશે




ચાલી રહી છે. ડ્રગ્સની હેરફેર, મહત્વના ઓદ્યોગીક એકમો, સરહદી જીલ્લો તેવામાં જીલ્લા પોલીસવડાની પોસ્ટ મહત્વની કહેવાય પરંતુ તેના પર કોઇ નિમણુંક હજુ સુધી અપાઇ નથી. અને બે જીલ્લાનુ ભારણ પુર્વ કચ્છ એસ.પીના શીરે છે. તેવામાં નિષ્ણાંતો આ ધટનાને અલગ રીતે જોઇ રહ્યા છે. થોડા સમય પહેલા જ કચ્છના અન્ય કોઇ નેતા નહી પરંતુ પુર્વ મંત્રી વાસણ આહિરે આ અંગે રજુઆત કરી તેનો પત્ર જાહેર કર્યો હતો.

જો કે એવુ નથી કે અન્ય નેતાઓએ રજુઆત કરી નથી આ અંગે જ્યારે પશ્ચિમ કચ્છ પોલીસ વિભાગમાં આવતા વિસ્તારના ધારાસભ્યને પુછાયુ ત્યારે તેઓએ રજુઆત ઉચ્ચ કક્ષાએ કરી હોવાનુ જણાવ્યુ હતુ. અને ટુંક સમયમાં પશ્ચિમ કચ્છને એસપી મળશે તેવો આશાવાદ પણ વ્યક્ત કર્યો હતો.

**કચ્છના ચુંટાયેલા પ્રતિનીધીઓ ધણા પ્રશ્નોના ઉકેલ મેળવવામા સફળ રહ્યા છે તે નકારી શકાય નહી પરંતુ મહત્વના કિસ્સામાં તેમની રજુઆત નિષ્ફળ ગઇ હોય તેવા કિસ્સાઓ પણ છે. તેમાં એસપીની જગ્યા ભરવાનો મુદ્દો ઉમેરવોજ રહ્યો.. ભલે તેઓએ રજુઆત યોગ્ય જગ્યાએ અને ગંભીરતાથીજ કરી હશે પરંતુ તેનુ પરિણામ હજુ મળ્યુ નથી તે પણ એટલી વાસ્તવિકતા છે. જો કે વિવાદોથી પર રહી વાત કરીએ તો સરહદી જીલ્લામાં એસપીની ખાલી જગ્યા ઉડીને આંખે વળગે તેવી વાત છે...જે અંગે સરકારે ગંભીરતાથી વિચારવાની જરૂર છે. અને કચ્છના નેતાઓએ અસરકારક અને પરિણામલક્ષી રજુઆત કરવાની...**

## શુ ક્રેટીડનો મુદ્દો નિમણુંકમા નડી ગયો ?

જો સુત્રોનુ માનીએ તો સરકાર આ મુદ્દે ગંભીર જ હતી અને મહેન્દ્ર બગડીયાની બદલીના થોડા દિવસોમાંજ સીગલ ઓર્ડરમાં એસપી ની નિમણુંક થઇ જાય તેવી પુરી તૈયારી હતી પરંતુ તે વચ્ચે જ પુર્વ મંત્રી વાસણ આહિરની માંગણીનો પત્ર વાયરલ થઇ જતા કોકડુ ગુંચવાયુ હતુ. જો વાસણ આહિરના પત્ર પછી સરકાર તાત્કાલીક નિમણુંક કરે તો ક્રેડીટ પુર્વ મંત્રીને મળે તે સ્વાભાવીક છે.અને એટલે તેમાં વિલંબ થયો ત્યાર બાદ હાલ પશ્ચિમ કચ્છમાં કોને નિમણુંક આપવી તેને લઇને પણ લોબીંગ ચાલી રહ્યુ છે.જેથી આ મુદ્દો ગંભીરતાથી લેવાતો નથી બાકી કચ્છના તમામ ચુંટાયેલા પ્રતિનીધી એક સુરે રજુઆત કરે તો તેની અસર થવી જોઇએ કેમકે તેમની રજુઆત સાચી પણ છે. અને કચ્છના હિતમાં પણ.. એટલે ક્યાક રાજકીય દાવેપેચ આ જગ્યા ન ભરાવા પાછળ હોય તેવુ જાણકારોનુ અનુમાન છે. જો કે બે મહિના સુધી એસપી જેવા મહત્વના પદની જગ્યા ખાલી રહે તે બાબત ગંભીર તો ચોક્કસ છે. તો સત્તાપક્ષ સાથે વિપક્ષ પણ કચ્છનુ નબળુ પુરાવાર થયુ છે. અને ગંભીર પ્રશ્નને માત્ર રજુઆત અને પ્રેસનોટ આપી સંતોષ માન્યો છે.

## જાણીએ કચ્છના ક્યા નેતાએ શુ કહ્યુ....

પશ્ચિમ કચ્છમાં લાંબા સમયથી એસપી ની જગ્યા ખાલી છે તે અંગે ધારાસભ્ય અનીરૂધ્ધ દવેનો સંપર્ક કરાતા તેઓએ કહ્યુ હતુ કે કચ્છના તમામ નેતાઓ સાથે તેમણે પણ આ અંગે ગાંધીનગર રજુઆત કરી છે. હાલ ઇન્ચાર્જ એસપી છે તેથી કામ પર કોઇ અસર થતી નથી તો ધારાસભ્ય પદ્યુમનસિંહ જાડેજાએ પણ એજ સુર પુરાવ્યો હતો અને તેઓએ તાત્કાલીક આ જગ્યા ભરવા માટે રજુઆત કરી હોવાનુ કહ્યુ હતુ. જો કે આટલા મહત્વના જીલ્લામાં એસપીની ખાલી જગ્યા કેટલી ગંભીર બાબત છે તેના પર તેઓએ વધુ પ્રકાશ પાડવાનુ ટાળ્યુ હતુ.તો ભુજ વિસ્તારના ધારાસભ્ય કેશુભાઇ પટેલે બે વાર લેખીત રજુઆત કરી હોવાનુ જણાવ્યુ હતુ સાથે ગાંધીનગર રૂબરૂ પણ આ અંગે રજુઆત કરી હોવાનુ તેઓએ ઉમેર્યુ હતુ જગ્યા શા માટે નથી ભરાઇ તે અંગે પ્રકાશ પાડતા તેઓએ રાજ્યભરની થનારી બદલીમા કચ્છનુ નામ પણ હશે તેમ જણાવ્યુ હતુ અને તેનો નિર્ણય ટુંક સમયમાં આવશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો આ અંગે કચ્છના સાંસદ અને પ્રદેશ ભાજપના મહામંત્રીનો સંપર્ક કરાયો હતો પરંતુ તેમનો ફોન સ્વીચઓફ હતો.

# ટપ્પર સીમાડામાં ભાડા પેટે મંજુર થયેલ જમીનને બદલે અન્યત્ર પ્રોજેક્ટ સાકાર થઇ રહ્યો છે ?

**મંજુર પડતર જમીન કરતાં પાંચ કીલોમીટર દૂર ફળદ્રુપ જમીન પર ગેરકાયદેસર પ્રોજેક્ટ કરાતો હોવાનો અને ૨૫ હેક્ટર મંજૂર જમીનને બદલે ૧૨૭ એકર જમીન દબાણના દાવા સાથે ડી.આઈ.એલ.આરની ભુંડી ભૂમિકા સામે કરાયો અંગુલીનિર્દેશ**

ભુજ તા.૨૬

અંજાર તાલુકાના ટપ્પર ટાવર્સ સર્વે નં.૭૨૬ વાળી લતાડા ડુંગરની તળેટીમાં આવેલી જમીન જે ગામની ગાયો તેમજ જંગલમાં રહેતા પશુધનોના ચરીયાણ માટે આવેલી છે, તે જગ્યા એ ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી. પાનધ્રો દ્વારા ગેરધોરણે કામગીરી કરી સોલાર એનર્જી પાર્કનો પ્રોજેકટ શરૂ કરવા પ્રયત્ન થઈ રહ્યો છે, જે મંજુર થયેલ જમીન ને બદલે અન્યત્ર આ પ્રોજેકટ શરૂ કરવામાં આવતો હોઈ તેની સામે વિરોધ દર્શાવી તાત્કાલીક આ જમીન પર થઈ રહેલ કામકાજ રોકવા

આદેશ આપવા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી માંગ કરાઈ છે.

ગૌ સેવા સમિતિ - ટપ્પર અને ગામ લોકોએ સંયુક્ત રીતે કરાયેલી આ રજુઆતમાં કલેક્ટરને સંબોધી જણાવાયું હતું કે,

મોજે ટપ્પર, સર્વે નં. ૭૨૬ પૈકી સરકારી પડતર જમીન હેકટર ૨૫ જે ગેટકોના હયાત સબ સ્ટેશનની નજીક આવેલ છે, જેમાં ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી. પાન્ધ્રો ને આપના હુકમથી રૂા.૧ ના ટોકનદરથી ૩૦ વર્ષના ભાડા પેટે આપવામાં આવેલ છે, આ જમીન ટપ્પર ગેટકોના હયાત સબસ્ટેશનની નજીક મંજુર કરવામાં આવેલ છે પરંતુ આ કંપનીને જ્યાં જમીન મંજુર થયેલ છે તે જમીન પર પ્રોજેકટ કરવાના બદલે પાંચ કીલોમીટર દુર,જ્યાં લતાડો ડુંગર આવેલ છે અને આ ડુંગરની તળેટીની જમીન જે ખુબ ઝાડી વાળી અને ફળદ્રુપ જમીન છે જેમાં ગામની ગાયો તેમજ સીમાડાના પશુધનો જેવા કે હરણ, નીલગાય, વિગેરે વન્યપ્રાણીઓ ચારીયાણ કરે છે અને વસવાટ કરે છે તેમજ રાષ્ટ્રીયપક્ષી મોરની સંખ્યા પણ અહીં ધણી છે, આ લતાડાની ડુગરની તળેટી વાળી જમીનમાં આ આ કંપની દ્વારા ગેરધોરણે કબજો કરી, નીલા હરીયાળા વૃક્ષોનું છેદન કરી આ જગ્યામાં પાબુદાદાનુ નાનું મંદિર તેમજ રૂપાસરી તલાવડી આવેલ છે, આ તલાવડી પુરીને આ કંપની દ્વારા દબાણ કરવામાં આવ્યું છે. મંજુર થયેલ જમીનને બદલે અન્યત્ર આ કંપની કામગીરી કરી રહેલ છે આ કંપનીને ૨૫ હેક્ટર જમીન મંજુર થયેલ છે જેના બદલે આ કંપની તરફથી ૧૨૭ એકર જમીનમાં દબાણ કરવામાં આવ્યું છે, અને હાલ આ જમીનમાં દિવાલ પણ ઉભી કરવામાં આવી રહી છે.

આપના હુકમની શરત નં. ૩૩



**ગૌ સેવા સમિતિ અને ગામ લોકોએ ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. પાન્ધ્રો સામે કર્યા ગંભીર આક્ષેપો**

કે જેમાં સ્પષ્ટ પણે શરત મુકવવામાં આવેલ છે કે "મંજુર કરવામાં આવેલ જમીન સિવાય અન્ય કોઈ જમીન પર ગેરકાયદેસર રીતે દબાણ કરવાનુ રહેશે નહી." આમ કંપની તરફથી શરત ભંગ કરવામાં આવેલ હોઈ તાત્કાલીક અસરથી આ કંપની નો પટ્ટો શરતભંગ બદલ રદ કરી કંપનીને દંડ કરવા અને ગેરધોરણે લીલા વૃક્ષોનો છેદન કરી નિકંદન કાઢેલ છે તે માટે ફોરેસ્ટ એકટ મુજબ દંડાત્મક કાર્યવાહી કરવા તેમજ વન્યપશુઓને સ્થાળંતર કરવા મજબુર કરેલ હોવાથી વાઈલ્ડ એકટ તળે કાર્યવાહી કરવા અમારી માંગણી છે.

ઉપરાંત ડી.આઈ.એલ.આર દ્વારા મંજુર થયેલ જમીન સિવાય અન્યત્ર જમીનની માપણી કરી દિધેલ છે જે ડી.આઈ.એલ.આરનું કૃત્ય ગેરકાયદેસરનુ અને આપના હુકમથી વિરૂધ્ધનુ હોઈ ડી.આઈ. એલ.આરના જવાબદાર કર્મચારી વિરૂધ્ધ પણ કાર્યવાહી કરવાની આ પત્રમાં માંગ કરાઈ છે.

આ પત્રમાં ગૌ સેવા સમીતી તથા ગ્રામ્યજનો વતી પંચાણ હંધુભાઈ રબારી. સંદિપ હિરાભાઈ ચૈયા, વેલજી કાથણ હુંબલ, હિરા દેવાભાઈ રબારી સહિત ૧૧ લોકોના હસ્તાક્ષર સાથે આ રજુઆત કરાઈ છે.

# ગુજરાત સરકારે જીવન રક્ષક દવાઓના લીસ્ટમાં વધારો કર્યો

**સરકારના એસેન્સિયલ ડ્રગ લીસ્ટમાં ૭૧૭ દવાઓ હતી, જે હવે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૧૩૮૨ કરાઇ છે. નવી ઉમેરાયેલી દવાઓમાં કેન્સર, એન્ટી કેન્સર, એન્ટી ઈન્ફેક્શન, હૃદય રોગ, ડાયાબીટીશ, બી.પી. તેમજ કીડનીના રોગ સાથે સંકળાયેલ દવાનો સમાવેશ**

રાજ્ય સરકારે જીવન રક્ષક આરોગ્ય દવાઓના એસેન્સિયલ ડ્રગ લીસ્ટ ૨૦૨૪-૨૫માં નવી ૬૬૫ દવાનો ઉમેરો કર્યો છે.આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે,અગાઉ રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લીસ્ટ માં ૭૧૭ દવાઓ હતી, જે હવે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૧૩૮૨ થઇ છે. રાજ્યના પ્રત્યેક દર્દીને શ્રેષ્ઠતમ સારવાર અને ગુણવત્તાયુક્ત દવાઓ ઉપલબ્ધ કરાવવી, એ જ અમારી સરકારની પ્રાથમિકતા છે. આ દવાઓ રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારના સબ સેન્ટરથી લઈને સિવિલ હોસ્પિટલ સુધીના તમામ આરોગ્ય કેન્દ્રો ખાતે નિઃશુલ્ક ઉપલબ્ધ થશે.રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે દવાઓની ખરીદી માટે એસેન્સિયલ ડ્રગ લીસ્ટને રીવાઈઝ કરવામાં આવે છે.આ વર્ષે નવી ઉમેરાયેલી દવાઓમાં કેન્સર, એન્ટી કેન્સર, એન્ટી ઈન્ફેક્શન, હૃદય રોગ, ડાયાબીટીશ, બી.પી. તેમજ કીડનીના રોગ સાથે સંકળાયેલી જીવન રક્ષક દવાઓ ઉમેરાઇ છે.રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લીસ્ટમાં પ્રાથમિક ઉપચારની ૩૦૮ દવાઓ, સેકન્ડરી ઉપચારની ૪૯૫ દવાઓ અને ટર્સરી ઉપચારની ૧૩૪૯ દવાઓ ઉપરાંત સ્પેશિયલ ઉપચાર માટેની ૩૩ દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.આ ડ્રગ લીસ્ટમાં ૫૪૩ ટેબ્લેટ, ૩૩૧ ઈન્જેક્શન, ૩૦૦ સર્જીકલ અને ૨૦૮ અન્ય દવાઓનો સમાવેશ થાય છે.વર્ષ ૨૦૨૨-૨૩ના ડ્રગ લીસ્ટમાં કાર્ડીઓ વેસ્ક્યુલરની ૨૪ દવાઓ હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૧૧૭ થઇ છે. તેવી જ રીતે એન્ટી ઈન્ફેક્ટીવની દવાઓ ૧૨૦થી વધીને ૧૯૯, એન્ટી કેન્સરની ૧૩થી વધીને ૪૭, ન્યૂરોલોજીકલ અને સાઈકેટ્રીકની ૫૨થી વધીને ૧૨૩, આમ કુલ ૧૨ જેટલા રોગોની જીવન રક્ષક દવાઓમાં વધારો કરાયો છે.

## હરીપર નજીક ફાયરીંગ પ્રેક્ટીસ

ભુજ તાલુકાના હરીપર નજીક આવેલી ફિલ્ડ ફાયરિંગ રેન્જ નં.૦૧ & ૦૨ ઉપર તા.૦૧ થી ૩૧ ઓગષ્ટ ૨૪ના રોજ ૬૮/૪૬ Vaએ Raksha Regtના તાબા હેઠળની આર્મ્સ ફાયરિંગ પ્રેક્ટીસ યોજવામાં આવનારી છે.તો તા.૨૭/૦૭/૨૪ના રોજ HQRS 18 BN BSFના તાબા હેઠળની આર્મ્સ ફાયરિંગ પ્રેક્ટીસ યોજવામાં આવશે જેથી ફાયરિંગ રેન્જમાં કોઈપણ વ્યક્તિઓએ પ્રવેશવું નહીં અથવા ઢોરોને પ્રવેશવા દેવા નહીં. તેમ છતાં કોઈપણ વ્યક્તિ ઉપરોક્ત ફાયરિંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ તે વ્યક્તિને કે ઢોરોને કોઇ નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેવું સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# અબડાસા તાલુકામાં પાસ પરમીટ વિના બ્લેક ટ્રેપ ભરી જતા ડમ્પરને ડીટેઈન કરાયું

ભુજ તા.૨૬

અબડાસા તાલુકાના કોઠારા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રોયલ્ટી કે પાસ પરમીટ વગર બ્લેક ટ્રેપ ખનીજ ભરેલ આઈવા ડમ્પરને ડીટેઈન કરી, પશ્ચિમ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કાર્યવાહી કરાઈ હતી.

જીલ્લામાં ગેરકાદેસર થતી ખનીજ ચોરી અટકાવવા માટે મળેલી સુચના અનુસંધાને લોકલ ક્રાઈમ બ્રાન્ચ પશ્ચિમ ભુજના પોલીસ ઈન્સ્પેકટર એસ.એન.ચુડાસમા,સબ ઈન્સ્પે. ટી.બી.રબારીના માર્ગદર્શન હેઠળ એ.એસ. આઈ. બલભદ્રસિંહ રાણા, હેડ કોન્સ્ટે. ધનજી આયર, તથા નરેન્દ્રસિંહ સોઢા કોઠારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, રાયધણજર ગામથી રેલડીયા મંજલ ગામ તરફ થી એક આઈવા ડમ્પર રોયલ્ટી પાસ-પરમીટ વગર ખનીજ ભરી આવે છે, જેથી બાતમી આધારે વોચમાં હતા, દરમ્યાન




હકીકત મુજબનું વાહન આઈવા ડમ્પર રજી. નં. જી.જે-૧૭ ટી.ટી.૫૯૩૧ આવતા, તેને ઉભું રખાવી ચેક કરતા તેમાં બ્લેક ટ્રેપ ખનીજ ભરેલ હતું, ડમ્પર ચાલક ફકીરમામદ હુશેન જત (રહે.કુણાઠીયા તા.અબડાસા) પાસે રોયલ્ટી પાસ-પરમીટ માગતા રોયલ્ટી પાસ-પરમીટ ન હોતાં, ખાણ ખનીજ ધારા કલમ-૩૪ મુજબ વાહન ડીટેઇન કરી ખાણ ખનીજ વિભાગ તરફ રીપોર્ટ કરી આઈવા ડમ્પર કોઠારા પોલીસ સ્ટેશન ખાતે આગળની કાર્યવાહી માટે સોંપવામાં આવ્યું હતું.

# ભચાઉની સોસાયટીમાં પત્તા ટીંચતા ચાર ખેલી ઝડપાયા

ગાંધીધામ તા.૨૬



પ્રોહીબિશન તથા જુગારની બદી નાબુદ કરવા આપેલ સુચના અને માર્ગદર્શન હેઠળ ભચાઉ પોલીસ ઈન્સ.એસ.ડી.સિસોદીયાની સુચનાથી સર્વેલન્સ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી બાતમી આધારે જલારામ સોસાયટીની બહાર ખુલ્લી જગ્યામાં લાઈટના અજવાળે ગંજીપાનાથી તીન પતીનો જુગાર રમતા આરોપીઓ રમેશ રામજી પ્રજાપતી (રહે.ભવાનીપુર), રમેશ પુનઃશી પ્રજાપતી (રહે. રબારીવાસ,ભચાઉ), ધનશ્યામ રાયશી પ્રજાપતી (રહે.જલારામ સોસાયટી ભચાઉ), અને રમણીકલાલ દયારામ સોની (રહે. રામવાડી વિસ્તાર ભચાઉ) ને પકડી પાડી કાર્યવાહી કરવામાં આવી હતી, આરોપીઓ પાસેથી રોકડા રૂપિયા૧૭,૪૦૦, મોબાઈલ નંગ ૦૪ રૂ.૩૮,૦૦૦ કબ્જે કરાયા હતા. આ કામગીરી ઈન્સ. એસ.ડી.સિસોદીયા, સબ ઈન્સ.ડી.જે.ઝાલા તથા સર્વેલન્સ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# ગટર સમસ્યા જેના કેન્દ્રમાં છે તેવો ભુજનો ચર્ચાસ્પદ કિસ્સો પોલીસ દફતરે ચડ્યો

**ભુજમાં ગટર સમસ્યાથી ત્રસ્ત લોકોનો આક્રોશ એ કોઈ નવી વાત નથી પરંતુ આ સમસ્યાના મધ્યમાં ભુજમાં થયેલી મારામારીનો કિસ્સો હાલ ભારે ચર્ચામાં છે. નગરપાલિકાના કાઉન્સીલરના પુત્રને સાંકળતા આ કિસ્સામાં ઓડીયો વાયરલ બાદ મારામારી સહિતનો મામલો અંતે પોલીસ ચોપડે ચડ્યો છે. અને બન્નેએ સામે-સામી ફરીયાદ નોંધાવી છે**

ભુજ તા.૨૬

ભુજમાં ચોમાસાની શરૂઆત સાથે જ ગટર સમસ્યાથી લોકો ત્રસ્ત બન્યા છે. તેવામાં બે દિવસથી સોસીયલ મિડીયામાં ભુજના જાગૃત નાગરીક અને વોર્ડ નંબર-૮ માંથી અગાઉ અપક્ષ ચુંટણી લડેલ દિગ્વિજયસિંહ જાડેજાનો એક ઓડીયો ભારે ચર્ચામાં છે.તેના વિસ્તારમાં ઉભરાતી ગટર મામલે તેણે રજુઆત સાથે આ વિસ્તારના કાઉન્સીલર મનુભા જાડેજા તથા ધનશ્યામ ઠક્કરને સંબોધી એક ઓડીયો વાયરલ કર્યો હતો અને સમસ્યા ઉકેલ માટે ઉગ્ર અને આક્રમક રીતે રજુઆત કરી સ્થિતી વર્ણવી હતી જો કે આ મામલો મારમારી અને ત્યાર બાદ હવે પોલીસ મથકે ચડ્યો છે. આજે સવારે વાયરલ થયેલા વિડીયોએ ભારે ચરચાર સર્જી હતી જેમાં દિગ્વિજયસિંહ જાડેજાએ કાઉન્સીલર




મનુભા જાડેજાના પુત્ર દ્વારા તેમના પર હુમલો કરાયો હોવાના આક્ષેપ સાથે હોસ્પિટલ પહોંચી ગયા હતા જે બાદ શહેર ભરમા મામલાએ ભારે ચર્ચા જગાવી હતી ત્યારે ગઇકાલે બનેલી ધટના મામલે અંતે પોલીસ ફરીયાદ નોંધાઇ છે. ફરીયાદ દિગ્વિજયસિંહ જાડેજાએ ફરીયાદમાં મનુભા જાડેજાના બે પુત્રો તથા ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરીયાદ નોંધાવી છે. જેમાં ગટર સમસ્યા અંગે ઓડીયો વાયરલ કર્યાનુ મનદુખ રાખી આ હુમલો કરાયો હોવાનુ જણાવ્યુ છે. જેના પર આક્ષેપ થયા છે તે પૈકીના સત્યારાજસિંહ મનુભા જાડેજાએ સામે વળતી ફરીયાદ કરી વાયરલ ઓડીયો અંગે સમજાવવા જતા દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા માર મરાયો હોવાની ફરીયાદ કરી છે. આમ બન્ને પક્ષે એ ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે જે મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સવારે વાયરલ થયેલા એક વિડીયોમાં કાઉન્સીલર પુત્ર સહિતના લોકો ફરીયાદીની ઓફીસ નજીકથી જતા દેખાઇ રહ્યા છે. કાઉન્સીલર પુત્ર હાલ ભુજ એપીએમસીમાં ડાયેરેક્ટર તરીકે પણ કાર્યરત છે. અગાઉ પણ ભુજ વિસ્તારના કામોને લઇને અને ખાસ કરીને નગરપાલિકા દ્વારા થતા કામોને લઇને વાંધો ઉઠાવી દિગ્વિજયસિંહ જાડેજા એ કામો પણ અટકાવ્યા હોવાના બનાવો બન્યા છે. તેવામા ગટર સમસ્યા જે મામલે કેન્દ્રમાં છે તે મામલે બન્ને પક્ષે પોલીસ ફરીયાદ કરી છે. જો કે ભરચક વિસ્તારમાં બનેલા બનાવને લઇને આ વિસ્તારમાં ગઇકાલે આ કિસ્સાએ ભારે ચર્ચા સાથે કાયદો વ્યવસ્થા સામે અનેક સવાલો ઉભા કર્યા હતા જો કે બન્ને ફરીયાદ બાદ ન્યાયીક તપાસ માટે ભુજ એ ડીવીઝન પોલીસે કમર કસી છે.

# ભુજની પોક્સો કોર્ટના ત્રણ કિસ્સામાં ધાક બેસાડતા ચુકાદા

**અલગ અલગ ત્રણ કેસમાં પોક્સો કોર્ટના જજે બે ને ૨૦ વર્ષની અને એકને ૧૦ વર્ષની સખત કેદ અને ત્રણેયને ૫ લાખના દંડની સજા ફટકારી પોક્સો કેસમાં આરોપીઓને દાખલો બેસાડતી સખ્ત સજા**

ભુજ તા.૨૬

ભુજ ની ના. સ્પે. પોક્સો કેટના જજ વી.એ.બુધ્ધ સમક્ષ ચાલી ગયેલ ત્રણ અલગ અલગ પોક્સો કેસમાં આરોપીઓને દાખલો બેસાડતી સખ્ત સજા ફટકારી છે.

ગત તા.૩૦/૧૦/૨૦૨૦ ના નોંધાયેલ ફરિયાદમાં માંડવી તાલુકાના ગઢશીશાના આરોપી દિનેશ રામજી કોલીને સગીર વયની દીકરીને ધાક ધમકી કરી લઈ જઈ બળજબરીથી શરીર સબંધ બાંધવા જેવા ગુનામાં ૨૦ વર્ષની સખત કેદ અને પાંચ લાખના દંડની સજા ફટકારાઇ હતી, આ કેસની વિગત એવી છે કે,આરોપી ફરિયાદીનો કુંટુંબી થતો હોઈ અવાર નવાર તેના ઘરે આવતો રહેતો, ફરિયાદીની ૧૭ વર્ષની દિકરીને તું મને ગમશ એવું કહી સગાઈની વાત કરતો, ભોગ બનનારની સગાઈ થઈ ગયેલ તે તોડી નાખી ભાગીને લગ્ન કરવાનું બે વરસથી કહેતો રહેતો, તા.૨૫/૧૦/૨૦૨૦ ભોગ બનનાર ધરથી બહાર નીકળી ગામમાં જતી હતી ત્યારે આરોપી તેને મળેલો અને મારી સાથે સગાઈ નહીં કરતો તારા પરિવારને જાનથી મારી નાખીશ એવી ધમકી આપી તેણીનો હાથ પકડી પગે ચાલીને ગઢશીશાથી હમલા ગામની સીમમાં લઈ રાતના સીમમાં બળજબરીથી ત્રણ વખત શરીર સબંધ બાંધેલો, એક દિવસ રહી ત્યાંથી પગે ચાલીને પારસ ટેકરી બાજુ અવારૂ ભુંગામાં લઈ ગયો હતો અને ત્યાં પણ બે વખત બળજબરી શરીર સબંધ બાંધી ગુનો કરેલ જે અનુસંધાને ગઢશીશા પોલીસ મથકે આઈ.પી. સી. કલમ ૩૬૩,૩૬૬,૩૭૬ તથા પોક્સો એકટની કલમ-૬ ગુન્હો દાખલ થયેલ અને પુરતા પુરાવા મળી આવતા કોર્ટમાં ચાર્જસીટ દાખલ કરેલ, આ કેસમાં પોસીક્યુશન તરફે ૧૯ દસ્તાવેજી પુરાવા તથા ૧૫ સાક્ષીઓને તપાસવામાં આવેલ, અને આરોપીને પોકસો એક્ટ કલમ ૬ મુજબ તકસીરવાર ઠરાવી સજા ફટકારી હતી.

અન્ય ભુજ તાલુકાના પધ્ધર પોલીસ મથકે નોંધાયેલ ગુનામાં ભુજ તાલુકાના નાગલપરના આરોપી અકરમ શાબાન સુંગારને પોક્સોના કેસમાં ૧૦ વર્ષની સખત કેદ અને રૂ. પાંચ લાખના દંડની સજા થઈ છે, આ કેસની વિગત એવી છે કે ફરિયાદીની ૧૬ વર્ષની દિકરી તા.૧૬/૦૭/૨૦૧૮ માસીની દિકરી સાથે બહાર નીકળેલ ત્યારે બે છોકરા બાઈક લઈને આવેલ, બંન્ને બાઈક પર બેસાડી ભુજ થી અંજાર ગયેલ, ત્યાંથી ચારે જણ લક્ઝરીમાં ભચાઉ ગયેલા અને બસ સ્ટેશન પારે અવારૂ બિલ્ડીંગ હતું ત્યાં રોકાયેલ, આ સમયે ફરિયાદીની દિકરી સાથે આરોપી અકરમે જબરજસ્તીથી બે વખત શરીર સબંધ બાંધ્યો હતો, જે સંબંધે પદ્ધર પોલીસ મથકે આઈ.પી.સી. કલમ ૩૬૩,૩૬૬,૩૭૬ તથા પોક્સો એક્ટ કલમ ૪ વગેરે મુજબ ગુનો નોંધાયો હતો, જેમાં પ્રોસિક્યુશન તરફે ૩૩ દસ્તાવેજી પુરાવાઓ તથા ૧૪ સાક્ષીઓને તપાસવામાં આવેલ અને ગુન્હામાં આરોપીને તકસીરવાર ઠરાવી અલગ અલગ કલમ હેઠળ ૧૦ વર્ષની કેદ અને રૂ.૫ લાખનો દંડ ફટ-કાર્યો હતો.

જ્યારે ત્રીજા કેસમાં નખત્રાણા તાલુકાના દેવીસર ના આરોપી મુકેશ ભીમજી આહિરને પણ આ જ કોર્ટમાં ૨૦ વર્ષની કેદ અને પાંચ લાખના દંડની સજા ફટકારાઈ હતી, આ બનાવની વિગત એવી છે કે ફરિયાદીની ૧૭ વર્ષની દિકરી અને આરોપી વચ્ચે ઓળખાણ થયેલ અને બંન્ને વચ્ચે મોબાઈલથી વાત થતી હતી, તા.૦૨/૦૩/૨૦૨૦ ના ભોગ બનનાર બસથી ભુજ આવેલ અને ભુજ થી એસ.ટી.માં અમદાવાદ ગયેલ ત્યાં ઉતરી આરોપી સાથે ફોન પર વાત કરી અમદાવાદ આવવા કહેલ પણ આરોપીએ ભચાઉ આવવાનું કહેતા તેણી અમદાવાદ થી ભચાઉ આવેલ જ્યાં આરોપી પણ આવી ગયો હતો મોડી સાંજે એસ.ટી. ડેપોથી દૂર આરોપીએ ભોગ બનનાર સાથે સબંધ બાંધેલો, ત્યાંથી અમદાવાદ ગયેલા અને ફરી અમદાવાદથી રાતના ભચાઉ પરત આવ્યા બાદ બીજી વખત એસ.ટી. ડેપોમાં શરીર સબંધ બાંધ્યો હતો જે અનુસંધાને નખત્રાણા પોલીસ સ્ટેશનમાં વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો આ કેસમાં પ્રોસીક્યુશન તરફે ૧૭ દસ્તાવેજી પુરાવા તથા ૧૪ સાક્ષી તપાસવામાં આવ્યા હતા.

ઉપરોક્ત ત્રણેય કેસમાં પ્રોસિક્યુશન તરફે પોક્સો એક્ટ ના ખાસ સરકારી વકીલ એચ. બી.જાડેજાએ હાજર રહી દલીલ કરી હતી.

# શંકાસ્પદ ચાંદીપુરાના રીપોર્ટ આવે તે પહેલા જ બે બાળકોના મોત

**ગુજરાતની સાથે કચ્છમાં પણ ચાંદીપુરા પગ પેસારો કરી રહ્યો હોય તેવુ ચિત્ર સામે આવ્યુ છે શંકાસ્પદ લક્ષણો સાથે સારવાર લઈ રહેલા બે બાળકોના મોત થતા આરોગ્ય વિભાગ હરકતમા જો કે હજુ રીપોર્ટ નથી આવ્યો પરંતુ આરોગ્ય વિભાગે જરૂરી તમામ પગલા લીધા છે**

ભુજ તા.૨૬

રાજ્યની સાથે કચ્છમાં પણ ચાંદીપુરા થી ફફડાટ ફેલાયો છે. કચ્છમાં સત્તાવાર રીતે એક પોઝીટીવ કેસ જ સામે આવ્યો છે. પરંતુ શંકાસ્પદ લક્ષણો ધરાવતા છે જેટલા કેસો સામે આવ્યા છે. જેના સેમ્પલ લઇ પરિક્ષણ માટે મોકલાયા છે જો તે વચ્ચે કચ્છ તથા કચ્છ બહારની હોસ્પિટલમા સારવાર લઇ રહેલા બે બાળકોના રીપોર્ટ આવે તે પહેલાજ શં-કાસ્પદ મૃત્યુ થતા આરોગ્ય વિભાગ હરકતમા આવ્યુ છે. સાથે સામાન્ય નાગરીકમાં ગભરાટ ફેલાયો છે. અંજાર તાલુકાના મેઘપર કુંભારડી વિસ્તારમાં રહેતા એક પરિવારની દિકરીમાં શંકાસ્પદ લક્ષણો દેખાતા પહેલા સ્થાનીક હોસ્પિટલ બાદ અમદાવાદ ખસેડાઇ હતી તો બીજી તરફ માધાપરના ૮ માસના બાળકનુ પણ મોત નીપજ્યુ હોવાનુ આરોગ્ય અધિકારીએ જણાવ્યુ હતુ. ૦થી ૧૪ વર્ષના બાળકોને વધુ થતી આ વાયરસની અસર વચ્ચ સમગ્ર ગુજરાતમાં આ કેસો સતત વધી રહ્યા છે. અત્યાર સુધી કચ્છમાં નખત્રાણાના એક બાળકમાં આ લક્ષણો પોઝીટીવ આવ્યા બાદ તેને સારવાર માટે ખસેડી જરૂરી પગલા આ વિસ્તારમા આરોગ્ય વિભાગ દ્વારા લેવાયા હતા. આરોગ્ય મંત્રીએ રાજ્યની જનતાને આ રોગચાળા અંગે સાવચેત રહેવા અને આરોગ્ય વિભાગના સૂચનોને પાલન કરવાની અપીલ કરી છે. અમે આ રોગચાળાને પૂર્ણતઃ કાબુમાં લેવા માટે પ્રતિબદ્ધ છીએ, આ નિવેદન દ્વારા આરોગ્ય મંત્રીએ જાહેર જનતાને આશ્વાસન આપ્યું છે કે સરકાર તમામ જરૂરી પગલાં લઈ રહી છે.